# નારદ ભક્તિ સૂત્ર

શ્રી સ્વામી શિવાનંદજી સરસ્વતી



શિવાનંદ પરિવાર
વીરનગર

# અનુવાદકનું નિવેદન

આ ભક્તિસૂત્રની પાંચમી આવૃત્તિ આપની સમક્ષ મૂકતાં કોને આનંદ ન થાય?

ભક્તિ તો ભારતનો પ્રાણ છે અને નારદભક્તિ સૂત્ર એક અતિ મહત્ત્વનો આધારભૂત ગ્રંથ છે આ ગ્રંથમાં જરાપણ સાંપ્રદાયિકતા નથી. પરમાત્માને બદલે એમણે 'તે' શબ્દ (સર્વનામ) વાપર્યો છે. અને તેની જગ્યાએ વ્યક્તિ પોતાને પસંદ હોય તે રૂપને રાખી શકે છે. આ સુંદર ભક્તિનિબંધ પર શ્રી સ્વામી શિવાનંદજી જેવા ઉચ્ચતમ ભક્તે વિવરણ કર્યું છે. આ તો દૂધમાં સાકર મળવા બરોબર છે.

બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજી એક પ્રખર વેદાંતી હોવા છતાં તેઓ ભક્તિના - ખાસ તો સંકીર્તન ભક્તિના મહાન હિમાયતી હતા. ચૈતન્ય મહાપ્રભુ પછી સંકીર્તન મહિમાને શ્રી સ્વામી શિવાનંદજી જેટલો વેગ કોઈએ આપ્યો નથી, એટલું જ નહિ એમણે ભક્તિને વિજ્ઞાનના ચશ્માથી જોઈ. એમને 'ભક્તિ સમ્રાટ' કહીએ એમાં જરાપણ અતિશયોક્તિ નહીં ગણાય. આ ગ્રંથ પ્રત્યેક ભક્તિમાર્ગના સાધકને ઘણો જ ઉપયોગી થઈ રહેશે.

એક નિવેદન કરવાનું એ છે કે સ્વામી શિવાનંદજીના લેખન ઉપરાંત ગીતાપ્રેસના શ્રી જયદયાળ ગોએન્કાજીના પુસ્તકનો પણ સહારો લીધો છે.

આ પુસ્તક વસાવવા જેવું એટલા માટે છે કે તે સરળ અને રુઢિચુસ્ત ન હોવાથી યુવાનોને પણ પસંદ પડશે અને કંઈક વિચાર કરતા થઈ જશે.

પ્રત્યેક વાચકને આ પુસ્તકમાંથી પ્રેરણા અને માર્ગદર્શન મળે એવી પ્રાર્થના.

મહાપુરુષના આશિર્વાદ.

**યાજ્ઞવલ્ક્યાનંદ**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુ)

# પ્રસ્તાવના

નારદ ભક્તિ સૂત્ર ભક્તિનો સુંદર નિબંધ છે, અને ભારતમાં એ સારી રીતે લોકપ્રિય છે. તે સરળ અને વ્યાવહારિક ગ્રંથ છે. તેમાં ભક્તિનો જન્મ, વિકાસ અને ફળ દર્શાવ્યા છે. ભક્તિ માર્ગે પ્રયાણ કરવા માટે પ્રત્યેક સાધકને એ ઘણો જ ઉપયોગી છે.

આ સૂત્રો સરળ છે એટલું જ નહિ, પરંતુ તેની ખાસ વિશેષતા એ છે કે તે સીધા હૃદયને સ્પર્શે છે. એમાં સાંપ્રદાયિકતાનો તો અંશ પણ નથી.

ભક્તિ - માર્ગમાં પગથિયાં હોય છે. માનવીનાં દુ:ખ, જીવનની અનિત્યતા - એનું ઉદ્‌ભવ સ્થાન છે અને પરાભક્તિ એનું ધ્યેય છે.

ભક્તિયોગ માનવીની લાગણીને સ્પર્શે છે. આના બે પ્રકાર છે. અપરાભક્તિ અને પરાભક્તિ. પરાભક્તિમાં ભક્ત પોતાનું વ્યક્તિત્વ ભૂલી જાય છે. એ તો તેની સાથે એક બની જાય છે. માનવીના સુખ-દુ:ખનો આધાર એ કઈ વસ્તુ પર તેનું હૃદય ચોંટાડે છે તેના પર છે. સાચી રીતે તો સહુએ પરમાત્મામાં જ હૃદય ચોંટાડી દેવું જોઈએ.

ઈશ્વર પ્રત્યેની ભક્તિ એ કાંઈ તત્ત્વજ્ઞાનનો વિષય નથી. એ તો વાસ્તવિકતા છે. ભક્તિ તો હૃદયમાંના અહંકારને દૂર કરે છે અને તેની જગ્યાએ પરમાત્માને સ્થાપિત કરે છે.

સંતોની સેવા, સંતોનો સમાગમ, ભક્તિ - સાહિત્યનો અભ્યાસ, ઉદારતા, આત્મ-નિયંત્રણ, નમ્રતા, જપ, કીર્તન અને પ્રાર્થના એ ભક્તિ - માર્ગમાં સહાયક છે.

**— સ્વામી શિવાનંદ**

# નારદ ભક્તિસૂત્રની ઉત્પત્તિ

શ્રી વેદવ્યાસજી બદ્રિકાશ્રમ રહેતા હતા. એક દિવસ મહર્ષિ નારદજી ત્યાં જઈ પહોંચ્યા. વ્યાસજીએ એમનો સત્કાર કર્યો અને વિધિસર એમનું પૂજન કર્યું.

કુશળ સમાચાર પૂછતાં નારદજી બોલ્યા : ''મહાભાગ વ્યાસજી ! આપનું શરીર અને મન બન્ને આપનાં સુંદર કાર્યોથી સંતુષ્ટ છે ને ? આપની જિજ્ઞાસા ભલીભાંતિ પૂર્ણ થઈ ગઈ છે. કારણ કે આપે જે અઢાર પુરાણોની રચના કરી છે તે ઘણી સુંદર અને અદ્‌ભુત છે. આમ છતાં હે પ્રભો ! આમ અકૃતાર્થ પુરુષની માફક શોકાતુર કેમ છો ?''

વ્યાસજી — ''પૂજ્ય નારદજી ! આપે જે કાંઈ કહ્યું તે યોગ્ય જ છે. આટલું કાર્ય કરવા છતાં મારું મન સંતુષ્ટ નથી. આનું કારણ શું હશે ? આપનું જ્ઞાન અગમ્ય છે. આપ સાક્ષાત્ બ્રહ્માજીના માનસપુત્ર છો. તેથી હું આપને પૂછું છું. આપ સૂર્યની જેમ ત્રણે લોકમાં ભ્રમણ કરતા રહો છો અને આપના યોગબળથી પ્રાણની માફક આપ સર્વના અંતઃકરણમાં સાક્ષીરૂપે વસો છો. યોગાનુષ્ઠાન અને નિયમો દ્વારા પરબ્રહ્મ તથા અક્ષરબ્રહ્મ બંનેની પૂર્ણ પ્રાપ્તિ કરવા છતાં મારામાં જે કમી હોય તે કૃપા કરી આપ મને બતાવો.''

નારદજી - ''વ્યાસજી, આપે ધર્મ આદિ પુરુષાર્થનું નિરૂપણ કર્યું છે. પરંતુ આપે ભગવાનના નિર્મળ યશનું ગાન કર્યું નથી. મારી એવી માન્યતા છે કે જે શાસ્ત્રમાં યશોગાન નથી તે શાસ્ત્ર અથવા જ્ઞાન અપૂર્ણ છે. વાણી ગમે તેવા રસ, ભાવ, અલંકાર વગેરેથી પરિપૂર્ણ હોય પરંતુ જો તેમાં જગતને પવિત્ર કરનાર ભગવાનનાં યશોગાન ન હોય તો તે વાણી કાગડાની વાણી સમાન અપવિત્ર જ મનાય છે. આના કરતાં વિપરિત, જે વાણીમાં સુંદર રચના ન હોય, તેમાં ક્ષતિયુક્ત શબ્દો પણ હોય, છતાં પણ જો તે વાણીની દરેક પંક્તિમાં ભગવાનના સુયશનાં ગાન હોય તો તે વાણી પાપનાશક બને છે. મારી આપને વિનંતિ છે કે જનકલ્યાણ અર્થે આપ ભગવાનની લીલાઓનું સર્વ સાધારણ હિતની દૃષ્ટિએ વર્ણન કરો. આપનું જ્ઞાન પૂર્ણ છે. જે લોકો પોતાના દુઃખથી રડ્યા કરે છે તે દુઃખની શાંતિનો આ એક જ માર્ગ છે, બીજો કોઈ ઉપાય નથી.''


त्वमव्यभ्रश्रूतेः विश्रुतं विभोः
समाह्यते येन विदां बुभुत्सितम्
आख्याहि दुःखैर्मुहुरर्दितात्मनां
सक्लेशनिवार्णमुशन्ति नान्यथा ॥

—સ્વામી શિવાનંદ

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પુષ્ઠ |
|---|---|---|
| ૧. | પ્રેમરૂપ - ભકિતનું સ્વરૂપ | ૧ |
| ૨. | ભકિતની પરિભાષા | ૩ |
| ૩. | ભકિતનાં ફળ | ૬ |
| ૪. | પ્રેમમાં અનન્યતા | ૧૬ |
| ૫. | ભક્તિની વિભિન્ન પરિભાષા | ૩૪ |
| ૬. | ભક્તિની શ્રેષ્ઠતા | ૪૭ |
| ૭. | જ્ઞાન અને ભક્તિ | ૫૨ |
| ૮. | ભક્તિ વિકસાવવાની રીત | ૫૭ |
| ૯. | સત્સંગનો મહિમા | ૭૦ |
| ૧૦. | કુસંગનો ત્યાગ કરો | ૭૪ |
| ૧૧. | માયા કોણ તરી શકે ? | ૭૮ |
| ૧૨. | પ્રેમભક્તિનું સ્વરૂપ | ૮૪ |
| ૧૩. | ગૌણ ભક્તિ | ૯૦ |
| ૧૪. | ભક્તિની સુલભતા | ૯૨ |
| ૧૫. | ભક્તિ અને લોકવ્યવહાર | ૯૬ |
| ૧૬. | ભક્તોનો મહિમા | ૧૦૧ |
| ૧૭. | ભક્તો વર્ણ અને મતમતાંતરથી પર | ૧૦૭ |
| ૧૮. | ભક્તોને સૂચનો | ૧૧૦ |
| ૧૯. | ભક્તિ - સર્વોત્તમ સાધન | ૧૧૬ |

# નારદ ભક્તિ સૂત્ર



**પૂજ્યપાદ સ્વામી શિવાનંદજી સરસ્વતી**

આદ્ય સંસ્થાપક

દિવ્ય જીવન સંઘ - હૃષીકેશ (ઉ.પ્ર.)

# ॐ

ॐ श्री सद्गुरु परमात्मने नमः
ॐ श्री गणेशाय नमः
ॐ श्री सरस्वत्यै नमः
ॐ परम ऋषिभ्यो नमः
દેવર્ષિ નારદજીને નમસ્કાર હો !

● □ ●

## ૧. પ્રેમરૂપ – ભક્તિનું સ્વરૂપ

**સૂત્ર - ૧.**

### अथातो भक्तिं व्याख्यास्यामः ।

(**અથ** - હવે **અત** :- આટલા માટે **ભક્તિં** - ભક્તિયોગનું **વ્યાખ્યાસ્યામ** : વિવરણ કરીશું.)

**અર્થ** :- હવે એટલા માટે આપણે ભક્તિયોગનું વિવરણ કરીશું.

**વિવરણ** :- સૂત્રો એટલે ગુહ્ય અર્થથી ભરપૂર નાનાં નાનાં વાક્યો. જેવી રીતે ફૂલોને માળાના રૂપમાં ગૂંથી લેવામાં આવે છે તેવી રીતે આ દાર્શનિક વિચારો સૂત્રોના રૂપમાં ગોઠવવામાં આવે છે. પ્રાચીન ઋષિ મુનિઓએ પોતાના વિચારો આવાં સૂત્રોના રૂપમાં પ્રદર્શિત કર્યા છે. આ છે એની મધુરતા અને તે જ છે આત્મસાક્ષાત્કારની નિશાની. સામાન્ય રીતે આ સૂત્રો એવાં મુશ્કેલ હોય છે કે તેના પર વિવરણ વગર સામાન્ય મનુષ્ય એને સમજી શકે નહિ.

સામાન્ય રીતે આવી દરેક કૃતિ 'અથ' શબ્દથી શરૂ કરવામાં આવે છે. કારણ કે આથી આ કાર્ય માટે ઈશ્વરીય આશીર્વાદ પ્રાપ્ત થાય છે. 'અથ' અને 'શ્રી' બન્ને પવિત્ર શબ્દો છે.

**'અથ'** ક્રમાંકના અર્થમાં પણ વપરાય છે. આથી એવો અર્થ થાય કે દેવર્ષિ નારદજીએ જ્ઞાન અને કર્મયોગનું વિવરણ પૂર્ણ કર્યું છે અને હવે ભક્તિયોગનું માર્ગદર્શન શરૂ કરે છે.

**'અથ'** એટલે હવે. હવે એટલે? જ્યારે આ કાર્ય ભક્તિયોગ માટે આવશ્યક તૈયારી અને યોગ્યતા પ્રાપ્ત થઈ હોય ત્યારે જ સાધક આવાં ગૂઢ રહસ્યો સમજવાને શક્તિશાળી બને. આથી એમ માની લેવામાં આવે છે કે સાધકમાં આવશ્યક યોગ્યતા છે.

આવી કઈ યોગ્યતા જોઈએ? સાધકમાં ઉત્કટ આકાંક્ષા, શ્રદ્ધા, ભક્તિ, સહનશીલતા, સરળતા, દ્રઢતા, ઉદારતા, દયા, બ્રહ્મચર્ય, નિષ્કામ સેવા, અનાસક્તિ, ત્યાગ અને એકાગ્રતા વગેરે સદ્‌ગુણો હોવા જોઈએ. આ બધા ગુણો કેળવવા એ તો હજુ ભક્તિમાર્ગે પ્રયાણ કરવાની આવશ્યક તૈયારી જ ગણાય. આ ઉપરાંત, સાધકમાં ઈશ્વર, શાસ્ત્રો, અને ગુરુ પ્રત્યે અટળ શ્રદ્ધા હોવી જોઈએ.

આ ઉપરાંત સાધકમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક અને નૈતિક સામર્થ્ય હોવું જોઈએ. કોઈ શારીરિક રોગ ન હોવો જોઈએ. તેમ જ મન અને બુદ્ધિમાં સમજવાની શક્તિ હોવી જોઈએ. તેના સંજોગો પણ આ કાર્ય માટે અનુકૂળ હોવા જોઈએ. ઉપનિષદ આપણને કહે છે 'न अयमात्म बलहीनेन लभ्यः' શારીરિક અને માનસિક નબળાઈવાળી વ્યક્તિ પૂર્ણતાએ પહોંચી શકે નહિ.

વિશિષ્ટાદ્વૈતવાદના આદ્યસ્થાપક શ્રી રામાનુજ કહે છે કે, ભક્તિમાર્ગે પ્રગતિ કરવા માટે નીચે પ્રમાણે યોગ્યતાઓ હોવી જોઈએ. ૧. વિવેક ૨. વિમુખ (અનાસક્ત) ૩. અભ્યાસ ૪. નિષ્કામ સેવાભાવ ૫. કલ્યાણ (મન, વચન અને કાર્યમાં પવિત્રતા). ૬. અનાવસાદ (પ્રસન્નતા) અને, ૭. અનુદર્શ (અત્યંત હર્ષનો અભાવ).

**'અત:'** એટલે એટલા માટે. શા માટે? આ પ્રશ્નનો જવાબ 'અત:'ના અર્થમાં મળશે. 'અત:' શબ્દનો ઉપયોગ કરી દેવર્ષિ નારદજી બતાવે છે કે આપણે શા માટે આ ભક્તિયોગનું વિવરણ કરવાનો નિર્ણય કર્યો. એ કારણો નીચે પ્રમાણે છે.

૧. ભક્તિ આપણને ઈશ્વરસાક્ષાત્કાર સુધી લઈ જાય છે અને આ સંસારચક્રમાંથી મુક્તિ અપાવે છે.

૨. આ માર્ગ બીજા બધા માર્ગો કરતાં સુગમ છે.

૩. હરેક વ્યક્તિ કોઈ પણ ભેદભાવ વગર આ રસ્તે જઈ શકે છે.

૪. જેમને જ્ઞાનની આકાંક્ષા હોય તેમને પણ ભક્તિમાર્ગ મદદરૂપ થાય છે.

શ્રી શંકરાચાર્ય, મધુસૂદન અને શુકદેવજી જેવા જ્ઞાનીઓએ પણ જ્ઞાનનો

આનંદ ચાખવા માટે આત્મસાક્ષાત્કાર કર્યા પછી પણ ભક્તિમાર્ગ ગ્રહણ કર્યો હતો. નારદજીને ભકિત ખૂબ જ પ્રિય છે અને એ ભક્તિનો આનંદ આપણી સાથે વહેંચવા ઈચ્છે છે.

**'ભક્તિ'** શબ્દ 'ભજ્' ધાતુ પરથી આવે છે. એનો અર્થ છે ઈશ્વર પ્રત્યે આસક્તિ. ભજન, પૂજા, ભક્તિ, અનુરાગ, પ્રેમ, પ્રીતિ, વગેરે સમાન અર્થબોધક શબ્દો છે. ભક્તિમાં પ્રેમની ખાતર પ્રેમ હોય છે. ભક્તને ભગવાન જ જોઈએ છે. એને બીજી કોઈ ચીજ જોઈતી નથી. એનો પ્રેમ તદ્દન નિષ્કામ હોય છે.

**'વ્યાખ્યાસ્યામઃ'** નો અર્થ છે સ્પષ્ટીકરણ અથવા ટીકા. સાચા અર્થમાં આ ટીકા નથી. આ તો ભક્તનો પોતાનો અનુભવ છે. આ કાંઈ તર્કબુદ્ધિ પર રચાયેલું કાલ્પનિક દર્શન નથી. તેમાં બીજાઓના અનુભવોનું વર્ણન પણ નથી. આ તો દેવર્ષિ નારદજીના પોતાના અનુભવનું અને શાસ્ત્રોના અનુકૂળ ટેકાનું વર્ણન છે.

● □ ●

# ૨. ભક્તિની પરિભાષા

**સૂત્ર - ૨.**

## सात्वस्मिन् परमप्रेमरुपा ।

(**સા** - તે (ભકિત) **તુ** - સાથેસાથ **અસ્મિન્** - તેનામાં **પરમપ્રેમરૂપા** - પરમ પ્રેમસ્વરૂપ)

**અર્થ** - તેનામાં (ઈશ્વરમાં) સાથેસાથ પરમ પ્રેમ તે ભકિતનું સ્વરૂપ છે.

**વિવરણ** :- આગળ બતાવ્યા પ્રમાણે ભકિત શબ્દ ભજ્ ધાતુ પરથી આવે છે. તેમાં જરા પણ ભય કે બીક હોતાં નથી. તેથી તો તેને પરમ પ્રેમરૂપ કહેલ છે. પોલીસ ઓફિસરની કાંઈ તેના પુત્રને બીક લાગે ખરી? પત્નીને પતિની બીક હોય છે? આ જ પ્રમાણે ભકતને ઈશ્વરની બીક હોઈ શકે જ નહિ. ભક્ત તો સદા માને છે અને અનુભવે છે કે એના ઈષ્ટદેવ તો પ્રેમ અને દયાના સાગર છે.

ભક્તને ભગવાન જ જોઈએ છે. એને બીજી કોઈ પણ વસ્તુ પ્રત્યે આસકિત હોતી નથી. દુન્યવી ઈચ્છાઓથી એ સદા પર હોય છે. આ જીવનની તો શું બીજી દુનિયાના આનંદની પણ એને ઈચ્છા હોતી નથી. એને તો મુક્તિ પણ નથી જોઈતી. ફક્ત જોઈએ છે એના ઈષ્ટદેવ. આ સર્વોત્કૃષ્ટ પ્રેમના બદલામાં તે પ્રેમની પણ આશા રાખતો નથી. એને કોઈ પારિતોષિકની પણ આશા હોતી નથી.

આવો પરમ પ્રેમ આ રીતે વૃદ્ધિ પામે છે. પહેલાં શ્રદ્ધા હોવી જોઈએ. આમાંથી ભગવાન પ્રતિ આકર્પણ ઉદ્ભવે છે. આમાંથી આદરભાવ અથવા તો પૂજ્યભાવ જન્મે છે. આ પૂજ્યભાવથી ભૌતિક ઈચ્છાઓ ઓછી થાય છે. આના પરિણામરૂપે સંતોપ અને એકાગ્રતા પ્રાપ્ત થાય છે. આ એકાગ્રતાથી ઈશ્વર પ્રત્યે પૂર્ણ પ્રેમ અને આસકિત થાય છે. ઉચ્ચ કક્ષાની ભક્તિમાં ભૌતિક વસ્તુઓ તરફનું આકર્પણ તેના ઈપ્ટદેવ પ્રત્યેના આકર્પણમાં ફેરવાઈ જાય છે. તે ભક્ત અને ભગવાનને એક બનાવી દે છે.

ભક્તિના બે પ્રકાર છે - પરાભક્તિ અને અપરાભક્તિ અથવા ગૌણ ભક્તિ. અપરાભક્તિ તો ભક્તિમાર્ગે પ્રગતિ કરવા ઈચ્છતા સાધકને માટે પ્રારંભિક પગથિયું છે.

ભકત અને ભગવાનનો કેવો સંબંધ હોય છે તે હનુમાન શ્રી રામચંદ્રજીને કહે છે :--

**देहबुध्या तु दासोऽहं जीवबुध्या त्वदंशक।**
**आत्मबुध्या त्वमेवाहमिति मे निश्चिता मतिः॥**

''જ્યારે હું મારી જાતને દેહ સમજું છું ત્યારે હું તમારો દાસ છું. જ્યારે મારી જાતને જીવ સમજું છું ત્યારે હું તમારા અંશરૂપ છું, પરંતુ જ્યારે હું આત્મા છું એમ અનુભવું છું ત્યારે તમે અને હું એક જ છીએ. આ મારી ચોક્કસ માન્યતા છે.''

અજ્ઞાની મનુપ્યના હૃદયરૂપી બગીચામાં વગર ખેડે પણ પ્રેમ ઊગી નીકળે છે; પરંતુ એ બગીચામાં ઘૃણા, ઈર્પા, ક્રોધ, મોહ, વગેરે કાંટાળા છોડ એટલા બધા ઊગે છે કે તેમાં પ્રેમનો નાનકડો છોડ ક્યાંય દૃપ્ટિગોચર થતો નથી. સાચા ભક્તના હૃદયબગીચામાં પ્રેમની ખેતી કરવામાં આવે છે. એ બગીચામાંથી જંગલી છોડને ઉખાડી નાંખીને એ પ્રેમના છોડને ભક્તિ રૂપી પાણી આપવામાં આવે છે. આથી પ્રેમની સુવાસ બગીચામાં ચારે દિશામાં પ્રસરે છે.

**'तु'** શબ્દથી મહર્પિ આપણને બતાવે છે કે પરાભક્તિ અપરાભક્તિથી પર છે.

**'અસ્મિન્'** શબ્દ અહીં ઈશ્વરને બદલે વાપરવામાં આવ્યો છે. એ એટલા માટે કે એમનું આ મંતવ્ય બિનસાંપ્રદાયિક છે અને તેટલા જ માટે તેમણે રામ, કૃપ્ણ, શિવ કે બ્રહ્મ એવા કોઈ શબ્દનો ઉપયોગ કર્યો નથી. જેને જે યોગ્ય અને અનુકૂળ લાગે તે તે શબ્દ 'અસ્મિન્' ની જગ્યાએ મૂકી શકે છે.

**'પરમ પ્રેમરૂપા'** આ ભક્તિને પરમ પ્રેમ સ્વરૂપ એટલા માટે કહેવામાં આવી છે કે તેમાં સ્વાર્થનો અંશ પણ નથી, અને ત્યાં નથી અભિમાન કે બીકની પણ છાયા. ભાવુકતા અથવા ધર્માંધતાને ઉત્તમ ભક્તિ કે પ્રેમ સમજવાની ભૂલ રખે તમે કરી બેસતા. એ તો થોડા જ સમયમાં ઓસરી જશે. અંધશ્રદ્ધા પણ પૂર્ણ પ્રેમ ન કહેવાય.

મનુષ્ય પોતપોતાના વિકાસ પ્રમાણે પૂજન કરે છે. જેમ કે, ૧. વિષ્ણુ શિવ, વગેરે સગુણ દેવ. ૨. આ સગુણ દેવની મૂર્તિઓ ૩. રામ, કૃષ્ણ વગેરે અવતારો. ૪. ગુરુ. ૫. જનતા જનાર્દન. ૬. વિરાટ સ્વરૂપ આ વિશ્વ. ૭. અંતર્યામિ અને ૮. આત્મા.

## સૂત્ર - ૩.

### अमृतस्वरुपा च।

(**અમૃત** - અમૃત **સ્વરૂપા** - સ્વરૂપ)

બીજા સૂત્રના અનુસંધાનમાં આ સૂત્ર નીચે પ્રમાણે વાંચી શકાય.

**सा तु अस्मिन् परम प्रेमरुपा अमृतस्वरुपा च।**

**અર્થ** - ભક્તિનું રૂપ અમૃત સ્વરૂપ છે.

**વિવરણ** -- ભક્તિ એટલે અમૃત. તે જન્મ મરણના ચક્રમાંથી મુક્તિ બક્ષે છે. યમરાજ પણ તેની નજીક આવી શકતો નથી.

ઈશ્વર, અમૃત, શાંતિ, અનંત, ચિત્ત, આનંદ, મુક્તિ, નિર્વાણ વગેરે સમાન અર્થવાળા શબ્દો છે. નિત્ય સુખ અને શાંતિ ઈશ્વરમાં જ મળી શકે. આટલા જ માટે ભક્ત ઈશ્વર સાક્ષાત્કાર જ ઝંખે છે. દુન્યવી આનંદ અખંડ હોતો નથી. જે આજે પાંચ મિનિટ હસે છે તેને કાલે બે કલાક રડવું પડે છે. આ દુનિયામાં કોઈ પણ માણસ પૂર્ણ રીતે સુખી નથી. કરોડાધિપતિને પોતાના દુશ્મનોની બીક હોય છે. એને નિરાંતે ઊંઘ પણ આવતી નથી. ઊંઘ માટે તેને દવા અથવા તો ઈન્જેકશનો લેવા પડે છે. એ તો કેદી કરતાં પણ ખરાબ સ્થિતિમાં રહે છે.

મૈત્રેયી પોતાના પતિ યાજ્ઞવલ્કયને પૂછે છે : ''હે દેવ, ત્રણે લોકની સંપત્તિ મને અમરતા આપશે કે?''

યાજ્ઞવલ્કય : ''ચોક્કસ નહિ.''

યમરાજ નચિકેતાને કહે છે, ધનવાન લોકો મોહ અને મદથી

આંધળા બની પોતાની સ્મૃતિ, બુદ્ધિ અને વિવેક ગુમાવે છે. અને આ રીતે દુનિયાના ચક્કરમાં પડી વારંવાર મારા પંજાનો ભોગ બને છે.

મોહ અને તૃષ્ણાથી ગ્રસ્ત દુન્યવી પુરુષો માટે જર અને જોરુ બે જાળ છે.

આ તો વિવિધતાની દુનિયા છે. લોકોની બુદ્ધિ જુદી જુદી, ચહેરા જુદા જુદા, સંપ્રદાયો જુદા, અવાજ જુદા, શ્રદ્ધા જુદી જુદી, સ્વાદ જુદા જુદા અને સ્વભાવ જુદા જુદા. પરંતુ એ બધામાં એક વસ્તુ સમાન છે અને તે એ કે દરેકને નિત્ય સુખ, શાંતિ, જ્ઞાન, અમરતા અને મુક્તિ જોઈએ છે. આ વસ્તુ ઈશ્વર સાક્ષાત્કારમાં જ મળી શકે.

● □ ●

## ૩. ભક્તિનાં ફળ

**સૂત્ર - ૪.**

**यम्लब्ध्वा पुमान् सिद्धो भवति,**
**अमृतो भवति, तृप्तो भवति।**

(**યત્** - જે (ભક્તિ) - **લબ્ધ્વા** - પ્રાપ્ત થતાં અથવા મળવાથી **પુમાન્** - મનુષ્ય **સિદ્ધ** - સિદ્ધ **ભવતિ** - બને છે **અમૃતઃ** - અમર, **ભવતિ** - બને છે, **તૃપ્ત** - સંતોષી, **ભવતિ** - બને છે.)

**અર્થ - જે (ભકિત) પ્રાપ્ત થતાં મનુષ્ય સિદ્ધ બને છે, અમર બને છે, સંતોષી બને છે.**

**વિવરણ - 'પુમાન્'** શબ્દનો ઉપયોગ ખાસ સૂચક છે. તેનો અર્થ એ છે કે કોઈ પણ મનુષ્ય. ભક્તિ મુક્તિ પ્રાપ્ત કરવી એ કાંઈ અમુક જાતિના, અમુક જ્ઞાતિના, અમુક રંગના કે અમુક દેશના જ લોકો માટે નથી. શ્રદ્ધા અને મુમુક્ષુત્વથી સંપન્ન કોઈ પણ વ્યક્તિ ભક્તિમાર્ગે પ્રગતિ કરી ઈશ્વર સાક્ષાત્કાર કરી શકે છે.

રૈદાસ, કબીર વગેરે કાંઈ બ્રાહ્મણ નહોતા. છતાં તેઓ સાક્ષાત્કાર પામ્યા. અરે, મનુષ્યો તો શું પ્રાણીઓ પર પણ ઈશ્વરની કૃપા ઊતર્યાનાં પુરાણમાં દૃષ્ટાંત છે - જેમકે ગજેન્દ્ર.

**સિદ્ધ : ભવતિ** એટલે સિદ્ધ બને છે. ઈશ્વર સાક્ષાત્કારથી ભક્ત સિદ્ધ બને

છે. એને પોતાનું ધ્યેય પ્રાપ્ત થઈ ગયું. ઈશ્વર સાક્ષાત્કારથી એની સર્વ ઈચ્છાઓ સંતોષાઈ ગઈ. તેને હવે કશી આવશ્યકતા રહી નથી. એ તો હવે પરમ શાંતિ, અનંત અને પૂર્ણ સંતોષ તથા અખંડ આનંદનો ઉપભોગ કરે છે. આથી જ તે સિદ્ધ કહેવાય છે.

ભક્તને મન સિદ્ધિઓની કશી જ કિંમત નથી. ભક્તને તેની દરકાર પણ નથી. અહીં સિદ્ધિનો અર્થ શક્તિ થાય છે. એ દિવ્ય પ્રેમની સરખામણીમાં આ સિદ્ધિઓ કંઈ જ હિસાબમાં નથી. ભક્તને તો ઈન્દ્ર કે બ્રહ્માનું સ્થાન પણ જોઈતું નથી. એટલું જ નહિ, પરંતુ તે તો મુક્તિને પણ ઠોકરે મારે છે. એનું હૃદય તો દિવ્ય પ્રેમથી પરિપૂર્ણ છે. એણે તો ભક્તિ મેળવી એટલે સર્વસ્વ પ્રાપ્ત કરી લીધું છે. એણે તો આ સર્વનું મૂળ પ્રાપ્ત કરી લીધું છે. એટલે એ તો હવે પૂર્ણ, અમર અને સંતોષી બની ગયો છે. તેથી બાહ્ય વસ્તુઓ કે જે અપૂર્ણ અને અનિત્ય છે તેના પ્રત્યે જરા પણ આકર્ષણ રહ્યું નથી.

આવો સિદ્ધ અથવા તો પૂર્ણ પુરુષ પોતાનું ધ્યેય હાંસલ કરી ચૂક્યો છે. સામાન્ય રીતે 'સિદ્ધ' શબ્દનો એવો અર્થ કરવામાં આવે છે કે તે પુરુષમાં ચમત્કારિક શક્તિ અથવા સિદ્ધિ હોય. આ સૂત્રમાં આવા અર્થમાં આ શબ્દ વપરાયો નથી. સિદ્ધ કે પૂર્ણ પુરુષ તે નથી કે જે ચમત્કાર કરી બતાવે, પણ સિદ્ધ પુરુષ તો તે કહેવાય કે જેણે ઈશ્વર સાક્ષાત્કાર મેળવી પરમ પુરુષ સાથે એકતા સાધી છે.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન પોતે ભક્તનું વર્ણન કરતાં કહે છે :-

**न पारमेष्ठयं न महेन्द्रधिष्ण्यं**
**न सार्वभौमं न रसाधिपत्यं।**
**न योगसिद्धीरपुनर्भवं वा**
**मय्यर्पितात्मेच्छतिमद्विनान्यत्॥**

(ભા. ૧૧-૧૪-૧૪)

'જેણે પોતાની જાતને મને સમર્પણ કરી દીધી છે, તેવા ભક્તને મારા સિવાય કશું જોઈતું નથી. તેને બ્રહ્માનું પદ જોઈતું નથી, તેમ ઈન્દ્રનું સ્થાન પણ તે ચાહતો નથી. એના મનમાં સાર્વભૌમ સમ્રાટ બનવાની પણ ઈચ્છા હોતી નથી અને સ્વર્ગથી પણ અધિક રસાતલનું સ્વામિત્વ પણ તે નથી ઈચ્છતો. યોગ સિદ્ધિઓ તો શું તેને તો મોક્ષની પણ ઈચ્છા હોતી નથી.

કાકભુષણ્ડિજી (રામાયણમાં) કહે છે :-

जिमि थल विनु जल रहि न सकाइ

कोटि भांति कोइ करे उपाइ।

तथा मोच्छ सुख सुनु खगराइ

रहि न सकइ हरि भगति विहाइ॥

**'અમૃત : ભવતિ'** એટલે અમર બને છે. જેને ઈશ્વર સાક્ષાત્કાર પ્રાપ્ત થયો છે તે અમર બની જાય છે. એ તો હરહંમેશ ઈશ્વરના સાન્નિધ્યમાં જ રહે છે. એણે તો પોતાની જાતને ઈશ્વરને ચરણે ધરી દીધી છે. એને હવે કાંઈ પણ ઈચ્છા રહી નથી; અને ઈચ્છા રહી નથી એટલે એને હવે નવું શરીર કે જન્મ લેવાની આવશ્યકતા રહેતી નથી. અમરતા એ જ ભકિતનું રૂપ છે.

જ્યારે આપણી ઈચ્છાઓ સંતોષાય ત્યારે આપણે જે આનંદ કે સંતોષ અનુભવીએ છીએ તે અર્થમાં સંતોષ શબ્દ અહીં વાપરવામાં આવ્યો નથી. આ તો પૂર્ણ સંતોષની વાત છે, કે જે ફક્ત ઈચ્છાઓના અભાવ અને ઈશ્વર સાક્ષાત્કારથી જ શક્ય બને છે. જ્યારે માનવી પૂર્ણતાની ઉચ્ચતમ કક્ષાએ પહોંચે છે ત્યારે તેને પોતાના આત્મામાં જ પૂર્ણ સંતોષ મળી રહે છે. ઈશ્વર સાક્ષાત્કારથી પ્રાપ્ત પૂર્ણ સંતોષ કરતાં વિશ્વમાં કોઈ ચીજ ઉત્તમ નથી. જેની પાસે પારસમણિ હોય તે વળી સોનાના ટુકડાની દરકાર કરે ખરો? આ જ પ્રમાણે જે ભક્ત આ સર્વસ્વ જગતના મૂળરૂપ ઈશ્વર સુધી પહોંચી ગયો છે તેને આ દુનિયાની નાનકડી વસ્તુની શી કિંમત?

ભક્ત ઈશ્વરને ચાહે છે. તેની સેવા કરે છે, એટલું જ નહિ પણ, તેના બનાવેલા આ જગતની પણ સેવા કરે છે. એ તો મુક્તિ ઈચ્છતો નથી અને તેને માટે પ્રયત્ન પણ કરતો નથી. આમ છતાં ઈશ્વર તેને અવશ્ય મુક્તિ આપે છે. તેમાં જરા પણ શંકા નથી.

લોકો કહે છે -- આપણે જેને કદી જોયો નથી, એવા ઈશ્વર પ્રત્યે આપણે ભક્તિ અથવા પ્રેમ કેવી રીતે કેળવી શકીએ? હું કહું છું -- ભક્તોના સાન્નિધ્યમાં રહો. ભગવાનની લીલા, એનું ઐશ્વર્ય, એમની વિભૂતિઓ અને માધુર્ય સાંભળો. ભક્તોની સેવા કરો. પ્રભુના નામનું કીર્તન કરો. એના નામનો જપ કરો. એકાદ વર્ષ અયોધ્યા, વૃંદાવન, ચિત્રકુટ, પંઢરપુર, કાશી, આનંદાશ્રમ અથવા આનંદકુટિર રહો. તમને ઈશ્વર પ્રત્યે પ્રેમ - ભક્તિ પ્રાપ્ત થશે.

## સૂત્ર - ૫.

### यत्प्राप्य न किंचित् वांछति न शोचति
### न द्वेष्टि न रमते नोत्साही भवति।

(**યત્** - જે (ભક્તિ) **પ્રાપ્ય** - મેળવવાથી (**પુમાન્** - મનુષ્ય) **કિંચિત્** - કાંઈ જ, **ન વાંછતિ** - ઈચ્છતો નથી, **ન શોચતિ** - શોક કરતો નથી, **ન દ્વેષ્ટિ** - દ્વેપ કરતો નથી, **ન રમતે** (વિપયમાં) આનંદ મગ્ન થતો નથી, **ઉત્સાહી** - સ્વાર્થ પ્રવૃત્ત **ન ભવતિ** - થતો નથી.)

**અર્થ - જે (ભકિત) મેળવવાથી (મનુષ્ય) કાંઈ જ ઈચ્છતો નથી, (કશાનો) શોક કરતો નથી, (કોઈનો) દ્વેષ કરતો નથી, (વિષયોમાં) આનંદ મેળવતો નથી, (અથવા તો) તે સ્વાર્થમાં પ્રવૃત્ત થતો નથી.**

**વિવરણ** :- સૂત્ર ૪ માં **'લબ્ધ્વા'** અને આ સૂત્રમાં **'પ્રાપ્ય'** શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપરથી જોતાં તો આ બન્ને શબ્દોનો અર્થ સરખો જ લાગે છે, છતાં બન્નેમાં સૂક્ષ્મ તફાવત છે. 'લબ્ધ્વા' એટલે મળવું અને 'પ્રાપ્ય' એટલે મેળવવું. પહેલાનો અર્થ એવો થાય કે ઈશકૃપાથી એ મળે છે. તેની પાછળ પ્રયત્ન હોય પણ ખરો. અને ન પણ હોય. જ્યારે બીજાનો અર્થ બતાવે છે કે પુરુષાર્થથી તે પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે બન્ને આવશ્યક છે. ઈશ-કૃપા વિના ગમે તેટલો પુરુષાર્થ નિષ્ફળ નીવડે, તેમ ઈશ-કૃપા પોતાના પર ઉતરશે એવો ભરોસો રાખી પુરુષાર્થ ન કરનાર મનુષ્ય એ કૃપાયોગ્ય બનતો નથી. પુરુષાર્થ વિના ઈશ-કૃપા ભાગ્યે જ પ્રાપ્ત થાય છે.

**'ન કિંચિત્ વાંછતિ'** તે કાંઈ ઈચ્છતો નથી. ભક્તને હવે કાંઈ જ ઈચ્છા રહેતી નથી. એની બધી જ ઈચ્છાઓ પરિપૂર્ણ થઈ ચૂકી છે. એનું હૃદય પરમ શાંતિ અને આનંદથી ભરપૂર હોય છે. આ પ્રેમરૂપા ભક્તિરૂપી દુર્લભ વસ્તુની સામે આ વિશ્વની સામાન્ય ચીજો એને મન તૃણવત્ બની જાય છે. એ જાણે કે છે કે આ દુન્યવી વસ્તુઓ અનિત્ય છે અને તેથી તેને તેમાં કશો રસ હોતો નથી. એનું હૃદય પરિપૂર્ણ છે. સત્તા, વૈભવ અને રાજ્ય પણ તેને આકર્ષી શકતાં નથી.

માનવીને ઈચ્છા શા માટે થાય છે? કારણ કે તેનામાં અપૂર્ણતા, અજ્ઞાનતા અને અવિદ્યા છે. જેવા તેને ભગવાનનાં દર્શન થાય છે કે તે જ ઘડીએ તેની બધી જ ઈચ્છાઓ બળીને ખાખ થઈ જાય છે. બાળક ધ્રુવને ભગવાન હરિનાં દર્શન થતાંવારજ જે રાજ્ય મેળવવા માટે તે તપશ્ચર્યા કરવા પ્રેરાયો હતો તે

ઈચ્છા જ નષ્ટ થઈ ગઈ. જ્ઞાનાગ્નિની જેમ ભક્તિ પણ અગ્નિ છે. તેમાં બધી જ ભૌતિક ઈચ્છાઓ બળી જાય છે. હવે તો તેને મોક્ષની ઈચ્છા પણ રહેતી નથી.

અપૂર્ણતામાંથી જ ઈચ્છા જન્મે છે. અપૂર્ણતા ત્યારે જ શકય બને જ્યારે પોતાનાથી ભિન્ન કાંઈ જુએ છે. જ્યારે ભક્તને ઈશ્વરદર્શન થાય છે ત્યારે સારૂં યે જગત તેને ઈશ્વરમય જ જણાય છે. આથી તો ભક્ત ઈચ્છારહિત બને છે.

**'ન શોચતિ'** શોક કરતો નથી. ભક્તને કોઈ વ્યક્તિ અથવા ચીજ પ્રત્યે આસક્તિ હોતી નથી. તે કોઈની પાસેથી કશાની આશા રાખતો નથી અને તેને કશાનો ભય પણ રહેતો નથી. આથી તેને કદી નિરાશા, નિષ્ફળતા કે નુકશાન થતું નથી. આવી વ્યકિતને શોક હોય જ કયાંથી? જ્યાં અજવાળું હોય ત્યાં અંધકાર રહી શકે ખરો? જ્યારે તે પ્રેમ અને આનંદના સાગરમાં ક્રીડા કરતો હોય છે ત્યારે શોક રહી જ કેવી રીતે શકે?

શોક તો મનનું કારણ છે. તે આસક્તિમાંથી જન્મે છે. ભક્તને મન જેવી કોઈ વસ્તુ રહેતી જ નથી, કારણ કે તે તો ભગવાનમાં લય પામી ગયું હોય છે. ગોપીઓ ઉદ્ધવજીને કહે છે.

**उधो, मन न भये दस वीस।**
**एक हुतो सो गयो श्याम संग, को आराधे ईश॥**

ઉદ્ધવજી, મન કાંઈ દસ વીસ થોડાં હોય છે? એક હતું એ તો કૃષ્ણ ભગવાનની સંગમાં જતું રહ્યું. હવે ઈશ્વરની આરાધના કેવી રીતે થઈ શકે?

**'ન દ્વેષ્ટિ'** કોઈનો દ્વેષ કરતો નથી. દ્વેષરહિત અવસ્થા એ પૂર્ણ પુરુષની બીજી નિશાની છે. ભક્ત જ્યારે ઈચ્છા અને શોકરહિત બને છે ત્યારે તે સર્વમાં ભગવાનનાં જ દર્શન કરે છે. હવે તેનામાં દ્વેષ રહે જ કયાંથી? જો એ કોઈનો દ્વેષ કરે તો તે ઈશ્વરનો જ દ્વેષ કરવા બરોબર છે. કારણ કે જગત તેને મન ઈશ્વરમય જ છે.

એ તો સર્વને ચાહે છે, સર્વની સેવા કરે છે અને સર્વને મદદ કરે છે. એની બધી જ પ્રવૃત્તિઓ વિશ્વકલ્યાણ માટે જ હોય છે. એ તો પતિતોના ઉત્થાન માટે જ કાર્ય કરતો રહે છે. આ વિશ્વ તેને મન ઈશ્વરનું જ સ્વરૂપ છે અને બધાં કાર્યો તેની લીલા છે. એને કોઈ ચીજ પ્રત્યે ઘૃણા હોતી જ નથી. ગીતામાં કહ્યું છે —

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥ (ગી. ૫-૧૮)

જ્ઞાનીજન તો બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો અને ચંડાળ વગેરેને સમભાવે જુએ છે.

આવા જ્ઞાની ભક્તોની માનસિક સ્થિતિનું વર્ણન કરવું મુશ્કેલ હોય છે. એનો તો અનુભવ જ કરી શકાય. મીરાં, ગૌરાંગ પ્રભુ, ગૌસ્વામી તુલસીદાસજી, કબીર અને રામદાસ, વગેરેએ આ સ્થિતિ અનુભવી હતી. ગૌસ્વામીજી કહે છે :-

सीता राम मय सब जग जानी
करौं प्रनाम जोरी जुग पानीं।

''આખું વિશ્વ રામ સીતા રૂપ છે, આથી હું સર્વને બે હાથ જોડી પ્રણામ કરું છું.''

પુરુષસુક્તમાં પુરુષનું વર્ણન નીચે પ્રમાણે કરેલ છે —

सहस्त्रशीर्षा पुरुषः सहस्त्राक्षः सहस्त्रपाद्

ગીતામાં પણ તેવું જ વર્ણન કરેલ છે :-

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ (ગી. ૧૩-૧૩)

ચારે તરફ હાથ - પગવાળા, ચારે તરફ નેત્ર, શિર અને મુખવાળા, ચારે તરફથી સાંભળનારા એ સંસારમાં સર્વત્ર પ્રાપ્ત છે.

**'ન રમતે'** વિષયાનંદ મેળવતો નથી. સામાન્ય રીતે કોઈ ને કોઈ આનંદ પ્રાપ્ત કરવા માટે માનવી ઘણી ખરી પ્રવૃત્તિઓ કરે છે; ભક્તે તો અખંડ આનંદ પ્રાપ્ત કરી લીધો છે. એટલે એને આવા સામાન્ય ક્ષણભંગુર આનંદની શી આવશ્યકતા રહે ? આનો અર્થ એવો નથી કે તે ગંભીર મુખમુદ્રા રાખી બેસી રહે છે. એ તો હરહંમેશ આનંદમાં જ રહે છે અને ચોમેર બીજાઓને આનંદ આપતો રહે છે; પરંતુ આ આનંદ વિષયોમાંથી નથી મેળવતો પણ સતત ભગવદ્ સ્મરણથી મેળવે છે.

**'ન ઉત્સાહી ભવતિ'** સ્વાર્થ પ્રવૃત્ત થતો નથી. ભક્ત પોતાના સ્વાર્થ માટે પ્રવૃત્તિ કરતો જ નથી, પરંતુ એ તો વિશ્વકલ્યાણ અર્થે નિરંહકારી બની ઈશ્વર - સેવાનો ભાવ રાખી કાર્ય કરે છે. તે ફળની આશાથી કોઈ કાર્ય કરતો નથી, એટલે એ કાર્યો એને બંધનરૂપ થતાં નથી, તે પોતાના સ્વાર્થ માટે કાર્યો કરતો નથી. તેથી તેના પરિણામથી તે આનંદિત અથવા તો નિરાશ થતો નથી.

ભક્તને અમૃતસમાન આનંદસાગર પ્રાપ્ત થઈ ગયો હોય છે. પછી ભૌતિક ઈચ્છાઓ તેનામાં રહે જ કયાંથી ?

ભગવદ્ દર્શન જુદી જુદી રીતે થાય છે - કોઈ વાર સ્વપ્નમાં, કોઈ વાર સામાન્ય મનુષ્ય તરીકે, કોઈને ચતુર્ભુજ રૂપે અને કોઈને વિશ્વચેતના રૂપે. અર્જુન તેનું કેવી રીતે વર્ણન કરે છે —

**अनादिमध्यान्तमनन्तवीर्य अनन्तबाहुं शशिसूर्यनेत्रम् ।**
**पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं स्वतेजसा विश्वमिदं तपन्तम् ॥**

(ગી. ૧૧-૧૯)

આપને આદિ, મધ્ય અને અંત રહિત, અનંત સામર્થ્યથી યુક્ત, અનંત હાથવાળા તથા ચંદ્ર - સૂર્યરૂપી આંખોવાળા, પ્રજ્વલિત અગ્નિ સમાન મુખવાળા આ જગતને તપાવતા હું જોઉ છું. આકાશવાણી, જ્યોતિદર્શન વગેરે કરાવી ભગવાન પોતાના ભક્તોને પ્રોત્સાહન આપે છે. આવા દર્શનથી જૂઠી તુષ્ટિ (સંતોષ) પામી સાધકે પોતાની સાધના છોડવી નહિ. તેણે તો સ્વરૂપનિષ્ઠા કેળવવી જોઈએ. જ્યાં સુધી મહાભાવ પ્રાપ્ત થાય ત્યાં સુધી એણે સાધના ચાલુ રાખવી જોઈએ. ભગવદ્ ગીતામાં ભકતનું વર્ણન કરતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :—

**यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।**
**शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः ॥**

(ગી. ૧૨-૧૭)

જે કદી હર્ષિત થતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, કાંઈ ઈચ્છા કરતો નથી, શુભ - અશુભ સર્વનો પરિત્યાગી છે એવો ભક્ત મને પ્રિય છે.

વિવરણ કરતાં શ્રી સ્વામી શિવાનંદજી કહે છે : હે માનવી ! વિષય, વૈભવ, જર, જમીન અને જોરૂ - એ બધાં ભક્તિ માર્ગમાં નડતા અવરોધો છે;

માટે એ બધાનો ત્યાગ કરી ઈશ્વરાભિમુખ બન. ત્યાં અખંડ અને અનંત આધ્યાત્મિક ભંડાર છે, જે કોઈ લૂંટી જઈ શકતો નથી. દુન્યવી આનંદ તો પંદર આના દુઃખ સાથે મિશ્રિત છે, પરંતુ એ આધ્યાત્મિક આનંદ તો સો ટકા શુદ્ધ આનંદ છે.

## સૂત્ર - ૬.

### यत् ज्ञात्वा मत्तो भवति स्तब्धो भवति आत्मारामो भवति ।

(**यत्** - જે (પ્રેમરૂપા ભક્તિ) **ज्ञात्वा** - જાણવાથી (પુમાન - મનુષ્ય) **मत्त** :- ઉન્મત્ત (ભવતિ - બને છે) **स्तब्ध** :- શાંત **ભવતિ** - થાય છે **આત્મારામ** - આત્મારામ, **ભવતિ** - બની જાય છે)

**અર્થ :- જેને (ભક્તિને) જાણવાથી (મળવાથી) મનુષ્ય ઉન્મત્ત બને છે, શાંત થાય છે અને આત્મારામ બની જાય છે.**

**વિવરણ :-** આ સૂત્રમાં **'યજ્જ્ઞાત્વા'** જે જાણવાથી એવા સારાર્થક વાક્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે (એટલે ભક્તિ કરવા વધારે યોગ્ય છે તે ઈશ્વર) જ્ઞાત્વા એટલે જાણવાથી. જાણવાનો અર્થ દર્શનશાસ્ત્રમાં 'એક થઈ જવું' એવો કરવામાં આવે છે. જેમ કે - ब्रह्मविद् ब्रह्मैव भवति। બ્રહ્મને જાણનાર **બ્રહ્મ** બની જાય છે.

**'મત્તઃ ભવતિ'** ઉન્મત્ત બને છે. ભક્ત દિવ્ય પ્રેમથી ઉન્મત્ત બને છે. એ તો રાત દિવસ ભગવાનનાં ગુણગાન ગાવામાં અને તેની કથા - વાર્તા શ્રવણ કરવામાં પસાર કરે છે. એ તો પ્રભુમય જ બની જાય છે. તેને બાહ્ય દુનિયાનું ભાન સુદ્ધાં રહેતું નથી.

તે ભાવાવેશમાં આવી જઈ, હસવા માંડે છે, વળી રડે છે, કોઈ વાર ગાવા માંડે છે તો કોઈ વાર નાચવા કૂદવા માંડે છે. વળી, કોઈ વાર ચૂપ બની પૂતળાની માફક શાંત બેસી રહે છે. આને ઈશ્વર સાથેની એકતાની સ્થિતિ કહેવાય. ભક્ત પોતાનું જુદું અસ્તિત્વ જ ભૂલી જાય છે. એને હવે પોતાનું મન કે બુદ્ધિ જેવું કંઈ રહેતું જ નથી. કારણ કે એ તો એણે ભગવાનને સમર્પણ કરી દીધું છે. હવે તો તે સંપૂર્ણપણે ઈશ્વરના હથિયાર સમ બની રહે છે.

જે ભક્ત દિવ્ય પ્રેમરૂપી મદિરા પીધી છે તે સમાજના સામાન્ય નિયમોનું બંધન સ્વીકારતો નથી. એ હવે સમાજ અને શાસ્ત્રોનો બંદીવાન રહેતો નથી.

એને પોતાનું ભાન પણ હોતું નથી. શ્રીમદ્ ભાગવતમાં ભકતનું વર્ણન આ પ્રમાણે છે :—

श्रुण्वन् सुभद्राणि रथांगपाणे
जन्मानि कर्माणि च यानि लोके ।

गीतानि नामानि तदर्थकानि
गायन विलज्जो विचरेदसंगः ॥

एवंव्रतः स्वप्रियनामकीर्त्या
जातानुरागो द्रुतचित्त उच्चैः ।

हसत्यथो रोदिति रौति गायति
उन्मादवत् नृत्यति लाकबाह्यः ॥

(ભા. ૧૧-૨-૩૯-૪૦)

તે ચક્રપાણિ ભગવાનના કલ્યાણકારી અને લોકપ્રસિદ્ધ અવતારો અને તેની લીલાઓનું શ્રવણ કરે છે અને તે પ્રમાણે લજ્જા છોડી ગાન કરે છે અને અનાસક્ત બની સંસારમાં વિચરે છે. આ પ્રકારનું વ્રત ધારણ કરી તે તો પોતાના પ્રિયતમ પ્રભુના નામ - સંકીર્તનમાં મગ્ન થઈ ઉન્મત્ત બને છે અને ભાવાવેશમાં આવી જઈ કોઈ કોઈ વાર ખડખડાટ હસે છે, તો કોઈ વાર રડે છે, કોઈ વાર ચીડાઈ જાય છે, તો કોઈ વાર જોરથી ગાવા માંડે છે અને કોઈ વાર નાચે કૂદે છે.

**'સ્તબ્ધ : ભવતિ'** શાંત થઈ જાય છે. ભક્ત જે કાંઈ કાર્ય કરે છે તે ભગવાન અર્થે જ કરતો હોય છે. આ સ્તબ્ધતા ભકતની પૂર્ણતાનું ચિહ્ન છે.

**'આત્મારામઃ ભવતિ'** આત્મારામ બની જાય છે.

જ્યારે ભક્ત આત્મારામ એટલે કે પોતાના આત્મામાં જે આનંદમગ્ન બને છે ત્યારે તે પૂર્ણ સ્વતંત્ર બની જાય છે. જ્યારે મનુષ્ય વિનાશી ચીજ પર આનંદ માટે આધાર રાખે છે તો તે ચીજ નાશ પામે ત્યારે રડવાનો વારો આવે છે. સ્ત્રી અથવા બાળકોના મૃત્યુથી પુરુષ રડે છે, કારણ કે આવી નાશવંત વસ્તુઓ પર તેનો આનંદ આધારિત હોય છે. તે સમજતો નથી કે આવી નાશવંત ચીજો તેને અમરાનંદ આપી શકે નહિ. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે :—

**ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।**
**आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥** (ગી. ૫ - ૨૨)

ઈન્દ્રિય અને વિષયસંગથી ઉત્પન્ન થતા જે ભોગો છે તે (જો કે પુરુષને તો સુખરૂપ ભાસે છે છતાં) દુઃખનું મૂળ છે. તે આદિ અને અંતવાળા છે માટે હે કૌન્તેય! વિવેકી પુરુષો તેમાં આનંદ માનતા નથી.

**यत् तद् अग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।**
**तत् सुखं सात्विकं प्रोक्तं आत्मबुद्धिप्रसादजम् ॥** (ગી. ૧૮-૩૭)

જે (સુખ) આરંભ કાળમાં વિષ સમાન ભાસે છે, પરંતુ અંતમાં અમૃત તુલ્ય હોય છે તે ભગવત વિષયક બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થયેલ સુખ છે, તેને સાત્ત્વિક સુખ કહેવાય છે.

**बाह्यस्पर्शेष्वसकतात्मा विन्दत्यात्मनि यत सुखम् ।**
**सः ब्रह्मयोगयुक्तात्मा सुखं अक्षयं अश्नुते ॥** (ગી.૫-૨૧)

સાંસારિક ભોગોમાં આસક્તિરહિત અંતઃકરણવાળો પુરુષ જો અંતઃકરણમાં ભગવત ધ્યાનજનિત આનંદ પ્રાપ્ત કરે છે તો તે પુરુષ સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મારૂપ યોગમાં સ્થિત થઈ અક્ષય આનંદ ભોગવે છે.

**यः तु आत्मरतिरेव स्यात् आत्मतृप्तः च मानवः ।**
**आत्मन्येव च संतुष्टः तस्य कार्यं न विद्यते ॥** (ગી. ૩-૧૭)

પરંતુ જો મનુષ્ય પોતાના આત્મામાં જ પ્રીતિવાળો, આત્મામાં જ તૃપ્ત અને આત્મામાં જ સંતુષ્ટ હોય છે તો તેને માટે કોઈ કર્તવ્ય જ નથી રહેતું.

વાસનાઓ મનુષ્યને બાહ્ય વિષયો પ્રત્યે ખેંચી જાય છે. અવિદ્યામાં બે પ્રકારની શક્તિ રહેલી છે, એક તો આવરણ શક્તિ, જે મનુષ્યના સત્યસ્વરૂપ સચ્ચિદાનંદને ઢાંકી દે છે અને બીજી વિક્ષેપ શક્તિ કે જે મન અને ઈન્દ્રિયોને બહિર્મુખ કરે છે. મનની ચંચળતાનું કારણ વાસના અને વિક્ષેપ શક્તિ છે. અવિદ્યા વિવેકબુદ્ધિનો નાશ કરી તેને વિપરીત કરી નાખે છે. અને તેથી મનુષ્ય એમ જ માને છે કે બાહ્ય વિષયોમાંથી આનંદ મળે છે અને પોતાના શરીરને જ આત્મા સમજી બેસે છે. તે આ મિથ્યા જગતને સત્ય સમજે છે. જ્યારે કામુકતા વ્યાપે છે ત્યારે આંધળો બની જાય છે અને બુદ્ધિશાળી મનુષ્ય પણ વિકારી બને છે. દુન્યવી નાશવંત વસ્તુઓમાંથી સુખ મેળવવાનો વ્યર્થ પ્રયાસ કરે છે. મન અને

ઈન્દ્રિયોને અંતર્મુખ કરી ઈશ્વરનું ધ્યાન કરવાનું સૂઝતું જ નથી. તેને ભક્તિ, ધારણા અને ધ્યાનમાં વિશ્વાસ હોતો નથી. એ પૂર્ણ સુખનો વિચાર કરી શકતો નથી. એ તો મૂર્ખાઈથી માને છે કે પોતાને પુત્ર થશે તો પોતે સુખી થશે. તેના મનની વૃત્તિઓ બહિર્મુખ જ હોય છે. આનુ કારણ અવિદ્યા છે.

ભક્ત પર ઈશ - કૃપા ઊતરે છે. તેની બુદ્ધિ શાંત બને છે. તેને મંત્ર-શક્તિ, સાધના - શક્તિ અને ઉપાસના - શક્તિમાંથી બળ મળે છે.

ભગવાનનાં ચરણકમળમાંથી સત્ત્વ વહી રહ્યું હોય છે. ત્યાં પહોંચતાં જ બધી ઈચ્છાઓ ઓગળી જાય છે. વિક્ષેપશકિત વિનાશ પામે છે. હવે તે ચોક્કસપણે સમજે છે કે સાચું સુખ ઈશ્વર - સાક્ષાત્કારમાં જ છે. એની વૃત્તિઓ અંતર્મુખ બને છે અને ઈન્દ્રિયો બહાર ભટકતી અટકી જાય છે. ઈન્દ્રિયોનો મનમાં લય થઈ જાય છે અને મનનો ઈશ્વરમાં લય થાય છે. આથી ગમે તેવા વિકટ સંજોગોમાં પણ તે અડગ અને શાંત રહે છે. આવી સ્થિતિ માટે જ આગલા સૂત્રમાં **'સ્તબ્ધ : ભવતિ'** વાકયનો મહર્ષિ નારદજીએ ઉપયોગ કર્યો છે.

ભક્ત ઉન્મત્ત બને છે. ગૌરાંગ પ્રભુ દિવ્યામૃતથી એટલા બધા ઉન્મત્ત થઈ ગયા હતા કે કોઈ કોઈ વાર સવાર કે સાંજ છે તેનું પણ તેમને ભાન રહેતું નહિ. મીરાં રાણી હોવા છતાં શેરીઓમાં નાચતી કૂદતી હતી. શ્રી રામકૃષ્ણ પરમહંસ અન્ન - જળ વિના આવી જ સ્થિતિમાં પડી રહ્યા હતા. આ સ્થિતિનું વર્ણન કરવું મુશ્કેલ છે. આનો તો સ્વાનુભવ જ કરી શકાય.

● □ ●

## ૪. પ્રેમમાં અનન્યતા

**સૂત્ર - ૭.**

### सा न कामयमाना निरोधरूपत्वात्

(**સા** - તે (પરમ પ્રેમરૂપ ભક્તિ) ન - નથી. **કામયમાના** - કામનાયુક્ત, **નિરોધરૂપત્વાત્** : નિરોધ સ્વરૂપ)

**અર્થ - તે (પ્રેમ ભક્તિ) કામનાયુક્ત નથી.** કારણ કે તે નિરોધ-**સ્વરૂપ છે.**

**વિવરણ :-** કામયમાના - કામનાયુક્ત. અહીં કામનાનો અર્થ કામપ્રવૃત્તિ નથી, પરંતુ તેનો અર્થ છે સર્વપ્રકારની કામનાઓ (ઈચ્છાઓ). ભક્તિ સ્વાર્થ માટે

હોતી જ નથી. ભક્તને ધન, સંતાન અને કીર્તિ તો શું પણ એ તો સ્વર્ગ અને મુક્તિની• પણ ઈચ્છા રાખતો નથી.

કામના ભક્તિના વિકાસમાં અવરોધ કરે છે. જેમ જેમ દુન્યવી ઈચ્છાઓ ખાખ થતી જાય છે તેમ તેમ ભક્તિની તીવ્રતા વધે છે.

કામના શાંતિનો શત્રુ છે, કામના ભક્તિનો પણ શત્રુ છે. ત્યાગ વિના માનવીના હૃદયમાં ભક્તિ ઊગી શકે નહિ. પ્રેમભક્તિ તો સર્વથા ત્યાગરૂપ છે. વિષયાસક્તિ ભક્તિનો વિકાસ થવા દેતી નથી, કારણ કે વિષયોમાં શક્તિનો વ્યય થાય છે અને સાધનામાં કાંઈ જ પ્રગતિ થઈ શકતી નથી. સાધકો હંમેશ ફરિયાદ કરતા આવે છે કે, ''આ ભક્તિમાર્ગમાં મેં કાંઈ જ મેળવ્યું નહિ. મારા મનની સ્થિતિ તેમ ને તેમ જ છે. એ તો એના વિષયોમાં ભટક્યા જ કરે છે, હું અશાંત છું, મારે શું કરવું?'' કામનાશક્તિ ખૂબ જ પ્રબળ છે. તે જુદાં જુદાં રૂપ ધારણ કરે છે. આ સંસારચક્રમાં જીવને ફસાવનાર માયાનું એક હથિયાર કામના છે. કામનાઓનો અંત કદાપિ આવતો જ નથી. તે અજેય છે. ભોગથી કામનાઓ સંતોષાતી નથી. જેવી રીતે અગ્નિમાં ઘી હોમવાથી અગ્નિ વધારે પ્રજ્વલિત થાય છે તે પ્રમાણે ભોગો ભોગવવાથી કામના વધારે પ્રબળ બને છે. મહાભારતમાં રાજા યયાતિનું દૃષ્ટાંત તમને યાદ હશે. એણે પોતાના પુત્ર પાસેથી યુવાની માગી લીધી; હજારો વર્ષ ભોગ ભોગવ્યા પછી એ કલ્પાંત કરતો પોકારી ઊઠ્યો — ''અરે, મારો કામ તો હજુ ગયો નથી. મને જરા પણ સંતોષ નથી. મારું હૃદય હજુ કામથી બળ્યા કરે છે.'' ભર્તૃહરિ પણ વિલાપ કરતાં કહે છે. ''મેં રાજ્ય છોડ્યું, સ્ત્રી તજી અને દુનિયાનો ત્યાગ કર્યો છે. હું ફક્ત પાણી અને પાંદડાંઓ પર રહું છું અને ઉગ્ર તપશ્ચર્યા કરું છું, છતાં હજુ કામ મને સતાવે છે.'' આવી છે કામની શક્તિ.

આટલા માટે જ ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે :--

**आवृत्तं ज्ञानं एतेन ज्ञानिनो नित्यवैरिणा ।**
**कामरुपेण कौन्तेय दुष्पूरेणानलेन च ।।** (ગી. ૩-૩૯)

•મુક્તિના પાંચ પ્રકાર છે.

૧. સાલોક્ય - સમાન લોકને આપનારી મુક્તિ.
૨. સામીપ્ય - ભગવાન સમીપ નિવાસ કરવા રૂપી મુક્તિ.
૩. સારૂપ્ય - ભગવાન સમાન સ્વરૂપપ્રાપ્તિ.
૪. સાર્ષ્ટિ - ભગવાન સમાન ઐશ્વર્યપ્રાપ્તિ. તેને સાયુજ્ય મુક્તિ પણ કહે છે.
૫. કૈવલ્યમક્તિ - જે પ્રાપ્ત થતાં ફરીથી આ લોકમાં પાછા ફરવું પડતું નથી.

જ્ઞાનીની સાથે સદા વેર રાખનાર અને અગ્નિની પેઠે સદા અતૃપ્ત રહેનાર કામરૂપ શત્રુએ જ્ઞાનને ઢાંકી દીધેલું છે.

इन्द्रियाणि मनोबुद्धिः आस्याधिष्टानमुच्यते ।
एतैः विमोह्यति एषः ज्ञानमावृत्य देहिनम् ॥ (ગી. ૩-૪૦)

ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ એના (કામનાનાં) નિવાસ સ્થાન છે. એ (કામનાઓ) તેના (મન,બુદ્ધિ, ઈન્દ્રિયો) દ્વારા જ્ઞાનને આચ્છાદિત કરી જીવાત્માને મોહિત કરે છે.

तस्मात् त्वम् इन्द्रियाणि आदौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥ (ગી. ૩-૪૧)

માટે હે ભરતશ્રેષ્ઠ (અર્જુન)! તું પહેલાં ઈન્દ્રિયોને વશ કર અને (પછી) જ્ઞાન વિજ્ઞાનને નાશ કરનાર એને (કામને) તું નિશ્ચયપૂર્વક માર.

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्य आत्मानं आत्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥ (ગી. ૩-૪૩)

હે અર્જુન! આ પ્રમાણે બુદ્ધિથી પર અને સૂક્ષ્મ, તારા આત્માને સર્વ પ્રકારે બળવાન અને શ્રેષ્ઠ સમજી, બુદ્ધિ દ્વારા મનને વશ કરી આ કામનારૂપી દુર્જય શત્રુનો તું નાશ કર.

प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञः तदोच्यते ॥ (ગી. ૨-૫૫)

હે અર્જુન, જ્યારે મનમાં રહેલી સર્વ કામનાઓનો મનુષ્ય ત્યાગ કરે છે અને પોતાના આત્મામાં જ સંતુષ્ટ રહે છે ત્યારે એ સ્થિર બુદ્ધિમાન મનુષ્ય કહેવાય છે.

જો આસક્તિનો પહેલાં નાશ કરવામાં આવે તો કામનાઓ એની મેળે જ મરી જશે. બાહ્ય વસ્તુઓ પ્રત્યેનું આકર્ષણ ઓછું થાય તો પણ તૃષ્ણા તો રહ્યા કરે છે. આ તૃષ્ણા ભક્તિની મહાન શત્રુ છે. જ્યારે વસ્તુઓનું બાહ્ય તેમ જ આંતરિક આકર્ષણ નાશ પામે છે ત્યારે તેને તૃષ્ણામુક્ત કહેવામાં આવે છે. ફક્ત એક વિચાર જ આવે કે મને અમુક વસ્તુ મળે તો સારું - આનું નામ

તૃષ્ણા. આવી તૃષ્ણાઓની લાંબી હારમાળાઓ તમારે તોડવી જોઈશે. આમ શક્ય બનશે તો જ તમે ભક્તિ માર્ગે પ્રગતિ કરી શકશો. આ તૃષ્ણા-તંતુને વૈરાગ્યરૂપી તલવારથી કાપી નાખો. આનું જ નામ નિરોધ.

## સૂત્ર - ૮.

### निरोधः तु लोकवेदव्यापारन्यासः ।

(**નિરોધઃ**-નિરોધ (કામનાક્ષય), **તુ** એટલે, **લોકવેદવ્યાપારન્યાસઃ** લૌકિક અને વૈદિક કર્મોનો ત્યાગ)

**અર્થ - લૌકિક અને વૈદિક કર્મોના ત્યાગને નિરોધ કહેવાય છે.**

**વિવરણ**:- કામના ત્યાગનો અર્થ એવો નથી કે કામનાઓ સાથે વિગ્રહ કરવો. જેમ જેમ તમે કામનાઓનો વિરોધ કરશો તેમ તેમ તો તે વધારે પ્રબળ અને તીવ્ર થતી જશે. કામનારૂપી અગ્નિમાં ઈન્ધણ ન નાખશો. તમારી પ્રવૃત્તિઓ ઓછી કરો . અનાસક્તિ કેળવો. વિવેક શીખો. પ્રાર્થના કરો. કીર્તન કરો. જપ કરો. આથી કામનાઓ ધીમે ધીમે નબળી પડી જશે.

જેમ જેમ દિવ્ય પ્રેમનો વિકાસ થતો જશે તેમ તેમ કર્મોનો ત્યાગ એની મેળે થતો જશે. ભક્તને તો એના પ્રેમી ભગવાન સિવાય કાંઈ જ જોઈતું નથી. એનું મન તો ઈશ્વરના રૂપ પર જ ચોટેલું હોય છે. વેદ અને શ્રુતિમાં વર્ણવેલાં કાર્યો કરવા એ શક્તિમાન નથી હોતો. બધી પ્રવૃત્તિઓ એને પોતાની મેળે જ છોડી જાય છે.

એ તો ઈશ્વર સિવાય કાંઈ જ જોતો નથી, ઈશ્વર સિવાય કોઈનું સાંભળતો પણ નથી. એને હવે કોઈ કામના કે ઈચ્છા રહી નથી. કોઈ કોઈ વાર એનું ગળું રૂંધાઈ જાય છે, અને તે શાંત બેસી રહે છે. આવી સ્થિતિમાં કોઈ પણ કાર્ય એ કરી પણ કેવી રીતે શકે? અહીં 'નિરોધ' શબ્દ 'ત્યાગ' ના અર્થમાં વપરાયો છે.

લોકવેદવ્યાપારન્યાસ: લૌકિક (સ્માર્ત) અને વૈદિક (શ્રૌત) કાર્યોનો ત્યાગ. લૌકિક અને વૈદિક પ્રવૃત્તિઓના ત્યાગનો અર્થ એમ ન કરવો જોઈએ કે બધી પ્રવૃત્તિઓ સદંતર છોડી દેવી. પરંતુ તેના ફળ માટેના અહંકાર, સ્વાર્થ અને આસક્તિનો ત્યાગ કરવો તેમ છે. બધી પ્રવૃત્તિઓ કદાપિ અટકાવી શકાય નહિ. બધી પ્રવૃતિઓ ઈશ્વરને સમર્પણ કરી દેવી જોઈએ. સાચા ભક્તને ધાર્મિક અને

વ્યાવહારિક પ્રવૃત્તિઓ વચ્ચે કાંઈ જ તફાવત જણાતો નથી. એને મન તો દરેક કાર્ય પવિત્ર જ હોય છે. એની પ્રત્યેક પ્રવૃત્તિ ઈશ્વરપ્રેમ પ્રદર્શિત કરે છે. ઈશ્વરને પૂર્ણતઃ સમર્પણ કરી દેવાથી ભક્ત સમાધિ સુધી પહોંચી જાય છે. દુન્યવી મનુષ્ય કોઈ પણ કાર્ય તેના ફળની આશા વિના કરતો નથી. એનાં શુભ કર્મોના ફળરૂપે તેને સ્વર્ગ પ્રાપ્તિ થાય છે. જ્યારે તેનાં શુભ કર્મફળ પૂર્ણ થાય છે ત્યારે એને પુનઃ મૃત્યુલોકમાં અવતરવું પડે છે. તે ફરીથી શુભ - અશુભ કર્મો કરે છે. આ રીતે તે સંસારના આવાગમન ચક્રમાં ફસાઈ રહે છે. આ માટે જ ઋષિમુનિઓ, સંતપુરુષો અને વેદ આપણને ફળની આશા રાખ્યા વિના કાર્ય કરવા શિખામણ આપે છે; અને કહે છે કે બધા કાર્યો ઈશ્વરને સમર્પિત કરી દો. આમ કરવાથી હૃદય શુદ્ધ થાય છે અને ભક્તિનો વિકાસ થાય છે. આથી તો ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને બોધ આપે છે કે :-

**यत् करोषि यत् अश्नासि यत् जुहोषि ददासि यत् ।**
**यत् तपस्यसि कौन्तेय तत् कुरुव मदर्पणम् ॥** (ગી. ૯-૨૭)

હે અર્જુન ! તું જે કર્મ કરે છે, જે ખાય છે, જે હવન કરે છે, જે દાન કરે છે, જે તપશ્ચર્યા કરે છે એ બધું મને અર્પણ કર.

પતંજલિ મહર્ષિ રાજયોગ દર્શનમાં કહે છે —

**इश्वरप्रणिधानाच्च ।**

સર્વ પ્રવૃત્તિઓનાં ફળ ઈશ્વરને સમર્પણ કરી દેવાથી યોગ સાધનામાં પ્રગતિ સાધી સમાધિ સુધી પહોંચી શકાય છે. ઈશ્વરપ્રણિધાન એ ક્રિયાયોગ અને નિયમનું એક અગત્યનું અંગ છે.

અહંકાર, આકાંક્ષા અને વાસના એ ત્રણે આત્મસમર્પણમાં નડતા અવરોધો છે. સાધના સમયે સુપુપ્ત વાસનાઓ સ્મૃતિ પર આવવાનો પ્રયત્ન કરશે. જે કામનાઓ ઘણા સમયથી દબાયેલી પડી હતી તે પોતાને પ્રદર્શિત કરવા પોતાથી બનતો પ્રયત્ન કરશે. આવા સમયે જો સાધક સાવધાન ન રહે અને જો તેનો વૈરાગ્ય અને સાધનાની ભદ્રતા ક્ષીણ થઈ જતી હશે તથા જો તે દુન્યવી લોકો સાથે વધારે હળશે મળશે તો સાધક અવશ્ય નીચે પડશે.

સામાન્ય રીતે જાણતાં અજાણતાં સાધક કંઈ ને કંઈ વાસનાઓ સેવતો હોય છે. અંતે તેથી સંપૂર્ણ આત્મસમર્પણ થતું નથી અને તેથી ઈશ - કૃપાનું

અવતરણ થતું નથી. જો તમારામાં અણીમાત્ર પણ અહંકાર અને કામના હશે તો ઈશ-કૃપાની આશા રાખશો નહિ. મીરા કહે છે, —''મે મારું મન, મારું હૃદય, મારી બુદ્ધિ, મારું ચિત્ત, મારો આત્મા અને મારું સર્વસ્વ મારા ગિરધર ગોપાલને અર્પણ કરી દીધાં છે.'' આનું નામ તે પૂર્ણ સમર્પણ. જ્યારે ભક્ત પૂર્ણ સમર્પણ કરે છે ત્યારે ભગવાન તો એના સેવક બની જાય છે. પરંતુ ભગવાન કઠોર છે અને ભક્તોની કડક પરીક્ષા પણ લે છે. જ્યારે ભક્ત સુરદાસે પોતાની આંખો ફોડી નાખી અને ગાઢ જંગલમાં અન્નજળ વિના પડી રહ્યા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ મીઠાઈ અને જળ સાથે એની સમક્ષ પ્રગટ થયા. જ્યાં સુધી દ્રૌપદી કૌરવની સભામાં વસ્ત્ર-હરણ પ્રસંગે પોતાના બચાવનો પ્રયાસ કરતી રહી ત્યાં સુધી ભગવાને દ્રૌપદીની વિનંતી સાંભળી નહિ. પરંતુ જ્યારે તેણે સ્વપ્રયત્ન છોડી સર્વતઃ ભગવાન પર છોડી દીધું અને આર્તનાદ કર્યો — ''હે દ્વારકાનાથ! મારા પ્રિયતમ! મારી મદદે ધાઓ!'' તે જ ઘડીએ ભગવાન પુષ્કળ ચીર સાથે દોડી આવ્યા અને દ્રૌપદીને સહાય કરી.

ન્યાસ એટલે ત્યાગ અને અહીં કર્મોના ફળનો ત્યાગ એવો અર્થ ઘટાવવો જોઈએ. અહંકારનો ત્યાગ એટલે સર્વ ત્યાગ. બધી કામનાઓ, સ્વાર્થ, રાગ-દ્વેષ અને દેહાભિમાન વગેરે અહંકારને આધારે રહેલાં હોય છે; માટે અહંકારનો નાશ કરો. એમ થશે ત્યારે તમારું સમર્પણ પૂર્ણ બનશે. તમારામાં અહંકારનો એક કણ પણ રહ્યો હશે તો સમજી લેજો કે ઈશ્વરદર્શન કદી શક્ય બનશે નહિ.

## સૂત્ર - ૯.

## तस्मिन् अनन्यता तद् विरोधिषु उदासीनता च।

(**तस्मिन्** તેનામાં (ઈશ્વરમાં) **અનન્યતા** - એકલક્ષી પૂર્ણભક્તિ **તદ્વિરોધિષુ** - તેથી પ્રતિકૂળતામાં, **ઉદાસીનતા** - રસ ન ધરાવવો તે)

**અર્થ :- તેનામાં (પ્રિયતમ ભગવાનમાં) અનન્યતા અને તેના પ્રતિકૂળ વિષયમાં ઉદાસીનતાને પણ નિરોધ કહે છે.**

**વિવરણ :-** **અનન્યતા** એ ભક્તિ માર્ગનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે. તમારું સર્વસ્વ ભગવાનને ચરણે ધરી દો. તમારાં બધાં જ કાર્યો ભગવાનને સમર્પિત કરો. જ્યારે તમે તમારું શરીર, મન અને અહંકાર ભગવાનને સમર્પિત કરી દેશો ત્યારે તમે તેની (ઈશ્વરની) સાથે એકતા પ્રાપ્ત કરી શકશો.

ભક્ત તો સમજે છે કે પોતે ઈશ્વરનું એક સાધન માત્ર છે અને ઈશ્વરે

તેને બુદ્ધિ અને સંયોગો તેનું (ઈશ્વરનું) કાર્ય કરવા માટે આપ્યાં છે. ભક્ત કોઈ કાર્ય કરવા માટેનું માન ઈચ્છતો નથી. એ તો આ બધું ઈશ - કૃપાને આભારી ગણે છે. દુન્યવી માનવી દરેક વાતમાં પોતાનો અહંકાર પ્રદર્શિત કરે છે અને 'હું કરું છું' એમ જ માને છે.

તમારો સાચો શત્રુ તમારો અહંકાર છે. આ અહંકાર ભક્તિ અને શાંતિનો દુશ્મન છે. તેનો નાશ કરો. લાલચ અને ઉત્તેજના પ્રત્યે ઉદાસીન બનો.

બાળક સતત પોતાની માતાનો જ વિચાર કરે છે. કામી પુરુષ સારોયે સમય પોતાની સ્ત્રીનો વિચાર કર્યા કરે છે. લોભી મનુષ્ય હરહંમેશ પૈસાનો જ વિચાર કરતો હોય છે. આ જ પ્રમાણે ભક્તે પોતાના ઈષ્ટદેવનું સતત સ્મરણ કરવું જોઈએ. આવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે જ પ્રભુનાં દર્શન થઈ શકે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને આવું જ કહે છે.

**अनन्यचेताः सततं यो मां स्मरति नित्यंशः ।**
**तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥** (ગી. ૮-૧૪)

હે અર્જુન! જે પુરુષ અનન્ય ચિત્તે મારામાં સ્થિર થઈ નિરંતર મારું સ્મરણ કરે છે એવા નિરંતર મારા યુક્ત યોગીને માટે હું સુલભ છું.

પૂર્ણ વૈરાગ્ય સહિત એકાંત ખંડમાં સતત અને લાંબા સમય સુધી અભ્યાસ જારી રાખવામાં આવે તો જ અનન્ય ભકિત પ્રાપ્ત થઈ શકે. ચંચળ મન બીજે દોડી જાય તો એને નિયંત્રણમાં લાવી પાછું પોતાના સ્થળે લાવવું. છિન્ન ભિન્ન થયેલ મનની વૃત્તિઓને એકત્રિત કરતાં સમય લાગશે. કારણ કે નવી ટેવ પાડવાની છે. શરૂઆતમાં સફળતા ન મળે તો પણ નાસીપાસ ન થવું. ધીરજ, ઉદ્યોગ, શ્રદ્ધા, સંકલ્પ-શક્તિ અને સહનશીલતા વગેરેનું ઉપાર્જન કરો. સત્સંગ, સાત્ત્વિક ખોરાક, દૂધ અને ફળ, ઉપવાસ, નિદ્રા પર નિયંત્રણ કરી ઊંઘવાનો સમય ઓછો કરો. થોડું એકાન્ત સેવો. મૌન પાળો અને બ્રહ્મચર્યનું પાલન કરો. સામાન્ય રીતે મનને આરામ, આળસ, ગપ્પાં મારવાં, દુન્યવી વાતો અને સુંદર દૃશ્યો જોવા વધારે ગમે છે. એને ધીમે ધીમે કેળવવું જોઈએ અને એને નિયંત્રિત કરવું જોઈએ. મન અવળચંડીલા અને મોઢે ચડાવેલ બાળક જેવું છે. એને કોઈ કોઈ વાર ફોસલાવવું જોઈએ અને કોઈ વાર વધારે તોફાની બને તો એને ધમકાવવું પણ જોઈએ. એટલું જ નહિ પણ, એને ફટકારવું જોઈએ. ઉપવાસ કરવો અને મૌન પાળવું એ મનને ફટકારવા બરાબર છે.

**ઉદાસીનતા** – વિષય વસ્તુઓ અને ભોગો પ્રત્યે નિઃસ્પૃહતા તેનું નામ ઉદાસીનતા. ભોગો ઈશ્વરપ્રાપ્તિના દુશ્મનો છે. પુત્ર પરિવાર, પત્ની, મિલકત, મિત્રો અને સગાંવહાલાં, વગેરે પણ ઈશ્વર સાક્ષાત્કારમાં આડા આવતા અવરોધો છે. આ બધાં પ્રત્યે તમારે ઉદાસીનતા કેળવવી જોઈએ.

તમારે મોહનો નિર્દય રીતે નાશ કરવો જોઈએ. શરીર, બાળકો, મા-બાપ અને પત્ની પ્રત્યેનો વિમૂઢ પ્રેમ તે જ મોહ છે. શરીર પ્રત્યે દરેકને ઘણી આસક્તિ હોય છે. તમારે શરીરનું વધારે પડતું લાલનપાલન કરવું જોઈએ નહિ. શરીર, ખોરાક અને પત્ની વગેરેના વિચારો તમને ઈશ્વરથી વિમુખ કરી દે છે. આવી અનાત્મ વસ્તુઓના વિચારો હોય ત્યાં સુધી ઈશ્વર સંબંધી વિચારો કેવી રીતે આવી શકે ?

ઉદાસીનતામાં સર્વોચ્ચ આનંદ રહેલો છે. ઉદાસીનતા વળી આસક્તિ અને કામનાઓનો નાશ કરે છે. આસક્તિ મૃત્યુ સમાન છે. ઉદાસીનતા અમર જીવન છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :-

**अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।**
**सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥** (ગી. ૧૨-૧૬)

જે પુરુષ આકાંક્ષાઓથી રહિત, શુદ્ધ અને ચતુર છે, જે પક્ષપાતથી રહિત અને દુઃખોથી મુક્ત છે તે સર્વ આરંભોનો ત્યાગી એવો મારો ભકત મને પ્રિય છે.

ક્રિકેટની મેચ જોનારા એ રમતમાં જેવો આનંદ મેળવે છે તે જ રીતે ઉદાસીન આ સંસારરૂપી નાટક જોયા કરે છે.

ગીતા કહે છે :—

**अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।**
**एतद् ज्ञानमिति प्रोक्तं अज्ञानं यदतोऽन्यथा ॥** (ગી. ૧૩-૧૨)

અધ્યાત્મ જ્ઞાનમાં નિત્ય સ્થિતિ અને તત્ત્વજ્ઞાનના અર્થરૂપ પરમાત્માને સર્વત્ર જોવો એ જ્ઞાન છે. અને જે આનાથી વિપરીત છે તે અજ્ઞાન છે એમ કહ્યું છે.

પ્રિય વાચક! યાદ રાખજે કે ઉદાસીનનો અર્થ એવો નથી કે નગ્ન રહેવું. એનો એવો અર્થ પણ નથી કે પાંદડાંઓ અને ફળ પર રહેવું. મૂઢ તપશ્ચર્યા કરવી એ પણ ઉદાસીનતા ન કહેવાય. ભગવાન શ્રીકૃષ્ણ વર્ણન કરે છે. —

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दान तपश्चैव पावनानि मनीषिणाम् ॥ (ગી. ૧૮-૫)

યજ્ઞ, દાન અને તપશ્ચર્યા જેવાં કર્મો ત્યાગવા યોગ્ય નથી, પરંતુ તે તો નિઃસંદેહ કરવાનાં કર્મો છે, કારણ કે યજ્ઞ, દાન અને તપ એ ત્રણે બુદ્ધિમાન મનુષ્યને પવિત્ર કરનારાં છે.

एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥ (ગી. ૧૮-૬)

હે પાર્થ! એ યજ્ઞ, દાન અને તપ જેવા કર્મ તથા બીજાં એવાં શ્રેષ્ઠ કર્મ આસક્તિ અને ફળનો ત્યાગ કરી અવશ્ય કરવાં જોઈએ એવો મારો નિશ્ચય અને ઉત્તમ મત છે.

ઉદાસીનતા એ તો માનસિક સ્થિતિ છે. રાણી ચુડાલા રાજ્ય કરતી હતી છતાં સંપૂર્ણ ઉદાસીન હતી. એના પતિ શિખિધ્વજને અરણ્યમાં રહેવા છતાં એના દંડ અને કમંડળ પ્રત્યે આસક્તિ હતી. સામાન્ય મનુષ્ય પોતાની ફાઉન્ટન પેન જેવી વસ્તુઓ પ્રત્યે આસક્તિ ધરાવતો હોય છે. રાજા જનક એવા વૈભવમાં રહેવા છતાં પૂર્ણ ઉદાસીન હતા. દુન્યવી મનુષ્યો બાહ્ય દેખાવને વધારે મહત્ત્વ આપે છે. આ એક અફસોસની વાત છે. આ એક ભયંકર ભૂલ પણ છે. એક સંન્યાસી નગ્ન રહેતો હોવા છતાં તેનું મન કામનાઓથી પૂર્ણ હોઈ શકે છે. સત્ય અને અસત્ય વસ્તુના વિવેકથી અને બાહ્ય વસ્તુઓ પ્રત્યે દોષદૃષ્ટિ અને મિથ્યા - દૃષ્ટિ કેળવવાથી ઉદાસીન વૃત્તિ પેદા થાય છે.

## સૂત્ર - ૧૦.

**अन्याश्रयाणां त्यागः अनन्यता ।**

(**અન્યાશ્રયાણાં** બીજા આશ્રયોનો **ત્યાગઃ** ત્યાગ **અનન્યતા** - અનન્યતા)

**અર્થ :- (પોતાના પ્રિયતમ ભગવાન સિવાય) બીજા બધા આશ્રયોનો ત્યાગ એટલે અનન્યતા.**

અનન્યતા.

**વિવરણ :- અન્યાશ્રયાણાં ત્યાગ :-** બીજા આશ્રયોનો ત્યાગ. આપણા નિત્ય જીવનની અસર ભક્તિના વિકાસ પર પડે છે. કામનાઓ અને વાસનાઓ સાધકને તકલીફ આપ્યા જ કરે છે. ભગવાનની કથા સાંભળવી અને તેનાં ગુણગાન ગાવાં વગેરે રીતિ સિવાય બીજાં કોઈ સાધનનો ભક્તે ઉપયોગ ન કરવો જોઈએ. ભક્ત તો ભગવાન સિવાય કોઈને ઓળખતો નથી. ભગવાન તેનું સર્વસ્વ છે. ભગવાન એક જ તેનો મુખ્ય આશ્રય છે. તે ભગવાન માટે જ જીવે છે. તેને માટે જ કાર્યો કરે છે. ઈશ્વર જ તેનો આધાર, તેનું બળ, તેની આશા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. તુલસીદાસ કહે છે,

**एक भरोसो एक बल, एक आस विसवास ।**
**एक राम घनश्याम हित चातक तुलसीदास ॥**

ભક્ત તો ચાતકની માફક કેવળ ભગવાનમાં જ ચિત્ત લગાવી તેના પર નિર્ભર છે. ભગવાનને માટે જ તે શરીર ધારણ કરી છે, તેને માટે જ ખાયપીએ છે, તેને માટે જ સૂવે-બેસે છે, હરેફરે છે, લેણ-દેણ કરે છે અને જે કાંઈ કરે છે તે તેને માટે જ છે.

ભક્ત ભગવાન સિવાય કોઈનું અસ્તિત્વ માનતો જ નથી, તો પછી બીજા કોઈનો આશ્રય મેળવવાની તો વાત જ ક્યાં રહી?

આ સંસારની બધી વસ્તુઓ તો નાશવંત છે. આ જગતના ઉત્પાતમાંથી ભગવાન સિવાય કોઈ બચાવી શકે નહિ. આથી જ ભક્ત ભગવાન સિવાય કોઈના પર આધાર રાખતો નથી, કારણ કે ભગવાન અવિનાશી અને દયાશીલ છે.

પતિવ્રતા સ્ત્રીની દષ્ટિએ પોતાના પતિ સિવાય બીજા કોઈ પુરુષનું અસ્તિત્વ જ હોતું નથી. આ જ પ્રમાણે, ભક્તને તેના પ્રિયતમ ભગવાન સિવાય બીજું કાંઈ જ અસ્તિત્વમાં હોતું નથી. એ તો પોતાના પ્રેમ અને ભક્તિના મૂળ ભગવાન સાથે એક જ થઈ ગયો હોય છે.

મન વ્યક્તિઓને, વસ્તુઓને અને સ્થળોને જળોની માફક વળગી રહે છે. જ્યાં જરા પણ આનંદ જેવું હોય ત્યાં મન રાગથી ચોંટી રહે છે. આવાં બધાં આનંદનાં કેન્દ્રોનો ત્યાગ કરવો જોઈએ. આમ બને તો જ મનને એકાગ્રતાથી ભગવાન તરફ ફેરવી શકાય. મન તો વાંદરાની માફક કૂદતું જ રહે છે. થોડી વાર મિઠાઈનો વિચાર કરે છે તો કોઈ વાર ફળનો અને વળી સિનેમાનો વિચાર કરે છે. એને મિત્રો સાથે ગપ્પાં મારવા વધારે ગમે છે. પાંચ ઈન્દ્રિયો મનને આમતેમ ખેંચ્યા કરે છે અને તેથી તે અશાંત છે.

વિવેક અને વૈરાગ્યથી આવાં બધાં આનંદપ્રમોદના કેન્દ્રોનો નાશ કરવો જોઈએ. ત્યાર પછી જપ અને ધ્યાનના સતત અભ્યાસથી મનને ઈશ્વરાભિમુખ કરવું જોઈએ. મન સાથેનો આ [illegible] કંઈ નાનોસૂનો ન માની બેસશો. ગંગાજીના જળ પાછાં બદ્રિનારાયણ ચડાવવાં કેટલું મુશ્કેલ છે? તમારા મનને ઈશ્વરાભિમુખ કરવું એ તો તેના કરતાં પણ અનેકગણું મુશ્કેલ છે. વિષયો પ્રત્યે મનને કેંદ્રિત કરવું ઘણું સહેલું છે, કારણ કે તે તો મનનો સ્વભાવ જ છે. આથી ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :—

**मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।**
**निवसिष्यसि मय्येव अत उर्ध्वं न संशयः ॥** (ગી. ૧૨-૮)

તારા મનને મારામાં (ઈશ્વરમાં) લગાવ, તારી બુદ્ધિને પણ મારામાં લગાવ. આથી તું મારામાં નિવાસ કરીશ એમાં જરા પણ સંશય નથી.

**अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।**
**अभ्यासयोगेन ततो माम् इच्छाप्तुं धनंजय ॥** (ગી. ૧૨-૯)

જો તું મનને મારામાં સ્થિર કરવા સમર્થ ન હો તો હે અર્જુન! અભ્યાસયોગ દ્વારા મને પ્રાપ્ત કરવા ઈચ્છા કર.

ધારણાના અભ્યાસમાં ખૂબ ધીરજ અને સતત પુરુષાર્થની જરૂર છે. એક થાંભલા સાથે બાંધેલું પક્ષી શરૂઆતમાં તો આમતેમ ઊડવાનો પ્રયત્ન કરે છે, પરંતુ જ્યારે તે થાકે ત્યારે ઊડવાનો પ્રયત્ન છોડી થાંભલા પર સ્થિર થઈ બેસે છે. આ પ્રમાણે, મન વિષયભોગોથી થાકીને અંતે ભગવાનમાં આરામ કરશે. આ માટે સતત ધારણા અને અનન્ય ભક્તિની આવશ્યકતા રહે છે.

## સૂત્ર - ૧૧.

## लोकवेदेषु तदनुकूलाचरणं तदविरोधिषु उदासीनता।

(**લોકવેદેષુ** - લૌકિક અને વૈદિક કર્મોમાં **તદ્દનુકૂલાચરણ** - તેને (ભગવાનને) અનુકૂળ કર્મ કરવાં **તદ્** - તેના (ઈશ્વરના) **વિરોધિષુ ઉદાસીનતા** - પ્રતિકૂળ વિષયમાં ઉદાસીનતા (છે)

**અર્થ :- લૌકિક અને વૈદિક કર્મોમાં ભગવાનને અનુકૂળ કર્મ કરવાં (એનો અર્થ એ કે) તેના પ્રતિકૂળ વિષયોમાં ઉદાસીનતા** (રાખવી).

**વિવરણ**:- ૮ માં સૂત્રમાં આપણને આપણી કાર્યશક્તિ અને વિચારશક્તિને ઈશ્વરાભિમુખ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ સૂત્રમાં પુનઃ લૌકિક અને વૈદિક કર્મો કરવાની સલાહ આપવામાં આવે છે. આથી સાધકના મનમાં ભ્રાંતિ થવાની શકયતા છે; પરંતુ જરા વિચાર કરતાં સમજાશે કે લૌકિક અને વૈદિક કર્મોમાં પણ ઈશ્વરને પ્રતિકૂળ કર્મો કરવાની ના કહેવામાં આવે છે; અથવા તો સ્વાર્થપૂર્ણ પ્રવૃત્તિઓ કરવાની પણ ના કહેવામાં આવી છે. જે કાર્યોથી સદ્‌ગુણોનું ઉપાર્જન થાય અને ભક્તિનો વિકાસ થાય તેવા કર્મો તો નિયમિત કરવાં જ જોઈએ. ૯ માં સૂત્રમાં ભક્તિના વિકાસમાં જે અવરોધો બતાવવામાં આવ્યાં છે, તેનું અહીં પુનઃ ઉચ્ચારણ કરવામાં આવ્યું છે.

જ્યારે તમે યજ્ઞ, દાન, તપ, વગેરે કાર્યો કરો ત્યારે તમને ઈશ્વરમાં અડગ શ્રદ્ધા હોવી જોઈએ. તમારાં સર્વ કાર્યો તેને (ઈશ્વરને) માટે જ હોવા જોઈએ. આમ કરવું શકય બનશે તો તમે જલદીથી પ્રગતી સાધી શકશો.

ગીતા, ભાગવત, રામાયણ અને એવા બીજા પવિત્ર ધર્મગ્રંથો ભક્તના માર્ગદર્શક છે. ગુરુ આ ગ્રંથોનું રહસ્ય ભક્તોને સમજાવી તેમને માર્ગદર્શન આપે છે.

ભક્ત એક પણ કાર્ય એવું નહિ કરે કે જે ઈશ્વરેચ્છાથી પ્રતિકૂળ હોય અને જે ભક્તિના વિકાસમાં ઉપયોગી ન હોય.

ભક્ત પ્રહ્‌લાદે પોતાનાં નાસ્તિક પિતાનો ત્યાગ કર્યો. વિભીષણે પોતાના આસુરી ભાઈને છોડયો, ભરતે પોતાની માતાની આજ્ઞા નકારી. રાજા બલિએ પોતાના ગુરુ શુક્રાચાર્યની શિખામણનો સ્વીકાર કર્યો નહિ. વ્રજવનિતાઓએ પોતાના પતિઓની આજ્ઞા પર ધ્યાન આપ્યું નહિ. આમ છતાં, આ બધાં જગતને માટે કલ્યાણકારી માન્યાં ગયાં છે.

ઈશ્વરસાક્ષાત્કાર સુધી પહોંચાય ત્યાં સુધી શાસ્ત્રાનુકૂળ અને ઈશ્વરને અનુકૂળ કર્મો જ ભક્ત કરે છે. ઈશ્વરથી પ્રતિકૂળ કર્મો, જેવાં કે ચોરી, વ્યભિચાર, માંસાહાર, મદિરાપાન, વગેરે તે કદી કરતો નથી. સ્વાર્થી કાર્યોનો તો તે વિચાર સુદ્ધાં કરતો નથી.

કર્મના ચાર પ્રકાર છે - નિત્ય, નૈમિત્તિક, કામ્ય અને નિષેધ. ઉપર જણાવ્યું છે તે પ્રમાણે ચોરી, વ્યભિચાર, માંસાહાર, મદિરાપાન, વગેરે નિષેધ કર્મ છે અને તે સર્વને માટે ત્યાજય છે. કામ્ય (સકામ) કર્મ બંધનકારક અને જન્મ મૃત્યુના ચક્કરમાં ફસાવનાર હોઈ તે પણ 'काम्यानां कर्मणां न्यासः' અનુસાર ત્યાજય ગણવાં જોઈએ. નિત્ય (અનિવાર્ય) અને નૈમિત્તિક (પ્રાસંગિક) કર્મો ફળ

કર્મો ફળાસક્તિ છોડી કેવળ લોકકલ્યાણ અને ઈશ્વર પ્રીત્યર્થે કરવાં જોઈએ. ભગવાનથી પ્રતિકૂળ કર્મો ન કરવાં તેનો અર્થ તેનાથી વિરોધ કર્મોમાં ઉદાસીનતા. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે —

**श्रेयो हि ज्ञानमभ्यासात् ज्ञानात् ध्यानं विशिष्यते ।**
**ध्यानात् कर्मफलत्यागः त्यागात् शान्तिरनन्तरम् ॥** (ગી. ૧૨-૧૩)

કારણ કે અભ્યાસ કરતાં (પરોક્ષ) જ્ઞાન શ્રેષ્ઠ છે. આ જ્ઞાન કરતાં (પરમેશ્વરનું) ધ્યાન શ્રેષ્ઠ છે. સર્વ કર્મનાં ફળનો ભગવાનને માટે ત્યાગ કરવો તે ધ્યાન કરતાં શ્રેષ્ઠ છે; અને ત્યાગથી તત્કાળ શાંતિ મળે છે.

ધાર્મિક ક્રિયાઓ ભક્તના અંતઃકરણને પવિત્ર કરી ભક્તિનો વિકાસ કરે છે. આ બધાં કર્મો ફળાસક્તિ વિના કરવાં જોઈએ.

ભગવદ્ ગીતામાં ત્રણ પ્રકારનાં કર્મો અથવા તપનું નીચે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છેઃ

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :-

**देव द्विज गुरु प्राज्ञ पूजनं शौचम् आर्जवम् ।**
**ब्रह्मचर्यं अहिंसा च शारीरं तप उच्यते ॥** (ગી. ૧૭-૧૪)

દેવતા, બ્રાહ્મણ, ગુરુ અને જ્ઞાની જનોનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા : આ (બધાં) શરીર સંબંધી તપ કહેવાય છે.

**अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।**
**स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥** (ગી. ૧૭-૧૫)

મનની પ્રસન્નતા, શાંતભાવ, મૌન, મનનો નિગ્રહ અને અંતઃકરણની પવિત્રતા - આ બધાં મન સંબંધી તપ કહેવાય છે.

આ ત્રણે પ્રકારના તપ મનને પવિત્ર કરે છે, અને એ યાદ રાખવું જોઈએ કે મન શુદ્ધ થયા વિના ભક્તિનો વિકાસ શકય બનતો નથી.

આગ્નહોત્ર, બ્રહ્મયજ્ઞ, ત્રિકાળ સંધ્યા, પંચ મહાયજ્ઞ, વિગેરે બધાં ચિત્તશુદ્ધિના કાર્યો છે.

મનસ્મૃતિ અને યાજ્ઞવલ્કયસ્મૃતિને તમારા દરેક કાર્ય માટે જીવનનાં

માર્ગદર્શક બનાવવાં જોઈએ. સાચું પ્રાયશ્ચિત પાપોનો નાશ કરે છે. આવાં શાસ્ત્રો મેળવવાં અથવા તેની મદદ લેવી તમને મુશ્કેલ લાગે તો તમારા ગુરુ અથવા આચાર્યની મદદ અને સલાહ લો. તેઓ તમને અવશ્ય માર્ગદર્શન આપશે.

## सूत्र - १२.

### भवतु निश्चयदाढयात् उर्ध्वं शास्त्ररक्षणम् ।

(**ભવતુ** - પણ **નિશ્ચયદાઢ્ર્યાત્** - **ઊર્ધ્વ** ઉચ્ચતમ સ્થિતિમાં સ્થિર થયા પછી **શાસ્ત્રરક્ષણમ્** - શાસ્ત્રોનું રક્ષણ (શાસ્ત્રાનુકૂળ આચરણ)

અર્થ :- ઉચ્ચતમ સ્થિતિમાં સ્થિર થયા પછી પણ શાસ્ત્રોનું રક્ષણ કરવું જોઈએ - એટલે શાસ્ત્રાનુકૂળ આચરણ કરવું જોઈએ.

**વિવરણ :-** જ્યાં સુધી ઈશ્વરની પ્રતીતિ ન થાય અથવા તો જ્યાં સુધી ભક્તિનો પૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી શાસ્ત્રોની આજ્ઞાનું પૂર્ણતઃ પાલન કરવું જ જોઈએ. શાસ્ત્રાનુકૂળ કર્મો ખંતથી કરતા રહેવું જોઈએ. ઉચ્ચતમ સ્થિતિએ પહોંચ્યા પછી પણ શાસ્ત્રોને માન આપવું જોઈએ. શાસ્ત્રો તો ભગવાનની પોતાની જ વાણી છે. તે સાધકનો માર્ગ પ્રકાશિત કરનાર જ્યોતિ છે. શાસ્ત્રોએ બતાવેલ માર્ગે જતાં જો તમે ચૂકશો તો તમે નીચે પડશો.

કેટલાયે અજ્ઞાની સાધકો એમ માની બેસે છે કે તેઓએ તો પૂર્ણતા પ્રાપ્ત કરી લીધી છે તેથી તેઓ શાસ્ત્રોના નિયમોથી પર છે. એટલે તેઓ તેનું પાલન કરતા નથી. આ બધા તો ભ્રમમાં ભૂલા પડેલા જીવ છે. એ બધા જરૂર નીચે પડવાના.

ભક્ત અથવા સાચો સાધક પોતાના નિશ્ચયમાં દૃઢ હોવો જોઈએ. એણે પહેલાં તો પોતાનો આદર્શ ચોક્કસપણે નક્કી કરી લેવો જોઈએ અને તે અનુસાર જીવન ઢાળવું જોઈએ.

**શાસ્ત્રરક્ષણમ્** — શાસ્ત્રોનું રક્ષણ એટલે પાલન.

જ્યારે સાધક ધર્મમાં સ્થિર થાય છે ત્યારે તો તે શાસ્ત્રરક્ષણ માટે યોગ્ય બને છે. હવે તે શાસ્ત્રરક્ષણ કરવા શક્તિશાળી બને છે. જેઓ પૂર્ણતાએ પહોંચ્યા નથી તેઓ પણ શાસ્ત્ર — આજ્ઞાનું પાલન કરી, શાસ્ત્રનું રક્ષણ કરી શકે છે.

આત્મસાક્ષાત્કાર પામેલ વ્યક્તિએ તો શાસ્ત્રની આજ્ઞાને આચરણમાં મૂકવી જ જોઈએ. આ રીતે જેઓ તે રસ્તે જવા પ્રયત્ન કરી રહ્યા હોય છે તેમને તેઓ

આદર્શ અને દૃષ્ટાંતરૂપ બને. આવા પુરુષોનું આચરણ જોઈ તે પ્રમાણે સામાન્ય મનુષ્ય પોતાનું જીવન જીવવા પ્રયત્ન કરે છે. આથી જ ગીતા કહે છે—

**अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।**
**नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥** (ગી. ૪-૪૦)

ભગવદ્ વિષયને ન જાણનારા, શ્રદ્ધાહિન અને સંશયયુક્ત પુરુષ પરમાર્થથી ભ્રષ્ટ થઈ જાય છે, તેમાં પણ સંશયયુક્ત પુરુષને ન સુખ છે, નથી આ લોક, કે નથી પરલોક (આ બંને લોક તેને માટે ભ્રષ્ટ છે).

**तस्मात् शास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।**
**ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुं इह अर्हसि ॥** (ગી. ૧૬-૨૪)

એટલા માટે તારે શું કરવું અને ન કરવું એનો નિર્ણય કરવામાં શાસ્ત્ર જ પ્રમાણ છે. એમ સમજ કે શાસ્ત્રવિધિથી નિયત કર્મ કરવા યોગ્ય છે.

મનને ગમે એવી રીતે વર્તવા દેશો નહિ. શાસ્ત્રાજ્ઞા અનુસાર આચરણ કરનાર સાધક જલદીથી વિકાસ પંથે આગળ વધે છે. એનું મન કદાપિ અશાંત બનશે નહિ. એ તો હંમેશ પ્રસન્નચિત્ત અને નિર્ભય હશે. તે સદા સંતોષી હોય છે. તે પોતે સમજી શકે છે કે પોતે સાચા માર્ગે છે અને ધીમે ધીમે વિકાસ સાધી રહ્યો છે. તે ઈશ્વરનું સાન્નિધ્ય અનુભવે છે.

શાસ્ત્રો નિશ્ચિત છે. વેદો તો સાક્ષાત્ ભગવાનના મુખમાંથી પ્રગટ થયા છે, એટલે કે એમની જ વાણી છે અને પરંપરાથી ઋષિઓ અને તત્ત્વદર્શી મહાત્માઓ એ જ્ઞાન પોતાના શિષ્યોને આપતા આવ્યા છે. જ્યાં સુધી આ જગતનું અસ્તિત્વ છે ત્યાં સુધી શાસ્ત્રો રહેશે અને સાધકોને સત્ય અને સદાચારનું માર્ગદર્શન આપનાર ઋષિમુનિઓ પણ હશે. આ કળિયુગમાં આવા ઋષિમુનિઓ ભલે ઓછા હશે પણ હશે ખરા. પુસ્તકો અનાદિ હોતા નથી, પરંતુ એ પુસ્તકોમાં રહેલું જ્ઞાન અનાદિ છે.

ઈશ્વરના અસ્તિત્વમાં દૃઢ વિશ્વાસ પેદા કરવા માટે કાંઈ વધારે તર્કશક્તિ અને જ્ઞાનની આવશ્યકતા હોતી નથી. મને તો સમજમાં આવતું નથી કે સમાજવાદી અને ભૌતિકવાદી વૈજ્ઞાનિકો શા માટે આ બાબત પર નકામી મગજમારી કરતા હશે? આ એક દયાજનક સ્થિતિ છે.

ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકારવામાં તેમને અહંકાર આડે આવે છે, પછી ભલે અંતરમાં તો એ માનતા હોય. એ ન માનતા હોય તો પણ એ (ઈશ્વર)

તો અનાદિકાળથી પ્રકાશિત છે અને રહેશે. ઘુવડ માને કે ન માને તો પણ સૂર્યનું અસ્તિત્વ તો છે જ. તેમના ચિત્તમાં પુષ્કળ અશુદ્ધિઓ છે, કે જે તેમની વિવેકશક્તિને આવરી લે છે. તેમના અંતઃકરણમાં પાપ છે અને તેમની બુદ્ધિ પણ વિપથગામી બની જાય છે.

જ્યાં સુધી છોડ નાનો હોય છે ત્યાં સુધી તેને ફરતી વાડ કરી તેનું રક્ષણ કરવામાં આવે છે. તે જ પ્રમાણે નવા સાધકનું પણ રક્ષણ કરવું જોઈએ. જો નવો સાધક નાસ્તિકો સાથે હળશેમળશે તો એની શ્રદ્ધા ડગી જશે. તેણે તો સાધુસંત, મહાત્માઓ અને ભક્તોના સમાગમમાં રહેવું જોઈએ. એમનો સત્સંગ નવા સાધકો માટે લોખંડી કિલ્લા સમાન છે. જો શાસ્ત્રાજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવામાં આવે તો એની શ્રદ્ધા કદી પણ ડગે નહિ. લાકડામાં ખીલી બેસારવા માટે એના પર વારંવાર હથોડો મારવો પડે છે. તે જ પ્રમાણે શાસ્ત્રની આજ્ઞાને ચુસ્ત રીતે વળગી રહેવાથી સુસંસ્કાર અને શ્રદ્ધા દૃઢ થાય છે. આ સમજાવવાનો આ સૂત્રમાં પ્રયાસ છે.

## સૂત્ર - ૧૩.

## अन्यथा पातित्याशाङ्कया

(**અન્યથા** - નહિ તો **પાતિત્યાશંકયા** - પડવાનો ભય છે)

**અર્થ : નહિ તો પડવાનો ભય છે.**

**વિવરણ :-** જે સાધકે થોડો ઘણો આધ્યાત્મિક વિકાસ સાધ્યો હોય તે જો સાવચેત ન રહે અને શાસ્ત્ર - આજ્ઞાઓનું પાલન ન કરે તો તે પોતાની જૂની પુરાણી ટેવોમાં પાછો પડી જશે. જે સાધક શાસ્ત્રોએ સૂચવેલ સદાચારના નિયમોનો ઈરાદાપૂર્વક ભંગ કરે છે તે તો ખરાબ રીતે નીચે પડે છે. એ તો પુનઃ તેની પૂર્વવત અજ્ઞાન સ્થિતિમાં ફરીથી પડે છે. ગીતા કહે છે —

**यः शास्त्रविधिं उत्सृज्य वर्तते कामकारतः ।**
**न स सिद्धिं अवाप्नोति न सुखं न परां गतिम् ॥** (ગી. ૧૬-૨૩)

જે પુરુષ શાસ્ત્રવિધિનો ત્યાગ કરી, પોતાની ઈચ્છા પ્રમાણે વર્તે છે તે ન તો સિદ્ધિ પ્રાપ્ત કરે છે, કે ન તેને પરમ ગતિ અથવા સુખ મળે છે.

શાસ્ત્રોક્ત આજ્ઞા ના અમલીકરણમાં, તેના પ્રયોગમાં સમયાનુસાર અલબત ફેરફાર થતો રહે છે. સમય અને સંયોગો અનુસાર તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા પણ હોય છે.

આત્માસાક્ષાત્કાર પ્રાપ્ત સિદ્ધ પુરુષોએ પોતાના આધ્યાત્મિક અનુભવના આધાર પર જૂની શાસ્ત્રાજ્ઞાઓને વર્તમાન સમયના સંદર્ભમાં ચકાસવી જોઈએ. તેમાંથી અનાવશ્યક વસ્તુઓ બાદ કરી, સાધકને માટે એની ઉપયોગિતા તથા શક્તિને અનરૂપ બનાવવી જોઈએ. આમ થાય તો જ શાસ્ત્રરક્ષણ થઈ શકે.

માયા મહા બળવાન છે. મોહ અને કામનાની શક્તિ અદ્‌ભુત છે, તેથી જ ભગવાન શ્રી કૃષ્ણ કહે છે : —

**यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।**
**इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥** (ગી. ૨-૬૦)

હે અર્જુન, પ્રયત્નશીલ પુરુષોના મનને પણ ચંચળ ઈન્દ્રિયો બળાત્કારે ખેંચી જાય છે.

**इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।**
**तदस्य हरति प्रज्ञां वायुः नावमिवाम्भसि ॥** (ગી. ૨-૬૭)

કારણ કે જેવી રીતે પવન નાવને ખેંચી જાય છે, તેવી જ રીતે વિષયોમાં વિચરતી ઈન્દ્રિયોની વચમાં, જે ઈન્દ્રિયની સાથે મન રહે છે તે ઈન્દ્રિય પુરુષની બુદ્ધિને હરી જાય છે.

તમે બધા જાણો છો કે, વિશ્વામિત્ર જેવા મહાન તપસ્વી પણ મેનકાના રૂપમાં ફસાયા. આ જગત પ્રલોભનોથી ભરપૂર છે. તેમાં હર ક્ષણે પડવાનો ભય રહે છે. નવો સાધક આ પ્રલોભનોની સામે ટકી શકતો નથી. સાધકે તો ખૂબ સાવચેત અને જાગૃત રહેવું જોઈએ. તેણે શાસ્ત્રાજ્ઞાનું **પૂર્ણતઃ** પાલન કરવું જોઈએ. આ તેને નીચે પડતાં અટકાવશે. થોડી પ્રગતિ કર્યા પછી પોતાની પરીક્ષા કરવાની ઉતાવળ ન કરવી જાઈએ. ઈન્દ્રિયો બળવો કરશે, મન ઉગ્ર બની જશે અને તે કામનો ભોગી બની પડશે. હાલના જમાનામાં આવા યોગભ્રષ્ટનાં દૃષ્ટાંતો ઘણાં મળે છે. સાધક અખતરાં કરવા જાય અને તે પડે છે. જૈમિનીની તેના ગુરુ વેદવ્યાસજીએ પરીક્ષા લીધી હતી. તે બ્રહ્મચર્ય પાલનમાં નિષ્ફળ નીવડ્યા. એટલું શારીરિક નિયંત્રણ પૂરતું નથી. મનમાં એક પણ નબળો વિચાર ન આવવો જોઈએ. આ સ્થિતિ તે ઉત્તમ પ્રકારનું માનસિક શૌચ કહેવાય. ગીતાચાર્ય કહે છે :-

**कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।**
**इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥** (ગી. ૩ - ૬)

જે મૂઢબુદ્ધિ પુરુપ કર્મેન્દ્રિયોને હઠથી રોકીને ઈન્દ્રિય ભોગોનું મનથી ચિંતન કરે છે તે મિથ્યાચારી અથવા દંભી કહેવાય છે.

કેટલાક મૂર્ખ સાધકો હિમાલયમાં ૪-૫ વર્ષ સાધના કરે છે, ધ્યાનાવસ્થામાં પ્રકાશ જુએ છે અને અનાહત નાદ સાંભળે છે અને માની બેસે છે કે પોતાને સાક્ષાત્કાર થઈ ગયો છે. તેઓ પ્રવચન કરવા નીકળી પડે છે. દુન્યવી લોકો જોડે હળેમળે છે અને પરિણામે તેઓ ખરાબ રીતે નીચે પડે છે. તેણે જે બાર વર્ષની સાધનામાં મેળવ્યું હતું તે બાર સેકન્ડમાં ગુમાવે છે. કારણ કે એણે પૂરી સાવચેતી વિના દુન્યવી માણસોનો સહવાસ કર્યો. જ્યાં સુધી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાધકે સમાજની વચ્ચે આવવું જોઈએ નહિ.

## સૂત્ર - ૧૪.

### लोकोऽपि तावद् एव किन्तु भोजनादि - व्यापारः तु आशरीरधारणावधि

(**લોકોઽપિ** - લૌકિક કર્મો પણ **તાવદ્એવ** - ત્યાં સુધી **કિન્તુ** - પરંતુ **ભોજનાદિવ્યાપાર** -ભોજન વગેરે કાર્યો, **તુ** - તો **આશરીરધારણાવધિ** આ શરીર રહેશે ત્યાં સુધી કરવાં પડશે.)

**અર્થ - લૌકિક વ્યવહાર તો (બાહ્યજ્ઞાન રહેશે ત્યાં સુધી વિધિપૂર્વક) કરવા જોઈએ. પણ ભોજન વગેરે કાર્યો તો શરીર રહેશે ત્યાં સુધી ચાલુ રહેશે જ.**

**વિવરણ** - મનુષ્યોએ પોતાની જીવન વ્યવહારની ફરજો જેવી કે, કુટુંબનું ભરણપોષણ કરવું વગેરે સંભાળપૂર્વક કરવા જોઈએ અને તેની સાથોસાથે શાસ્ત્ર આજ્ઞા અનુસાર ધાર્મિક કાર્યો પણ કરતા રહેવું જોઈએ. એક સમય એવો આવશે જ્યારે બધી ધાર્મિક તેમજ સાંસારિક પ્રવૃત્તિઓ એની મેળે જ જતી રહેશે.

શરીરધારણાનો અર્થ ફક્ત જીવતા રહેવું એટલું જ બસ નથી, પરંતુ સ્વાસ્થ્ય જાળવવું જોઈએ. સુંદર સ્વાસ્થ્ય વિના આપણે ઈશ્વરની અથવા લોકોની સેવા કરી શકીએ નહિ. શાસ્ત્રાજ્ઞાની સાથે સાથે લોકરીતિનું પણ અનુસરણ કરવું જોઈએ. શરૂઆતના કાળમાં આ જરૂરી છે. જ્યારે સાધક પૂર્ણ રીતે ભક્તિમાં સ્થિર થઈ જાય ત્યારે ધાર્મિક તેમ જ લોકરીતિનો તે ત્યાગ કરી શકે છે. જેમ જેમ ભક્તિ અને પવિત્રતા વધતી જશે તેમ તેમ તેનાં કર્મો એની મેળે ખરી પડશે, છતાંએ ખાવું પીવું વગેરે જીવન વ્યવહારનાં કાર્યો તો જીવન હશે ત્યાં સુધી ચાલુ રાખવાં જ પડશે.

● □ ●

## ૫. ભક્તિની વિભિન્ન પરિભાષા

**સૂત્ર - ૧૫.**

तल्लक्षणानि वाच्यन्ते नानामतभेदात्।

(**तद् लक्षणानि** - તેનાં (ભક્તિનાં) લક્ષણો, **वाच्यन्ते** - વર્ણન કરવામાં આવે છે, **नानामतभेदात्** - વિવિધ મત અનુસાર)

**અર્થ - વિવિધ મત અનુસાર ભક્તિનાં લક્ષણોનું વર્ણન કરવામાં આવે છે.**

**વિવરણ** - ભક્તિનાં આવશ્યક લક્ષણોની બાબતમાં તો બધા વિચારકો એકમત છે. પરંતુ તેના લક્ષણોમાંથી એક યા બીજાને પ્રધાન ગણી તે પ્રમાણે તેની વ્યાખ્યા કરે છે. જુદા જુદા આચાર્યોએ ભક્તિની જુદી જુદી વ્યાખ્યા કરી છે. આ બધી વ્યાખ્યાઓનું વર્ણન કર્યા પછી મહર્ષિ નારદજી પોતાના મતનું વર્ણન કરે છે.

ભક્તોનો આંતરિક અનુભવ તો માનસિક હોય છે. ભક્તની માનસિક સ્થિતિ તો તે પોતે જ જાણી શકે છે. ભક્તો બાહ્ય જીવનમાં જુદી જુદી રીતે વર્તે છે. કારણ કે તેમના હૃદયમાં જેમ જેમ પરિવર્તન થતું જાય છે તેમ તેમ તેમનું બાહ્ય વર્તન પણ બદલાતું જાય છે.

હવે પછીનાં નવ સૂત્રોમાં નારદજી બીજા સંતોએ કરેલ ભક્તિની વ્યાખ્યાનું વર્ણન કરે છે. અને અંતમાં બતાવે છે કે પોતાની વ્યાખ્યા બીજા કરતાં વધારે પૂર્ણ છે.

કોઈ બે મન કદી સરખા હોતાં નથી, તેથી ભક્તિના વિચારમાં, વર્ણનમાં અને અનુભવમાં તફાવત હોય છે. વર્ણનમાં તફાવત હોય એનો અર્થ એવો ન થાય કે ભક્તોના અનુભવમાં પણ ભિન્નતા હોય છે.

આનંદલહરીમાં શ્રી શંકરાચાર્ય ભક્તિનું વર્ણન કરતાં કહે છે કે જેમ સોય લોહચુંબકને ચોંટી જાય છે, જેમ વેલ ઝાડને વીંટાઈ જાય છે, અને જેમ પતિવ્રતા સ્ત્રી પતિને વળગી રહે છે, તેમ ભક્તિમાં મન ઈશ્વરને ચરણે ચોંટી રહે છે.

દેવી ભાગવતમાં ભક્તિને તૈલધારાવત્ વર્ણવી છે, એનો અર્થ એ કે ભગવાનના જ વિચારો સતત આવ્યા કરે છે.

ભાગવતમાં મૈત્રેય કહે છે કે ભક્તિ તો મનનું સ્વાભાવિક વિશ્રામસ્થાન છે.

પ્રહલાદ કહે છે કે સાંસારિક મનુષ્યોને દુન્યવી વસ્તુઓ પ્રત્યે જે પ્રેમ અને મમતા હોય છે તેને ઈશ્વર પ્રત્યેના પ્રેમમાં ફેરવી નાખવાં તેનું નામ ભક્તિ છે.

શ્રી રામાનુજાચાર્ય પ્રેમ સહિત ધ્યાનને ભક્તિ કહે છે.

આ પ્રમાણે જુદા જુદા મતમતાંતરો છે. આ મતોમાં વિવિધતા હોવાનું કારણ એ છે કે જુદા જુદા ભક્તો જુદી જુદી ભૂમિકામાં હોય છે અને બદલતા માનસિક વાતાવરણમાં હોય છે તે છે. ભક્તિના પ્રધાન અથવા આવશ્યક લક્ષણો વિષે તો બે મત અથવા ભિન્નતા હોઈ શકે નહિ.

## સૂત્ર - ૧૬.

### पूजादिषु अनुराग इति पाराशर्यः ॥

(**પૂજાદિષુ** - પૂજા આદિમાં **અનુરાગ** - પ્રેમ **ઈતિ** - તેમ **પારાશર્ય** - પરાશરનન્દ વ્યાસજી)

**અર્થ - પરાશરનન્દન વ્યાસજીના મત અનુસાર ભગવાનની પૂજા વગેરેમાં પ્રેમ હોવો તે ભક્તિ છે.**

**વિવરણ** - ભગવાનના પ્રતીકસમી મૂર્તિથી માંડીને વિરાટપૂજન સુધી પૂજાનો વિસ્તાર છે. પૂજાના બે પ્રકાર છે - બાહ્ય અને આંતરિક અથવા માનસિક. ભકત જ્યારે ભક્તિમાં સ્થિર થઈ જાય છે ત્યારે સાંસારિક વસ્તુઓમાંથી એનું મન આપમેળે પાછું વળી જાય છે. આવા ભક્તોને આનંદમય પરમપદ પ્રાપ્ત થાય છે. સતત અને કઠિન ધ્યાનના અભ્યાસથી ભક્ત પરમ તત્ત્વની સાથે એક થઈ જાય છે.

આપણા હૃદયમાં રહેલ ઈશ્વરનું પૂજન કરવું તે માનસિક પૂજા છે. બાહ્ય પૂજા કરતાં માનસિક પૂજા વધારે શક્તિશાળી છે. અર્જુનની બાહ્ય પૂજા કરતાં ભીમની માનસિક પૂજા વધારે અસરકારક હતી.

બાહ્ય પૂજાનાં સોળ અંગ હોય છે -- આહ્‌વાનમ્ (આમંત્રણ આપવું) આસનં (બેઠક આપવી), પાદ્યં (પાદપ્રક્ષાલન), અર્ધ્યં, આચમનં, મધુપર્ક, સ્નાનં, વસ્ત્રં, યજ્ઞોપવીતં, ગંધ અને અક્ષતં, પુષ્પં, ધૂપં, દીપં, નૈવેદ્યં, તાંબુલં, નિરંજનં (કપૂરની આરતી).

પૂજન ઉપરાંત મંદિરમાં મરામત કરવી, રંગવું, ત્યાં પાણીની વ્યવસ્થા

કરવી, મૂર્તિ બનાવવી, મંદિર જવા માટે વાહનની વ્યવસ્થા કરવી, નિયમિત ફૂલ, ચંદન અગરબત્તી, નૈવેદ્ય, વગેરે પહોંચાડવું વગેરેનો 'પૂજાદિષુ' શબ્દમાં સમાવેશ થાય છે.

પ્રહલાદે કહ્યું, ''હે હરિ! હું તારું ધ્યાન કરું છું ત્યારે મારા હૃદયમાંથી વહેતો પ્રેમનો સતત ઝરો મને કદી ત્યાગે નહિ.'' શરૂઆતમાં ભક્તિ વધે છે અને ઓછી થાય છે. જ્યારે ભક્તિનો વિકાસ થાય છે ત્યારે ભક્તને ભગવાનનાં ચરણકમળ પ્રત્યે અત્યંત અનુરાગ થાય છે અને એક ક્ષણ માટે પણ એનું મન લક્ષ્યથી ખસતું નથી. આનું નામ અનુરાગ.

## સૂત્ર - ૧૭.

### कथादिषु इति गर्गः ॥

(**કથાદિષુ** - કથા વગેરેમાં **ઈતિ** - તેમ, **ગર્ગ** :- ગર્ગ)

**અર્થ - શ્રી ગર્ગાચાર્યના (મત અનુસાર) ભગવાનની કથા વગેરેમાં (અનુરાગ હોવો) તે ભક્તિ છે.**

**વિવરણ** :- ભક્તિના પ્રખર પ્રચારક ઋષિ ગર્ગ માને છે કે ભગવાનની લીલા, કથાઓનું શ્રવણ અને આધ્યાત્મિક વાતો પ્રત્યે આકર્ષણ હોવું એ ભક્તિનું લક્ષણ છે.

ભગવાનના અવતારોની વાતો ઉન્નત કરનાર અને પ્રેરણાત્મક હોય છે. શ્રવણ કરનારા હૃદયમાં તે ભક્તિનું સિંચન કરે છે. એ વાતો સાંભળવામાં અદ્‌ભુત અને અનોખો આનંદ આવે છે. શ્રદ્ધાળુ ભક્ત ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણની વાતો સાંભળતા સાંભળતા પોતાની જાતને ભૂલી જાય છે. આવી વાતોનું શ્રવણ મનની અશુદ્ધિઓ દૂર કરે છે અને આત્મસાક્ષાત્કાર સુધી લઈ જાય છે.

**કથાદિષુ** - કથા વગેરેમાં. એટલે તેમાં આવી વાતોનું વાચન, કીર્તન, સંકીર્તન, જપ, પ્રાર્થના, સ્તોત્રો, ભજન, વગેરે આવી જાય છે.

**मच्चित्ता मद्‌गतप्राणा बोधयन्तः परस्परम् ।**
**कथयन्तः च माम् नित्यं तुष्यन्ति च रमन्ति च ॥** (ગી. ૧૦-૯)

નિરંતર મારામાં મન લગાવનાર, મને પ્રાણ અર્પણ કરનાર ભક્તજન મારા પ્રભાવની ગુણકથાઓ શ્રવણ કરતાં સંતુષ્ટ બને છે અને મારામાં જ નિરંતર રમણ કરે છે.

મહર્ષિ નારદજી તો હરહંમેશ હરિના કીર્તન કરતા જ હોય છે. રાજા પરીક્ષિત શ્રીશુકદેવજી પાસેથી ભાગવતમાં હરિનાં ગુણગાન સાભળતાં ખૂબ જ આનંદિત થઈ ગયા હતા.

ભગવાનનાં યશોગાન શ્રવણ કરતાં મનુષ્ય આધ્યાત્મિક માર્ગે જવા પ્રેરાય છે. આ વાતો સાંભળીને રાજા પરીક્ષિતને મોક્ષ મળ્યો. માણસને સંસારરૂપી લડાઈમાં ઘણું લીલું સૂકું જોવા મળે છે. તેને આ સંસાર ગરમ ભઠ્ઠી સમ લાગે છે. કંટાળીને તે ભક્તો પાસે જાય છે અને ભગવાનની કથાઓ સાંભળે છે. આથી તેનું મન ઈશ્વર પ્રત્યે વળે છે. વિકારી રત્નાકર નારદજી પાસેથી વાતો સાંભળી બદલાઈ ગયો.

## સૂત્ર - ૧૮.

## आत्मरति अविरोधेन इति शाण्डिल्यः ।

(**આત્મરતિ** - આત્મામાં આનંદ **અવિરોધેન** - અવરોધ વિનાની **ઈતિ** - તે **શાણ્ડિલ્ય** :- ઋષિ શાણ્ડિલ્ય માને છે.)

**અર્થ :- ઋષિ શાણ્ડિલ્યના મત અનુસાર આત્માના આનંદના અવિરોધી વિષયોમાં અનુરાગ તે ભક્તિ છે.**

**વિવરણ** :- જે મનને ઈશ્વરથી વિમુખ કરે તે ભકિતના વિકાસ માટે અનુકૂળ હોઈ શકે નહિ. એના કરતાં જે કાંઈ ઈશ્વર વિષે હોય અને જે મનને સતત ઈશ્વરમાં લગાવી રાખે તે ભકિતના વિકાસને વેગવાન બનાવે છે.

ભગવાન અને તેની લીલામાં આનંદ મેળવવો તે ભક્તિનું લક્ષણ છે. તેની લીલા સાંભળવી અને તેનો અભ્યાસ કરવો એથી ભક્તિનો વિકાસ થાય છે. આ આનંદ અંતરાત્મામાંથી ઉદ્ભવે છે. ભાવાવેશમાં આત્મા ઉન્નત બને છે. આ ભક્તોનો માનસિક અનુભવ છે. માનસિક ઉત્તેજનાને તમે રખે ભક્તિ માની બેસતા !

ભક્તિ એટલે તો ભગવાનમાં સર્વોચ્ચ પ્રેમ. ભગવાન આપણા સૌમાં આત્મારૂપે રહેલો છે. આત્મા પ્રત્યે ભક્તિ તે ઈશ્વરની જ ભક્તિ છે. ઋષિ શાંડિલ્ય આત્માને ઈશ્વર માને છે. દુન્યવી આનંદ તો આ પરમાનંદની કાંઈ વિસાતમાં નથી.

ઈશ્વર આનંદસ્વરૂપ છે. જે ભક્ત ભગવાનનાં ચરણકમળમાં વાસ કરે છે તે આ પરમાનંદનો ઉપભોગ કરે છે. આવા ભક્તના ચહેરા પર દિવ્ય આભા

હોય છે અને તેની આંખો ચમકદાર હોય છે. ભક્તના સંબંધમાં આવનાર સર્વે આનંદ અનુભવે છે. જે ભક્ત હંમેશ ઉદાસ રહેતો હોય અને તેનો ચહેરો આનંદહીન દેખાય અને જો તે ચીડિયો રહેતો હોય તો સમજી લેજો કે સાધનામાં અવશ્ય કંઈક ભૂલ થાય છે. આથી તે આત્માનંદનો ઉપભોગ કરી શકતો નથી. આનંદ તો ભક્તની મહત્ત્વપૂર્ણ નિશાની છે. જીવનમુક્તોનો તો આનંદ સ્વભાવ જ બની જાય છે.

## સૂત્ર - ૧૯.

**नारदः तु तदर्पिता अखिलाचारता ।**
**तद्विस्मरणे परमव्याकुलता इति ॥**

(**નારદ** - નારદજી, **તુ** - પરંતુ, **તદર્પિતા અખિલાચારતા** -જેણે સર્વ કર્મો ભગવાનને અર્પણ કર્યાં છે, **તદ્વિસ્મરણે** તેના વિસ્મરણથી **પરમ વ્યાકુલતા** - પરમ વ્યાકુળ થવું)

**અર્થ :- દેવર્ષિ નારદના મત અનુસાર પોતાના સર્વ કર્મો ભગવાનને અર્પણ કરવાં અને ભગવાનનાં વિસ્મરણથી પરમ વ્યાકુળ થવું તે ભકિત છે.**

**વિવરણ** :- આવી ભક્તિની પરાકાષ્ઠા થતી હશે ખરી? જરૂર. આ અવસ્થા અવશ્ય શકય છે. આવાં દૃષ્ટાંતો આપણને અત્યારે પણ મળે છે.

આની પહેલાંનાં ત્રણ (૧૬-૧૭-૧૮) સૂત્રો માં શ્રી નારદજી બીજા સંતો શ્રી વ્યાસજી, શ્રી ગર્ગ અને ઋષિ શાંડિલ્યમતનું વર્ણન કરે છે અને આ સૂત્રમાં પોતાનો મત જણાવે છે.

સૂત્ર ૧૬ ક્રિયામાં ભક્તિ બતાવે છે, સૂત્ર ૧૭ વાણીમાં ભક્તિ પ્રદર્શિત કરે છે અને સૂત્ર ૧૮ માનસિક ભક્તિ પર ભાર દે છે. સંપૂર્ણ આત્મવિકાસ માટે મન, વચન અને કર્મથી ઈશ્વરભક્તિ આવશ્યક છે. નારદજી કહે છે કે જ્યાં સુધી તમે પૂર્ણ આત્મસમર્પણ ન કરો ત્યાં સુધી સાચી ભક્તિ પ્રગટે નહિ. ભક્ત જ્યારે ભગવાન અર્થે જ જીવે છે ત્યારે એ સાચો ભક્ત બને છે. ભગવતસ્મરણમાં જરા પણ ત્રુટિ આવે તો ભક્ત આકુળવ્યાકુળ બની જાય છે એમ નારદજીનું મંતવ્ય છે.

આવી માનસિક અવસ્થા તે જ પરાભક્તિ છે. પૂર્ણ આત્મસમર્પણ એ ભક્તિનું સર્વોત્કૃષ્ટ લક્ષણ છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે :-

**तपस्विभ्योऽधिको योगी ज्ञानीभ्योडपि मतोऽधिकः ।**
**कर्मिभ्यश्चाधिको योगी तस्मात् योगी भवार्जुन** ॥(ગી-૬-૪૬)

**योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।**
**श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः** ॥(ગી-૬-૪૭)

તપસ્વીઓ, શાસ્ત્રજ્ઞાનીઓ અને સકામ કર્મીઓ કરતાં પણ યોગી શ્રેષ્ઠ છે. માટે હે અર્જુન! તું યોગી બન. સર્વ યોગીઓમાં પણ ભક્તયોગી પરમ શ્રેષ્ઠ છે. કારણ કે તેને મારામાં શ્રદ્ધા છે અને પોતાના અંતરાત્માને મારામાં લગાવી એ નિરંતર મારું ભજન કરે છે.

બીજાઓની આપેલી ભક્તિની વ્યાખ્યા સાથે નારદજીને જરા પણ મતભેદ નથી. ભગવાનની પૂજા કરવી, તેનાં યશોગાન ગાવાં અને સર્વના અંતર્યામી પરમેશ્વરને ચાહવો - એ બધું આવશ્યક છે. નારદજીએ આપેલી ભક્તિની વ્યાખ્યામાં શ્રી વ્યાસજી, ગર્ગ અને શાંડિલ્યની વ્યાખાઓનો સમાવેશ થઈ જાય છે. આ રીતે દેવર્ષિની વ્યાખ્યા પૂર્ણ છે. તે ભક્તિનું રહસ્ય બતાવે છે.

પૂજા, કીર્તન, વગેરે નારદજીએ બતાવેલ ભક્તિ કરતાં ઊતરતાં છે. કારણ કે પૂજા વગેરેમાં મનુષ્ય પૂર્ણ સમર્પણ કરતો નથી.

આત્મસમર્પણથી અહંકારનો નાશ થાય છે. નિરહંકાર સહિત કરેલી નિષ્કામ સેવા જો આત્મસમર્પણ ભાવથી કરવામાં આવે તો આધ્યાત્મિક વિકાસ ત્વરિત થાય છે, એ તો ભગવાનને ધરેલ સાચો પ્રસાદ છે. આથી ભગવાન પ્રસન્ન થાય છે.

ભક્ત જ્યારે પોતાના પ્રેમી ભગવાનને વીસરી જાય છે ત્યારે એ પરમ વ્યાકુળ બની જાય છે. શ્રી ગૌરાંગ પ્રભુ, મીરાં અને વ્રજ ગોપીઓની ભક્તિમાં આ લક્ષણ હતું. આ વિરહાગ્નિ છે. આ અવસ્થાનું વર્ણન કરવું શકય નથી, તે તો અનુભવી જ શકાય. વિરહ ભક્તનું હૃદય ભાંગી નાખે છે. પૂર્ણતાએ પહોંચેલાં ભક્ત તો ઈશ્વરમાં જ વાસ કરે છે એટલે એને વિરહ જેવું કાંઈ રહેતું જ નથી. એ તો હરહંમેશ પરમાનંદ ભોગવતો હોય છે.

આવા ભક્તોની પ્રશંસા કરતાં ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે :-

**न तथा मे प्रियतम आत्मयोनिर्न शंकरः ।**
**न च संकर्षणो न श्रीर्नैवात्मा च यथा भवान् ॥**

निरपेक्षं मुनिं शांतं निर्वैरं समदर्शनम् ।
अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः ॥

निष्किंचना मय्यनुरक्तचेतस.
शान्ता महान्तोऽखिलजीववत्सलाः ।

कामैरनालब्धधियो जुषन्ति यत्
तन्नैरपेक्ष्यं न विदुः सुखं मम् ॥

(ભા. ૧૧. ૧૪=૧૫-૧૭)

હે ઉદ્ધવ ! આ રીતે તારા જેવો ભક્ત મને પ્રિય છે તેટલાં પ્રિય તો બ્રહ્મા, શંકર, બલરામ, લક્ષ્મી અને મારો આત્મા પણ નથી.

કોઈ વસ્તુની ઈચ્છા રાખનાર, શાંત ચિત્ત, નિર્વેર, સર્વત્ર સમભાવથી મને જ દેખવાવાળા અને નિરંતર મારું મનન કરનાર પ્રેમી ભક્તોની ચરણરજથી મને પોતાને પવિત્ર કરવા માટે હું સદા સર્વત્ર એમની પાછળ પાછળ ફરું છું.

મારામાં ચિત્તને અનુરક્ત કરનાર, સર્વસ્વ મને અર્પણ કરીને અકિંચન બન્યા છે એવા શાંત અને સર્વ જીવોમાં મને જ જોઈ તેમની સાથે સ્નેહ કરનાર તથા સર્વ પ્રકારની કામનાંઓથી શૂન્ય હૃદયવાળા મહાત્મા જે પરમ સુખનો અનુભવ કરે છે તે નિરપેક્ષ આનંદ બીજા લોકો તો જાણતા પણ નથી. નારદજીના મત અનુસાર આ ભક્તિ છે.

## સૂત્ર - ૨૦.

### अस्ति एवं एवम्

(**અસ્તિ** - છે, **એવં એવમ્** - એમ જ.)

**અર્થ :- બરાબર એમ જ છે.**

**વિવરણ :-** આગલા સૂત્રમાં ભક્તિનું જે વર્ણન મહર્ષિ નારદે કર્યું છે તે યથાર્થ જ છે.

## સૂત્ર - ૨૧.

### यथा व्रजगोपिकानाम् ॥

(**યથા** - જેવી કે, **વ્રજગોપિકાનામ્** - વ્રજગોપીઓની ભક્તિ)

**અર્થ :- જેવી કે વ્રજગોપિકાઓની ભક્તિ.**

**વિવરણ :-** જો કે મહાન ભક્તો જેવા કે શ્રી શુકદેવજી, ઉદ્ધવ, વાલ્મીકિ અને એવા બીજા ભક્તો થઈ ગયા છતાં નારદજી આ અભણ વ્રજ ગોપીઓને સર્વોચ્ચ ભક્તનું સ્થાન આપે છે. ગોપીઓના આ પ્રેમ તત્ત્વોનાં પૂરેપૂરાં યશોગાન ગાવા કોણ સમર્થ છે! તેમણે તો તન, મન, ધન, લોક, પરલોક, વગેરે સર્વસ્વ શ્રીકૃષ્ણને અર્પણ કરી દીધાં હતા. તેઓ તો દિનરાત શ્રીકૃષ્ણનું જ ચિંતન કરતી હતી અને ગદ્‌ગદ્ વાણીએ તેનાં ગુણગાન ગાતી હતી.

ભગવાન શ્રીકૃષ્ણની પૂર્ણ ભક્તિ પ્રાપ્ત કરવા માટે તેઓએ કૌટુંબિક પ્રથા, માન અને પોતાના આરામની પણ દરકાર કરી ન હતી.

શુદ્ધ દિવ્ય પ્રેમ સમાનતા લાવે છે. તે તો પ્રેમી અને પ્રિયતમ વચ્ચેની અસમાનતા દૂર કરી બન્નેને સમાન બનાવી દે છે. એટલે બન્ને એક જ બની જાય છે.

ભક્તોમાં ગોપીઓ તો ઉત્તમ મણિ સમાન છે. શ્રીકૃષ્ણ પ્રત્યેના તેમના પ્રેમનું વર્ણન કરવા કોણ સમર્થ છે? તેઓએ તો પોતાનું સર્વસ્વ શ્રીકૃષ્ણને અર્પણ કરી દીધું હતું. તેમની ભક્તિનું વર્ણન કરતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :-

न पारयेऽहं निरवद्यसंयुनां
स्वसाधुकृत्यं विबुधायुषापि वः ॥
या माभजन् दुर्जरगेहश्रृङ्खला
संवृश्चय तः प्रतियातु साधुना ॥

(ભા. ૧૦-૩૨-૨૨)

હે ગોપિકાઓ! તમે મારે માટે ગૃહસ્થાશ્રમની મજબૂત બેડીઓ તોડી મારું ભજન કર્યું છે. તમારું આ કાર્ય પૂર્ણ નિર્દોષ છે. દેવતાઓના આયુપર્યંત પણં હું તમારા ઉપકારનો બદલો આપી શકીશ નહિ. તમારી ઉદારતાથી મને ઋણમુક્ત કરજો.

ता मन्मन्स्का मत्प्राणा मदर्थे त्वक्तदैहिकाः ।
ये त्यक्तलोकधर्माश्च मदर्थेः तान् विभर्म्यहम् ॥
मयि ताः प्रेयसां प्रेष्ठे दूरस्थे गोकुलस्त्रियः ।
स्मरन्त्योऽङ्गविमुह्यन्ति विरहौत्कणुश्च विह्वलाः ॥
धारयन्त्यतिकृच्छ्रेण प्रायः प्राणान् कथञ्चन ।
प्रत्यागमनसन्देशैर्वल्लव्यो ये मदात्मिकाः ॥

(ભા. ૧૦-૪૬ ૪-૫-૬)

હે ઉદ્ધવ! ગોપીઓએ તેમનું મન મને સમર્પણ કરી દીધું છે. હું જ એમનો પ્રાણ છું. મારે માટે તેમણે દેહનો બધો વ્યવહાર છોડી દીધો છે. જે લોકો મારે માટે સમસ્ત લૌકિક ધર્મો છોડી દે છે તેમને હું સુખ આપું છું. એ ગોપીઓ મને તેના પ્રિયતમથી પણ અતિ પ્રિય માને છે. હું દૂર રહું છું એટલે મારું સ્મરણ કરીને વિરહ વેદનાથી વ્યાકુળ બની દેહની સુધ પણ ભૂલી જાય છે. મારા વિના તેઓ ખૂબ જ મુશ્કેલીથી પોતાના પ્રાણ ટકાવી રાખે છે. હું ત્યાં પાછો જઈશ એ આશાએ તો તેઓ જીવે છે. હું એ ગોપીઓનો આત્મા છું અને તેઓ મારી છે.

રાસલીલાનું રહસ્ય તો કામવિકારરહિત પવિત્ર આત્માઓ જ સમજી શકે. પવિત્ર હૃદયવાળા માણસો જ ગોપીઓના શુદ્ધ પ્રેમને સમજી શકે. આ પ્રેમનું માપ સામાન્ય મનુષ્યની કક્ષાએ ન કાઢી શકાય.

## સૂત્ર - ૨૨.

## ।। तत्रापि न माहात्म्यज्ञानविस्मृत्यपवादः ।।

(**તત્ર** - ત્યાં (ગોપીઓની અવસ્થામાં), **માહાત્મ્યજ્ઞાન વિસ્મૃત્યપવાદ** - મહાત્મ્યજ્ઞાનની વિસ્મૃતિનો અપવાદ)

**અર્થ :- એ અવસ્થામાં પણ માહાત્મ્યજ્ઞાનની વિસ્મૃતિનો અપવાદ નથી.**

**વિવરણ :-** ભક્તની દૃષ્ટિમાં ભગવાનની મહાનતા અને ગૌરવ અપાર છે. આ મહાનતા અને ગૌરવના જ્ઞાન વિના ભક્તિ સ્થાયી રહેતી નથી અને જો ભક્તિ સ્થાયી ન રહે તો આધ્યાત્મિક વિકાસ અટકી જાય.

ગોપીઓ શ્રીકૃષ્ણની સાથે ચાંદનીમાં નાચતી, કૂદતી, ગાતી અને રમતી; છતાં શ્રીકૃષ્ણની દિવ્યતા નહોતી જાણતી એમ નથી. તેઓ ભગવાનના સર્વવ્યાપકપણા અને સર્વ સમર્થપણાથી વંચિત એક સેકન્ડ માટે પણ થતી ન હતી. ગોપીઓ જાણતી હતી કે તે વિશ્વનો પ્રાણ છે અને તેમનો આત્મા પણ તે જ છે. ગોપીઓ ચોક્કસપણે સમજતી હતી કે શ્રીકૃષ્ણ તો સાક્ષાત્ સચ્ચિદાનંદ-સ્વરૂપ ઈશ્વરનો જ અવતાર છે. તેઓએ ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું :-

व्यक्तं भवान् व्रजभयार्तिहरोऽभिजातो ।
देवो यथाऽऽदिपुरुषः सुरलोकगुप्ता ।।

દેવતાઓની રક્ષા કરનાર આપ આદિ પુરુષ પરમાત્મા પોતે જ વ્રજમંડળ નો ભય અને દુઃખ દૂર કરવા માટે જ અવતર્યા છો.

સંસારી મનુષ્યોનાં હૃદય કામનાઓથી ભરપૂર હોય છે. તેઓએ

ગોપીઓના દૃષ્ટાંત પરથી પાઠ શીખવો જોઈએ. શ્રીકૃષ્ણ અને ગોપીઓની પવિત્ર વાર્તાઓ સાંભળી પોતાની કામનાઓ ઓછી કરવા પ્રયત્ન કરવો જોઈએ. આ વાર્તાઓ અલંકારી હોય છે અને તેમાં ગૂઢ આધ્યાત્મિક રહસ્ય છુપાયેલું હોય છે.

ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું વર્ણન કરનાર મહાન પવિત્ર ઋષિ શ્રી વ્યાસજી છે અને તે સંભળાવનાર તેમના જેટલા જ મહાન તેમના પુત્ર શ્રી શુકદેવજી છે. આ લીલાના વર્ણન સમયે શ્રીકૃષ્ણ બાળક હતા એટલે તે લીલામાં અપવિત્રતાનો અંશ પણ શક્ય નથી. દુન્યવી મંદ બુદ્ધિના માણસો આ લીલાને પોતાના માપ-દંડથી માપે છે અને પોતાની પાશવી વૃત્તિઓ અનુસાર તેની ટીકા કરે છે.

દંડકારણ્યના ઋષિઓએ ભગવાન રામને આલિંગન કરવાની ઈચ્છા પ્રદર્શિત કરી. શ્રી રામે જવાબ આપ્યો, ''તમે બધા ફરીને વૃંદાવનમાં ગોપીઓ રૂપે જન્મ લેશો અને તમે ભગવાન કૃષ્ણને ભેટશો. ભગવાન શ્રીકૃષ્ણ પણ મારું જ રૂપ હશે.'' આ છે રાસલીલાનું રહસ્ય.

જો કે ગોપીઓએ શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રેમપ્રદર્શિત કર્યો હતો. પરંતુ તેમનો પ્રેમ એ તો ઉચ્ચત્તમ પવિત્ર ભક્તિ જ હતી. ગોપીઓ પૂર્ણતઃ નિષ્કામ હતી, તેમને એકબીજી વચ્ચે ઈર્પા ન હતી. કારણ કે તે પ્રેમ પવિત્ર હતો. શ્રીકૃષ્ણની સેવા કરવામાં એ બધી સાથે મળીને કામ કરતી અને તેમાં એમને આનંદ મળતો. જો એમનો પ્રેમ સ્વાર્થપૂર્ણ હોત તો ગોપીઓ એક બીજી સાથે ઈર્પા કર્યા વિના રહી શકી ન હોત.

માણસ શા માટે દુઃખી થાય છે? કારણ કે અવિદ્યા અથવા માયાના આવરણને લઈને માણસ ભગવાનને ભૂલી ગયો છે. જેના પર ભગવાનની કૃપા છે તે તો એને એક ક્ષણ માટે પણ ભૂલે નહિ. શ્વાસે શ્વાસે ભગવાનને યાદ રાખવા પ્રયત્ન કરો. તમારા ખિસ્સામાં ગીતા અને ગળામાં જપમાળા રાખો. ભક્તોનો સત્સંગ કરતા રહો. હંમેશ ભાગવત, રામાયણ અથવા ગીતાનો સ્વાધ્યાય ચાલુ રાખો. આમ કરશો તો તમે ભગવાનને ભૂલશો નહિ.

તમારી પ્રવૃત્તિઓ ઓછી કરો. તમારો વ્યવહાર શુદ્ધ રાખો. તમારી જરૂરિયાતો કમ કરો. ઈચ્છાઓ મનમાં ઉદ્ભવે કે તુરત જ તેનો નાશ કરો. ઈચ્છાઓને સંતોપવાનો પ્રયત્ન પણ કદી કરશો નહિ. તહેવારોના દિવસે જપ વધારે કરો. વેકેશન દરમ્યાન ૪ લાખ મંત્ર-જપનું અનુષ્ઠાન કરો. ભાગવતનો અખંડ પાઠ અથવા તો અખંડ કીર્તન એક અઠવાડિયા સુધી કરો. આખું અઠવાડિયું દૂધ અને ફળ પર રહો અને તમે જાતે જ તમારાં કપડાં ધોવાનું વ્રત લો. સંપૂર્ણ

મૌન અને બ્રહ્મચર્ય પાળો. ઘરનાં બધાં માણસોએ આ પ્રમાણે વર્તવું જોઈએ. આમ કરશો તો તમે ભગવાનને ભૂલશો નહિ. ભગવાન તો તમારી તદ્દન નજીક છે. આમ વર્તવાથી તમારું ઘર જ વૈકુંઠ બની જશે. ભગવાન કહે છે :—

**नाहं वसामि वैकुण्ठे योगिनां हृदये न च ।**
**मदभक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ॥**

હે નારદજી ! હું નથી વૈકુંઠમાં રહેતો કે નથી યોગીઓના હૃદયમાં, પરંતુ જ્યાં મારા ભક્તો મારા નામનાં કીર્તન કરે છે ત્યાં હું બહું છું.

## સૂત્ર - ૨૩.

## तदविहीनं जाराणामिव ॥

(**તદ્‌વિહીનં** :- તેના વિના - દિવ્ય મહાનતાના જ્ઞાન વિના **જારણામિવ** :- જાર કર્મ ઈવ - સમાન)

**અર્થ :- ભગવાનને ભગવાન જાણ્યા વિનાનો પ્રેમ જારકર્મ સમાન છે.**

**વિવરણ** :- ભગવાનની દિવ્યતા સમજ્યા વિનાનો તેમના પ્રત્યેનો પ્રેમ તો એક સ્ત્રીના તેના યાર પ્રત્યેના પ્રેમ જેવો છે. આવો પ્રેમ તો માણસ ગમે તેના પ્રત્યે વખતોવખત બદલતો રહે છે. ગોપીઓનો પ્રેમ તો ભગવાનના મહિમાના જ્ઞાનથી ભરપૂર હતો. તે તો વિશુદ્ધ પ્રેમ હતો.

કામવૃત્તિવાળા મંદબુદ્ધિ માણસો ગોપીઓ અને કૃષ્ણના પ્રેમને શારીરિક પ્રેમ સમજી અવળો અર્થ કરે છે. નારદજી ભક્તિમાર્ગના સાધકોને ચેતવણી આપે છે કે ગોપીઓના આ ઉચ્ચતમ દિવ્ય પ્રેમને તેઓ કામ સમજવાની ભૂલ ન કરે.

ગોપીઓ તો ઉન્માદ અવસ્થામાં હતી. આ ઉન્માદ પ્રભુ - પ્રેમનો હતો. આ અવસ્થામાં તેઓ શારીરિક ભાન ભૂલી ગઈ હતી. તેઓ તો પરમાનંદ સાગરમાં ડૂબી ગઈ હતી. તેમની ઈન્દ્રિયો અને મન કામ કરતાં અટકી ગયાં હતાં. બાહ્ય વસ્તુઓની તેમના પર કશી જ અસર થતી નહોતી.

દિવ્ય પ્રેમ તો શુદ્ધ અને સાચો પ્રેમ છે. ઈશ્વર પ્રત્યેના પ્રેમ સિવાય બીજા બધા પ્રત્યેનો પ્રેમ અયોગ્ય છે. અશુદ્ધ સ્વાર્થપૂર્ણ પ્રેમ માણસના હૃદયને બેરંગી બનાવી મૂકે છે.

કામુકતા એ પ્રેમ છે જ નહિ. એ તો પાશવી વૃત્તિ માત્ર છે. તે બદલાતી

રહે છે. સ્ત્રીનું રૂપ જો કોઈ રોગથી કદ્રુપ બની જાય છે તો તેનો પતિ તેને છૂટાછેડા આપે છે અને બીજી પત્ની કરે છે. દુનિયામાં આવું જ ચાલ્યા કરે છે.

ભક્તિ તો શુદ્ધ પ્રેમ છે. એ તો દિવ્ય પ્રેમ છે. એ કદી બદલાતો નથી. ભક્ત ભગવાનના મહિમા અને ગૌરવમાં આનંદ મેળવે છે. તેના ઈષ્ટદેવ તો એના પ્રાણવલ્લભ છે. આ વિચાર સાધકની ભક્તિ ટકાવી રાખે છે, એને પ્રોત્સાહન આપે છે, અને તેને મજબૂત બનાવે છે. ભક્ત જો ભગવાનનો મહિમા ન સમજતો હોય તો એની ભક્તિ સાચી ભક્તિ નથી. ગીતાના દસમા અધ્યાયના નિત્ય સ્મરણથી અને ભગવાનની વિભૂતિનો વિચાર કરવાથી ભગવાનનો મહિમા તમારા મનમાં સ્થિર થાય છે. ભક્તિ એ તો સૂક્ષ્મ અને દિવ્ય ભાવ છે. એ જીવને ઉન્નત બનાવે છે. મનુષ્ય જ્યારે ઈશ્વરનો મહિમા સમજી જાય છે ત્યારે દુન્યવી ઈચ્છાઓ અને આસક્તિ એની મેળે ઓછી થઈ જાય છે અને માણસ ભગવાનનાં દર્શન કરવા આતુર બને છે.

## सूत्र - २४.

### नास्ति एव तस्मिन् तत् सुखसुखित्वम् ।

(**ન અસ્તિ** - હોતું નથી **એવ** - ચોક્કસ **તસ્મિન્** - તેમાં (તે જાર-પ્રેમમાં) **તત્ સુખસુખિત્વમ્** - એકબીજાના સુખે સુખી.)

**અર્થ :- તેમાં (જાર-પ્રેમમાં) એકબીજાને સુખે સુખી હોતું નથી.**

**વિવરણ :-** આવા પ્રેમમાં એકબીજાનું સુખ હોઈ શકે જ નહિ. ગોપીઓના સંબંધમાં તો તેમના પ્રિયતમ ભગવાન પોતે જ હતા. અહીં શારીરિક પ્રેમની વાત સંભવે જ કેવી રીતે? તેઓએ તો પોતાનું સર્વસ્વ શ્રીકૃષ્ણને ચરણે સમર્પણ કરી દીધું હતું.

શ્રીકૃષ્ણની સેવા કરવામાં તેમને અનહદ આનંદ મળતો હતો. તેમનામાં કામનો તો વિચાર સુદ્ધાં ન હતો. વિષયરતિ તો સ્વાર્થપૂર્ણ મનની ઉત્તેજના છે. આવો પ્રેમ તૃપ્ત કરવા માટે બીજા પર આધાર રાખવો પડે છે; જ્યારે શુદ્ધ દિવ્ય પ્રેમ તો બીજાને આનંદ આપવામાં માને છે. પોતાની ઈન્દ્રિયોને સંતોષવાની ઈચ્છા તે કામ છે. કામનો હેતુ સ્વાર્થમય હોય છે. તે તો પોતાને જ સંતોષવાનો પ્રયત્ન કરે છે, જ્યારે શુદ્ધ પ્રેમ તો પ્રેમને માટે જ હોય છે. ગોપીઓએ કદી પોતાના સુખ અને આનંદનો તો વિચાર પણ કર્યો ન હતો. શ્રીકૃષ્ણને આનંદ મળે તે

તેમની બધી પ્રવૃત્તિઓનો હેતુ હતો. તેમણે પોતાનાં ઘરકામ અને આરામનો ત્યાગ કર્યો હતો. આમ કરવાનું કારણ શ્રીકૃષ્ણને આનંદ આપવો તે હતું.

ગોપીઓનો પ્રેમ તો દિવ્ય પ્રેમ હતો. ગોપીઓએ તો તેમનાં શરીર, મન, બુદ્ધિ અને સંપત્તિ વગેરે ભગવાનને સમર્પિત કરી દીધાં હતાં. એક ક્ષણ માટેનું પણ શ્રીકૃષ્ણનું વિસ્મરણ તેમને આકુળવ્યાકુળ કરી મૂકતું. તેઓ શ્રીકૃષ્ણની મહાનતા અને ગૌરવ સમજતી હતી. શ્રીકૃષ્ણના સુખમાં તેમને આનંદ મળતો. ગોપીઓની આ સ્થિતિનું વર્ણન કરવું અશક્ય છે.

અયુક્ત પ્રેમમાં ભોગ આપવાની તો વાત જ હોતી નથી. તેમાં તો શારીરિક ભોગ ભોગવવાની જ ઈચ્છા હોય છે. આ બધું સ્વાર્થપૂર્ણ હોય છે. આ તો ભાડૂતી પ્રેમ કહેવાય.

દિવ્ય પ્રેમમાં તો ભક્ત પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરી દે છે. તે પોતાની જાતને પણ ભૂલી જાય છે. આમાં સ્વાર્થ હોતો જ નથી. તે કદાપિ પોતાના સુખ અને આનંદનો વિચાર કરતો નથી. પોતાના પ્રિયતમને આનંદ આપવા તે ગમે તેટલું કષ્ટ સહન કરવા તૈયાર હોય છે.

ભાડૂતી પ્રેમમાં બેમાંથી એકેને સાચું સુખ મળતું નથી. જ્યારે પતિની આવક બંધ થાય છે ત્યારે પત્ની પણ તેની સંભાળ ઓછી રાખે છે અને કટુ શબ્દો કહે છે. આ સ્વાર્થમય પ્રેમનું વર્ણન છે. આવા પ્રેમમાં ઝઘડા અને અશાંતિ રહ્યા જ કરે છે. કારણ કે અહીં સ્ત્રી - પુરુષ એક બની ગયાં હોતા નથી.

વેશ્યા પણ થોડા સમય માટે પોતાના ગ્રાહકો પ્રત્યે મધુર હાસ્ય અને મીઠા શબ્દો વાપરી અનહદ પ્રેમ પ્રદર્શિત કરે છે પરંતુ આ બધું પૈસા મેળવવા હોય ત્યાં સુધી જ રહે છે. આ તે કાંઈ પ્રેમ છે? આમાં કદી સાચું સુખ મળે ખરું? સાચું કહીએ તો આ બધું ધૂર્તતા, કૂટિલતા, પ્રપંચ અને પાખંડીપણું કહેવાય.

ગોપીઓના પ્રેમમાં ચાર વાતો મુખ્ય છે. (૧) ભગવાન શ્રીકૃષ્ણને સર્વસ્વ સમર્પણ. (૨) ક્ષણભર માટે પણ તેનું વિસ્મરણ થવાથી વ્યાકુળતા. (૩) શ્રીકૃષ્ણની મહાનતા અને ગૌરવનું સમ્યક્ જ્ઞાન. (૪) શ્રીકૃષ્ણના સુખમાં સુખ.

ગોપીઓનો પ્રેમ તો પરમ પવિત્ર અને અલૌકિક હતો.

● □ ●

## ૬. ભક્તિની શ્રેષ્ઠતા

**સૂત્ર - ૨૫.**

सा तु कर्मज्ञानयोगेभ्यः अपि अधिकतरा ॥

(**સા** - તે (ભક્તિ - પરાભકિત), **તુ** - પરંતુ, **કર્મજ્ઞાનયોગેભ્ય** :- કર્મજ્ઞાન અને ભક્તિથી, **અપિ** - પણ, **અધિકતરા** - શ્રેષ્ઠતર)

**અર્થ :- પરંતુ તે (ભક્તિ) કર્મ, જ્ઞાન અને યોગથી પણ શ્રેષ્ઠતર છે.**

**વિવરણ** :-અહીં નારદજી કહે છે કે કર્મ, જ્ઞાન અને યોગ - એ ત્રણે ભગવત પ્રાપ્તિના સાધનો છે. કારણ કે એ ત્રણે ભગવત પ્રાપ્તિ રૂપ ફળ આપે છે; જ્યારે ભક્તિ તો ફલ સ્વરૂપ જ છે. માટે ભક્તિ ઉપર બતાવેલ ત્રણે કરતાં શ્રેષ્ઠ છે.

જ્યાં સુધી ભગવાન પ્રત્યે ગાઢ અનુરાગ ન હોય, જ્યાં સુધી ભકિતથી હૃદય શુદ્ધ થયું ન હોય ત્યાં સુધી નિષ્કામ સેવા કરવી અશકય છે. સાચી ભક્તિ વિના ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થઈ શકે નહિ.

સાધકે શરૂઆતમાં પોતાનાં કુટુંબીજનો અને પોતાના દેશ પ્રત્યેની પોતાની ફરજ અદા કરવી જોઈએ. ધીમે ધીમે તેણે હૃદયને વિશાળ બનાવવું જોઈએ જેથી સારીય માનવજાતિ તેનું કુટુંબ બની જાય અને આખુંયે જગત એનો પોતાનો દેશ બની જાય.

કર્મ, જ્ઞાન અને યોગમાં વર્ણ, આશ્રમ, અધિકાર વગેરેનો વિચાર છે. તેમાંથી નીચે પડવાની શકયતા છે, પરંતુ ભક્તિમાં નીચે પડવાનો ભય નથી. કારણ કે ભગવાન પોતે જ તેને સહાય કરે છે. ભક્તિમાં અધિકાર જેવું કાંઈ જ નથી. બધાંને અધિકાર છે. તેમાં નાત, જાત, વર્ણ, આશ્રમ, વગેરેનો કાંઈ જ બાદ હોતો નથી.

ધર્મશાસ્ત્ર અનુસાર ધાર્મિક ક્રિયા કરવી તે કર્મ છે. તેને વર્ણાશ્રમ ધર્મ કહેવાય છે. આવાં નિષ્કામ કર્મોથી હૃદય શુદ્ધ થાય છે અને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે.

કર્મયોગીને મન તો કર્મ એ પૂજા જ છે. એ તો પોતાની ફરજ સમજીને જ કાર્ય કરે છે. ફળનો ત્યાગ કરી કરેલી નિષ્કામ સેવા ઈશ્વર પ્રાપ્તિનું સાધન છે.

કર્મયોગીએ સદ્‌ગુણો જેવા કે સહિષ્ણુતા, સમવેદના, ક્ષમા, સમતા, વિશ્વપ્રેમ, ધૈર્ય, નમ્રતા ઉદારતા, ગૌરવ, આત્મનિયંત્રણ, ક્રોધશમન, અહિંસા, સત્ય, યુક્તાહાર, યુક્તનિદ્રા અને સહનશીલતા વગેરેનું ઉપાર્જન કરવું જોઈએ. તેનો ખોરાક સાદો અને સાત્ત્વિક હોવો જોઈએ. આ ગુણો કેળવી શકાય તો જ કર્મયોગમાં સફળતા પ્રાપ્ત કરી શકાય.

કર્મયોગ સંકલ્પશક્તિનો પાઠ છે. યોગ તર્કશક્તિનો પાઠ છે. જ્ઞાનયોગ બુદ્ધિનો પાઠ છે. ભકિત એ ભાવ અથવા લાગણીનો પાઠ છે. સંકલ્પ શક્તિથી બધાં કર્મો ભગવાનને સમર્પણ કરી દેવામાં આવે છે, બુદ્ધિથી ભગવાનનો મહિમા અને ગૌરવ સમજી શકાય છે અને ભાવથી પરમાનંદનો અનુભવ થાય છે.

સ્વયં શ્રી ભગવાન કહે છે :—

**न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव ।**
**न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥**

**भक्त्याहमेकया ग्राह्यः श्रद्धयाऽऽत्माप्रियः सताम् ।**
**भक्तिः पुनाति मन्निष्ठा श्वपाकानपि सम्भवात् ॥**

(ભા - ૧૧।૧૪।૨૦ - ૨૧)

મને યોગ, જ્ઞાન, ધર્મ, સ્વાધ્યાય, તપ અને ત્યાગથી વશ કરી શકાતો નથી. પરંતુ મારી દૃઢ ભક્તિ મને વશ કરી શકે છે.

સંતોનો પ્રિય આત્મારૂપ હું ફક્ત શ્રદ્ધાયુક્ત ભક્તિ દ્વારા વશ થઈ જાઉં છું. મારી ભક્તિ ચાંડાળ વગેરેને પણ પવિત્ર બનાવવા સમર્થ છે.

ગીતામાં શ્રી અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને પૂછે છે કે —

**एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।**
**ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥** (ગી. ૧૨ - ૧)

જે અનન્ય પ્રેમી ભક્તગણ નિરંતર આપના ભજનમાં ધ્યાન લગાવી આપ સગુણરૂપ પરમેશ્વરને શ્રેષ્ઠ ભાવથી ભજે છે અને જે અવિનાશી સચ્ચિદાનંદઘન નિરાકારને ભજે છે. આ બંને પ્રકારના ભક્તોમાં અતિ ઉત્તમ કયો છે?

ભગવાન શ્રીકૃષ્ણ જવાબ આપે છે :—

**मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।**
**श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥** (ગી. ૧૨- ૨)

મારામાં મન એકાગ્ર કરી, નિરંતર મારા ભજન ધ્યાનમાં રત રહી પૂર્ણ શ્રદ્ધા સહિત જે મારા સગુણરૂપ પરમેશ્વરને ભજે છે એ મારે મન ઉત્તમ છે.

વળી, ભગવાન ગીતામાં કહે છે : —

**नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।**
**शक्य एवंविधो द्रष्टुं द्रष्टवानसि मां यथा ॥**(ગી. ૧૧-૫૩)

**भक्तया त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।**
**ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥** (ગી. ૧૧-૫૪)

હે અર્જુન! જેવું ચતુર્ભુજ સ્વરૂપ તેં જોયું છે તે વેદથી, તપથી, દાનથી, અથવા યજ્ઞથી પણ જોવું શકય નથી. હે પરંતપ! અનન્ય ભક્તિ દ્વારા જ આવું મારું દર્શન, મને તત્ત્વથી જાણવો અને મારામાં પ્રવેશ કરવો શકય બને છે.

ગીતામાં આત્મસમર્પણ અને ભક્તિનો ધ્વનિ મુખ્ય છે. ભક્તિ માર્ગ સર્વને માટે સુગમ છે. કારણ કે ભક્તને સહાય કરવા ભગવાન પોતે રૂપ ધરે છે. આ માર્ગે નીચે પડવાનો ભય નથી. કારણ કે ભગવાન પોતે જ તેના માર્ગદર્શક બને છે. ભક્ત સરળ અને દૃઢનિશ્ચય છે એમ લાગે ત્યારે તેના પર ઈશ - કૃપા અવતીર્ણ થાય છે. આ માર્ગે સફળતા અચૂક છે. ભક્તિ માર્ગ તો સહેલામાં સહેલો, અચૂક અને સુરક્ષિત માર્ગ છે. આથી જ નારદજી કહે છે કે કર્મ, જ્ઞાન અને યોગ કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે.

## સૂત્ર - ૨૬.

### 'फलरुपत्वात्'

**અર્થ :-** કારણ કે (ભક્તિ) ફલરૂપ છે.

**વિવરણ :-** ભક્તિ તો ઈશ્વર પ્રાપ્તિનું સાધન છે. એટલું જ નહિ પણ એ તો ધ્યેય પણ છે. એ તો બધી સાધનાનું ફળ છે. ભક્તિથી અવ્યક્ત ઈશ્વર વ્યક્ત બને છે. ઘણી સાધનાઓ જેવી કે - યોગસાધના, ધાર્મિક ક્રિયાઓ આત્મનિયંત્રણ, સંકલ્પ શક્તિનો વિકાસ, ગુરુસેવા અને સદ્ગુણોનું ઉપાર્જન વગેરે સાધનાઓનું પુરાણોમાં વર્ણન કરવામાં આવ્યું છે, પરંતુ આ બધાનો અંત ભક્તિ છે.

સાધન ચતુષ્ટયના ફળ રૂપે જ્ઞાન પ્રાપ્ત થાય છે. નિષ્કામ કર્મયોગ હૃદયશુદ્ધિ કરી અહંકારનો નાશ કરે છે. રાજયોગ સાધનાનું ફળ કૈવલ્ય છે, પરંતુ

ભક્તિ તો તેનું સાધન અને ફળ બન્ને છે. ભક્તિ માર્ગે (ગૌણ) ભક્તિથી પ્રારંભ કરી (પરા) ભક્તિથી પૂર્ણ થાય છે. ભક્તિ ઉત્પન્ન થવાનું કોઈ કારણ હોતું નથી. એ કાંઈ ભક્તને માટે નવીન વસ્તુ નથી. એ તો તેનામાં હરહંમેશ હોય છે જ.

જ્ઞાન, કર્મ અને યોગ વગેરે સાધનાનું ફળ ભક્તિ છે, પરંતુ ભક્તિ એ જ અંતિમ ધ્યેય છે. તે ઉચ્ચતમ સ્થિતિ છે. તે તેનું ફળ નથી પણ ફળરૂપ છે. તે બીજા બધા યોગ કરતાં શ્રેષ્ઠ છે. બીજા યોગો નીચલી કક્ષા પ્રદર્શિત કરે છે. પરાભક્તિ કોઈ પણ પ્રયત્નનું ફળ નથી.

ભક્તિ બીજા કોઈ પણ સાધન કરતાં શ્રેષ્ઠ છે, કારણ કે તે ફળરૂપ છે. ભક્તિ ભક્તિ માટે જ હોય છે; એટલા માટે જ મહર્ષિ નારદજી તેને 'ફળરૂપ' કહે છે. આ સાધનમાં ભક્તને ભક્તિ સિવાય બીજું કશું જ જોઈતું નથી.

## સૂત્ર - ૨૭.

**इश्वरस्य अपि अभिमानद्वेषित्वात् दैन्यप्रियत्वात् च ।**

(**ઈશ્વરસ્ય**-ઈશ્વરને, **અપિ** -પણ, **અભિમાન દ્વેષિત્વાત્** અભિમાન પ્રત્યે દ્વેષભાવ, **દૈન્યપ્રિયત્વાત્** - નમ્રતા પ્રત્યે પ્રિયભાવ, ચ -અને)

**અર્થ :- ઈશ્વરને પણ અભિમાન પ્રત્યે દ્વેષભાવ અને નમ્રતા પ્રત્યે પ્રેમભાવ છે.**

**વિવરણ :-** ઈશ્વર એ જ ભક્તનો એક માત્ર સહારો છે. ભક્ત તો ઈશ્વર સાથે એકતા પ્રાપ્ત કરે છે. તે તો હરહંમેશ શાંત અને પ્રસન્નચિત્ત કરે છે. જ્યારે બીજા માર્ગીઓ શક્તિ પાછળ ગાંડા થઈ ગયા હોય છે. કારણ કે તેઓ પોતાના પુરુષાર્થ પર આધાર રાખે છે. આથી તેઓ નાસીપાસ થઈ દુઃખી દુઃખી થઈ જાય છે.

તમે એમ ન માનશો કે, ભગવાન પક્ષપાતી છે. આવી માન્યતાનું કારણ તમારો અહંકાર છે અને તે અહંકાર જ આત્મસાક્ષાત્કારમાં આડે આવે છે. જેમ જેમ તમે તમારા હૃદયમાંથી અહંકાર કાઢતા જશો તેમ તેમ તમારું હૃદય પ્રભુથી ભરપૂર થશે. ઈશ-કૃપા તો હંમેશ હોય છે જ, પરંતુ અહંકાર તેનો લાભ ઉઠાવવા દેતો નથી.

જેઓ પોતાની સંપત્તિ, સ્થાન, જ્ઞાન, અને જન્મ વગેરેનું અભિમાન સેવે છે તેઓ કદી પણ ઈશ્વરસાક્ષાત્કાર પામી શકે નહિ. તેઓ તો ટૂંકી નજર-વાળા કહેવાય. ધન આધ્યાત્મિકતાને મદદરૂપ નથી. એટલું જ નહિ પણ તેનું

અવરોધી છે. જેઓ જ્ઞાન અને યોગસાધના કરતા હોય છે તેમને તો તેમના જ્ઞાન અને સિદ્ધિઓનો અહંકાર આવી જાય છે. જ્યારે ભક્તો તો સદા વિનમ્ર હોય છે. નમ્રતા એ તો ભક્તિયોગનો પાયો છે.

ઈશ્વર કોઈના પ્રત્યે દ્વેષ કે પક્ષપાત કરતો નથી. તેની દૃષ્ટિમાં તો બધા જ સરખા છે. અભિમાનીઓ પ્રત્યે પણ તેનું હૃદય પ્રેમપૂર્ણ હોય છે. તે અભિમાનીને શિક્ષા કરી તેનું એ દૂષણ દૂર કરે છે અને નમ્ર ભક્તોને પ્રેમપૂર્વક મદદ કરે છે. તેના ભક્તોમાં તો પ્રભુ કદાપિ અહંકારને ઊગવા જ દેતા નથી કારણ કે અહંકાર જ દુ:ખનું મૂળ છે. એ જ સંસારના બંધનનું કારણ છે અને જુદા જુદા પ્રકારના કષ્ટો આપે છે. ભક્તિ તો સંપૂર્ણતઃ આત્મનિવેદન છે. સાચી ભક્તિમાં પોતાના પુરુષાર્થના અહંકારને કોઈ સ્થાન નથી. ભક્ત તો અનુભવે છે કે તે તો ઈશ્વરનાં હાથમાં એક સાધન માત્ર છે, કરનાર તો પ્રભુ જ છે. આથી તેનામાં અહંકારનો અંશ પણ હોતો નથી. બીજા માર્ગો કરતાં ભક્તિ શ્રેષ્ઠ હોવાનું આ જ કારણ છે.

જ્ઞાન માર્ગનાં સાધકે પોતાના પર આધાર રાખવો પડે છે. ભક્તને માટે તો ઈશ-કૃપા બધું જ કરી દે છે. કારણ કે ભગવાન તો ભક્તવત્સલ, દીનાનાથ, દીનબંધુ છે. ભગવાન તો બધાને તેના ગુણ પ્રમાણે ફળ આપે છે. ન તો એ ક્રૂર છે કે ન તો પક્ષપાતી છે. અગ્નિની નજીક જઈએ અને દાઝી જઈએ તો એમાં અગ્નિને દોષ દેવાય ખરો કે?

નમ્રતા એ સૌથી મહાન સદ્‌ગુણ છે. જેનામાં આ ગુણ હોય છે તેનામાં બીજા સદ્‌ગુણો એની મેળે જ આવી જાય છે. ગૌરાંગ મહાપ્રભુ તો જાણે વિનમ્રતાનો જ અવતાર હતા. જ્યારે કોઈ પંડિતને મળવા જવું હોય ત્યારે તે બૂટ રાખવાની જગ્યાએ બેસી જતા. ભક્તિ માર્ગમાં અભિમાન તો કાંટા સમાન છે. તે ભક્તિનો નાશ કરે છે. એટલું જ નહિ પણ, બીજા બધા સદ્‌ગુણોને પણ નષ્ટ કરે છે. અહંકાર તો અજ્ઞાન જ છે. વિનમ્રતાથી તો બધાંનાં હૃદય જીતી શકાય છે. ભક્ત તો ઘાસ કરતાં પણ વધારે વિનમ્ર હોવો જોઈએ. આવો જ માણસ હરિનાં ગુણગાન ગાઈ શકે છે. માણસે પોતાને મૃતસમ સમજી પથ્થરની માફક રહેવું જોઈએ. અહંકાર વારેઘડીએ મનુષ્ય પર સામ્રાજ્ય જમાવે છે.

જેવી રીતે અગ્નિની નજીક જવાથી ઠંડી ઓછી થઈ જાય છે, તેવી જ રીતે જેઓ પ્રભુની નજીક જાય છે તેમનાં બંધન તૂટી જાય છે. ઈશ્વર પાસે જવાનો રસ્તો તે નિત્ય પ્રાર્થના, સદાચાર અને ધ્યાન છે.

● □ ●

# ૭. જ્ઞાન અને ભક્તિ

**સૂત્ર - ૨૮.**

**तस्याः ज्ञानमेव साधनम् इति एके ॥**

(**તસ્યાઃ**-તેનું (ભક્તિનું) **જ્ઞાનમ્**-જ્ઞાન, **એવ**-એક જ, **સાધનમ્** સાધન, **ઈતિ**, -આમ, **એકે** - કોઈ (આચાર્યો)

**અર્થ :- તેનું (ભક્તિનું) સાધન જ્ઞાન છે એમ અમુકનો (આચાર્યોનો) મત છે.**

**વિવરણ :-** હું જેની ભક્તિ કરું છું તે સર્વના સ્વામી, સર્વના આધાર, સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, જગતની ઉત્પત્તિ, પાલન અને સંહાર કરનાર, માયાના પતિ, અજન્મા, અવિનાશી, નિર્ગુણ, નિરાકાર, નિર્વિકાર, સગુણ અને સાકાર ભગવાન છે. આટલા જ્ઞાનની તો ભક્તિ માટે આવશ્યકતા છે. એનાથી અધિક શ્રેષ્ઠ કોઈ જ નથી. આ જ્ઞાન વિના શ્રદ્ધા પેદા થશે નહિ. શ્રદ્ધા વિના પ્રીતિ શક્ય નથી અને પ્રીતિ વિના દૃઢ ભક્તિ સંભવે જ ક્યાંથી ?

जाने विनु न होइ परतीति
विनु परतीति होइ नहीं प्रीत ।
प्रीति बिना नहि भगति दिढाइ,
जिमि खगपति जल कै चिकनाइ ॥

આ જ્ઞાન તે બ્રહ્મજ્ઞાન નથી. આ તો સામાન્ય સમજ કહેવાય. લોકો કહે છે કે સંસારના સામાન્ય વ્યવહારમાં પણ સામાન્ય જ્ઞાનની આવશ્યકતા છે. કોઈ વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થાય તો જ તેના પ્રત્યે પ્રીતિ સંભવે. કન્યા પણ પોતાના ભાવિ પતિ વિષેનું જ્ઞાન મેળવી લે છે. દરદીને પણ જો એ જ્ઞાન થાય કે જવ તેને માટે ગુણકારી છે તો તે તેને આનંદથી લેશે. આ જ પ્રમાણે સાધક પહેલાં ભગવાનનું જ્ઞાન મેળવે છે અને તે જ્ઞાનના આધાર પર ભક્તિ પ્રગતિ કરે છે. આટલા જ માટે આવું જ્ઞાન તે ભક્તિનું સાધન છે. કેવળ શ્રદ્ધા અને ભાવથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે જેવા કે -જટાયુ, ગજેન્દ્ર, ધ્રુવ, શબરી, વગેરે. માતાના

જ્ઞાન વિના જ નાનું બાળક માતાને ચાહે છે, એટલે આ મત કે -'જ્ઞાન ભક્તિનું સાધન છે' તે અમુક અંશે જ સત્ય છે.

## સૂત્ર - ૨૯.

### अन्योन्याश्रयत्वम् इति अन्ये ॥

(**અન્યોન્યાશ્રયત્વમ્** :- પરસ્પર આધારરૂપ, **ઈતિ** - એમ, **અન્યે** - બીજા (આચાર્યો).

**અર્થ :- બીજાઓનો (આચાર્યોનો) મત છે કે ભક્તિ અને જ્ઞાન પરસ્પર આધારરૂપ છે.**

**વિવરણ**:- પ્રેમ અને પરિશ્રમ વિના ઈશ્વરતત્ત્વનું જ્ઞાન થતું નથી. પોતાની પ્રેમપાત્ર વસ્તુના જ્ઞાન વિના અને તેની સેવાના પરિશ્રમ વિના સાચો અને દ્રઢ પ્રેમ થતો નથી. એ પણ સત્ય છે કે વસ્તુના જ્ઞાન વિના તેના માટે પ્રેમ અને પરિશ્રમ શક્ય નથી. મનની બધી જ શક્તિઓ એક બીજા જોડે સહયોગથી કાર્ય કરે છે.

અન્યોન્યાશ્રમ એટલે એકબીજાને આધારરૂપ થવું તે છે. જેમકે, પત્ની તેની જરૂરિયાતો જેવી કે કપડાં વગેરે માટે પતિ પર આધાર રાખે છે અને પતિ તેના ખોરાક અને બીજી સેવા માટે પત્ની પર આધાર રાખે છે. આનું જ નામ અન્યોન્યાશ્રય. રાજ્ય તેની આવક માટે પ્રજા પર આધાર રાખે છે અને પ્રજા તેના રક્ષણ અને સુવ્યવસ્થા માટે રાજ્ય પર આધાર રાખે છે. આ પણ અન્યોન્યાશ્રયનું દૃષ્ટાંત છે. આ જ પ્રમાણે, ભક્તિ જ્ઞાન પર નિર્ભર છે અને જ્ઞાન ભક્તિ પર નિર્ભર છે.

**श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।**
**ज्ञानं लब्ध्वा परां शान्तिं अचिरेणाधिगच्छति ॥** (ગી. ૪ - ૩૯)

'જિતેન્દ્રિય અને શ્રદ્ધાવાન પુરુષ જ્ઞાન પ્રાપ્ત કરે છે અને જ્ઞાન પ્રાપ્ત થતાં જ પરમ શાંતિ મેળવે છે.

**तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।**
**ददामि बुद्धियोगं तं येन माम् उपयान्ति ते ॥** (ગી. ૧૦ - ૧૦)

'નિરંતર મારા ધ્યાનમાં લાગી રહેલા અને પ્રેમપૂર્વક મારું ભજન કરનાર ભક્તોનો હું તત્ત્વજ્ઞાનરૂપ યોગ પ્રદાન કરું છું, જેનાથી તે મને પ્રાપ્ત થાય છે.'

**भक्त्या मा मभिजानाति यावान्यः चास्मि तत्त्वतः ।**
**ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तद अन्तरम् ॥** (ગી. ૧૮-૫૫)

મારી પરમ ભક્તિ દ્વારા તે મનુષ્ય હું કેવો છું ને કોણ છું, તે યથાર્થરૂપે જાણે છે, અને પછી મને એ પ્રમાણે ખરેખરા સ્વરૂપે જાણવાથી મારામાં પ્રવેશ કરે છે.

## સૂત્ર - ૩૦.

### स्वयं फलरुपत इति ब्रह्मकुमारः ॥

(**સ્વયં** - પોતે જ, **ફલરૂપત** - ફલસ્વરૂપ, **ઈતિ** એમ, **બ્રહ્મકુમાર** : બ્રહ્માના પુત્ર (નારદજી).

**અર્થ :- બ્રહ્મકુમાર નારદજીના મત પ્રમાણે ભક્તિ પોતે જ ફળરૂપ છે.**

**વિવરણ :-** નારદજી માને છે કે ભક્તિ એ જ સાધન છે અને તે જ સાધ્ય પણ છે.

આધ્યાત્મિક વૃક્ષનું મૂળ અને ફળ બન્ને ભક્તિ જ છે. ભક્તિ તો સ્વયંપૂર્ણ છે, બીજા કોઈ સાધન પર નિર્ભર નથી. ભક્તિથી અધિક શ્રેષ્ઠ કોઈ વસ્તુ નથી. સાચો ભક્ત ભક્તિ માટે જ ભક્તિ કરે છે. ભક્તો તો માને છે કે જ્ઞાન અને વિજ્ઞાન ભક્તિ પર જ નિર્ભર છે. જો આમ હોય તો ભક્તિ શામાંથી ઉદ્‌ભવે છે? ભક્તિમાંથી જ. આ માટે જ કહેવામાં આવ્યું છે કે ભક્તિ સાધન અને સાધ્ય બંને છે.

ભક્તિ કોઈ કારણ નથી. તેમ જ, તે કોઈનું ફળ પણ નથી.

## સૂત્ર - ૩૧.

### राजगृह भोजनादिषु तथैव द्रष्टत्वात् ॥

(**રાજગૃહ ભોજનાદિષુ** - રાજગૃહ, ભોજન, વગેરેમાં **તથા** - આ પ્રમાણે **એવ** - જ, **દૃષ્ટત્વાત્** - દષ્ટિગોચર થાય છે. )

**અર્થ : - રાજમહેલ અને ભોજન વગેરે માં પણ આ પ્રમાણે દૃષ્ટિગોચર થાય છે.**

**વિવરણ :-** પોતાનો મત વધારે સ્પષ્ટ રીતે સમજાવવા શ્રી નારદજી નીચે પ્રમાણે દ્રષ્ટાંતો આપે છે.

(૧) એક સમય કોઈ એક રાજાનો નાનો પુત્ર જંગલમાં ભૂલો પડી ગયો. એક ભીલને તે મળ્યો. ભીલ તેને પોતાને ઘેર લઈ ગયો. એ કુંવર ભીલના ઘરમાં મોટો થયો. તે પુત્ર રાજકુમાર છે તે ન તો પોતે જાણતો હતો કે ન તો

વાત ભીલ જાણતો હતો. સમય જતાં આ વસ્તુ પર પ્રકાશ પડ્યો અને સત્ય વસ્તુ બહાર આવી અને રાજકુમારને રાજમહેલમાં લઈ જવામાં આવ્યો.

જે સમય દરમ્યાન તે બાળક ભીલને ત્યાં રહેતો હતો ત્યારે પણ એ હતો તો રાજકુમાર જ અને જ્યારે તેને રાજમહેલમાં લઈ જવામાં આવ્યો ત્યારે પણ તે રાજકુમાર જ હતો. જ્યારે તે ભીલને ત્યાં રહેતો હતો ત્યારે તેને પોતાના વંશનું જ્ઞાન નહોતું. તે તો ત્યારે પોતાને ભીલ જ માનતો હતો. જ્યારે તેને પોતાનાં માતપિતા વિષે જાણ્યું ત્યારે કાંઈ નવીન બન્યું નથી, પરંતુ જે સત્ય હતું, તેનું તેને જ્ઞાન થયું. આ જ પ્રમાણે, જ્યારે આત્મજ્ઞાન થાય છે ત્યારે જ મનુષ્યને પોતાનું સાચું જ્ઞાન થાય છે. જેવી રીતે એ બાળક સર્વદા રાજકુમાર હતો, તે જ પ્રમાણે ભક્ત પોતાની સાધના શરૂ કરે તે પહેલાં અને પછી પણ ભક્તિ તો તેનામાં હોય જ છે.

(૨) એક માણસ લાંબી યાત્રા માટે નીકળે છે. લાંબા સમય સુધી એ પર્યટન કરે છે અને ઘણાં કષ્ટો સહન કરે છે. જે સગવડો તેને પોતાના ઘરમાં મળે તે તેને અહીં મળી શકે નહિ. તેનું ઘર તો તેનું તે જ રહે છે, પરંતુ તેની અને ઘરની વચ્ચે અંતર રહેલું છે. તે ઘેર આવે કે બધી સગવડો તેને પુનઃ પ્રાપ્ત થાય છે. આમાં કાંઈ જ નવું નથી.

જેવી રીતે યાત્રાળુ તેના ઘરથી દૂર જાય છે. તેવી જ રીતે ભક્ત જો ભગવાનથી દૂર જાય છે તો તે તેટલા સમય પૂરતો એ પરમાનંદથી વંચિત રહે છે; પરંતુ જો તે ભક્તિ ચાલુ જ રાખે છે તો યાત્રાળુ જેમ પાછો ઘેર આવે ત્યારે તેને આરામ મળે છે તેમ, ભક્ત પાછો ભગવાનના સાન્નિધ્યમાં પરમાનંદ મેળવે છે.

જ્યારે મનુષ્ય ભૂખ્યો હોય છે ત્યારે એ દુઃખી હોય છે. ખોરાક કાંઈ નવો સંતોષ આપતો નથી પરંતુ ભૂખનું દુઃખ ફક્ત બંધ કરે છે. આ દુઃખ મટે છે એટલે એની મેળે જ કુદરતી સંતોષ પ્રદર્શિત થાય છે.

અ દૃષ્ટાંતો આપણને બતાવે છે કે આધ્યાત્મિક સાધનાઓ કેવી રીતે કામ કરે છે. આ સાધનાઓ તો આત્માનંદ પ્રાપ્તિ આડે આવતાં આવરણો દૂર કરે છે.

## સૂત્ર - ૩૨.

**न तेन राजपरितोषः क्षुधाशान्तिर्वा ।**

(**ન** - નહિ **તેન** - તેનાથી, (ફક્ત જ્ઞાનથી) **રાજપરિતોષ** - રાજાને **ક્ષુધાશાન્તિ** :- ભૂખની શાંતિ **વા** - અથવા)

**અર્થ :- ન તેનાથી (ફક્ત જ્ઞાનથી) રાજા રાજા બને છે અથવા ન તો તેનાથી ભૂખ મટે છે.**

**વિવરણ** :- માત્ર સમાચાર સાંભળવાથી એ બાળક રાજકુમાર બની ગયો નહિ. એ તો રાજકુમાર હતો જ. તેવી જ રીતે તે યાત્રાળુમાં સંતોષ તો હતો જ. ઘેર આવવાથી કાંઈ નવો ઉમેરો થયો ન હતો.

ખોરાકના સ્વાદના જ્ઞાન માત્રથી કાંઈ ક્ષુધા તૃપ્ત થતી નથી. તૃપ્તિ માટે તો ખોરાક ખાવો જોઈએ. આ જ પ્રમાણે ઈશ્વર વિશેનું ફક્ત ભાષાજ્ઞાન ભક્તિ અથવા શાંતિ આપી શકે નહિ. આ વાત સાધકને ચેતવણી આપે છે કે આવા પોપટીઆ જ્ઞાનથી ઈશ્વરપ્રાપ્તિ કદી શક્ય બનશે નહિ.

ભક્તિમાર્ગના હિમાયતીઓ આ દૃષ્ટાંત પરથી એવો મત બાંધે છે કે આવું જ્ઞાન એ ભક્તિનું સાધન નથી.

શ્રીકૃષ્ણ ભગવાન પોતે કહે છે :—

**समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।**
**ते भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥** (ગી. ૯-૨૯)

'હું તો ભૂત માત્રમાં સમાન છું. મને કોઈ અપ્રિય કે પ્રિય નથી. પરંતુ જે મને ભક્તિપૂર્વક ભજે છે તે મારામાં છે અને હું તેનામાં છું.'

## સૂત્ર - ૩૩.

## तस्मात् सा एव ग्राह्या मुमुक्षुभिः ।

(**तस्मात्** - એટલા માટે, **सा** - તે (ભક્તિ), **एव** - એક જ, **मुमुक्षुभिः** મુમુક્ષુઓને, **ग्राह्या** - ગ્રહણ કરવા યોગ્ય).

**અર્થ :- એટલા માટે મુમુક્ષુઓએ ભક્તિ ગ્રહણ કરવી જોઈએ.**

**વિવરણ** :- મુક્તિનો સીધો અને સરળ માર્ગ ભક્તિ છે. ભક્તિ તો મનુષ્ય માટે સ્વાભાવિક અને નિશ્ચિત માર્ગ છે.

શ્રી શંકરાચાર્યનું દર્શનશાસ્ત્ર સમજવાની શક્તિ તો થોડા માણસોમાં હોય છે, જ્યારે ભક્તિમાર્ગ તો સર્વને માટે સરળ છે.

ભક્તિ અને જ્ઞાન માર્ગ એક જ જગ્યાએ આવી મળે છે. પરાભક્તિ અને જ્ઞાન એક જ છે.

ભક્તિ આ સાંસારિક બંધનોને સહેલાઈથી તોડી નાખે છે. આ એક એવું કારણ છે કે દરેકને ભક્તિ માર્ગે જવા પ્રેરે છે.

મનુષ્યે મુમુક્ષુ બનવું જોઈએ. તેણે મુક્તિ માટે ચીટકી રહેવું જોઈએ. તેણે ભગવાન સિવાય બીજી કોઈ વસ્તુની ઈચ્છા નહિ રાખવી જોઈએ. આમ કરશો તો જ ઈશ - કૃપા તમારા પર ઉતરશે અને પ્રભુ સ્વહસ્તે જ તમને આ સંસારરૂપી કીચડમાંથી ઉગારી લેશે.

આસક્તિ જુદાં જુદાં રૂપ સર્જે છે. મહાન ગણાતા પુરુષોના મનમાં પણ એ સ્વદેશભક્તિ, સાંપ્રદાયિકતા અને માનવસેવા રૂપે રહ્યા કરે છે. આ બધી આસક્તિઓ નિર્દય રીતે કાપી નાખવી જોઈએ.

સાધના એટલે અનુશાસન. પરાભક્તિ અથવા પરમ પ્રેમ એટલે મોક્ષ. ભક્તને માટે આ ચરમ સીમા છે.

● □ ●

# ૮. ભક્તિ વિકસાવવાની રીત

## સૂત્ર - ૩૪.

**तस्याः साधनानि गायन्ति आचार्याः ।**

(**તસ્યાઃ** - તેની, **સાધનાનિ** - સાધન, **ગાયન્તિ** - વર્ણવે છે, **આચાર્યાઃ** - આચાર્યો.)

**અર્થ :- આચાર્યો ભક્તિના સાધનનું વર્ણન કરે છે.**

**વિવરણ** :-અહીં બતાવવામાં આવનાર સાધનો તો ફક્ત મદદરૂપ સાધનો કહી શકાય. કારણ કે ભક્તિ એ જ ભક્તિનું સાધન છે એમ આગળ બતાવવામાં આવી ગયું છે. 'આચાર્ય' નો અર્થ ફક્ત પ્રવચનકાર જ નથી. પુરુષો જે બોલે તે પ્રમાણે જીવન જીવે છે એવા પુરુષોનો પણ આમાં સમાવેશ થઈ જાય છે. 'ચર' એટલે આગળ વધવું. આચાર્યો જે કહે છે તે પ્રમાણે જ વર્તે છે એટલે જ તેઓ આગળ વધે છે. તેઓ ઉત્તમ પ્રકારના ભક્તો હોય છે. આવા ભક્તો જ કંઈ કહેવા માટે યોગ્ય કહેવાય. તેમનાં વચનામૃતો લોકોને ગળે ઉતરી જાય છે. જેમને પોતાને સાધનાનો અને આત્મ-સાક્ષાત્કારનો જાતઅનુભવ હોય તેઓ જ ખરા આચાર્ય કહેવાય.

અપરાભક્તિ તો પરાભક્તિ અથવા આત્મસાક્ષાત્કારનું સાધન માત્ર છે.

વૈરાગ્ય, અનાસક્તિ અને અભ્યાસ - એ તો આધ્યાત્મિક સાધનાના આધાર સ્તંભો છે.

## સૂત્ર - ૩૫.

तत्तु विषयत्यागात् संङ्गत्यागाच्च ।

(**તત્** - તે (ભક્તિ), **તુ** - પણ, **વિષયત્યાગાત્** - વિષયત્યાગથી **સંગત્યાગાત્** સંગત્યાગથી, **ચ** -અને)

**અર્થ : - પરંતુ (ભકિત) વિષયત્યાગ અને સંગત્યાગથી પ્રાપ્ત થાય છે.**

**વિવરણ** :- પ્રત્યેક કાર્યમાં "હું" અને "મારું" એ મોટામાં મોટી આસક્તિ છે. વિષયભોગો મનને આડું અવળું ખેંચી જાય છે. આ વિષયભોગો સંકલ્પ શક્તિને નિર્બળ બનાવે છે અને મનને ધારણા અને ઈશ્વર ચિંતનને યોગ્ય રહેવા દેતા નથી. તે પ્રબળ આકાંક્ષાઓ પેદા કરે છે અને વિવેક, વૈરાગ્ય, ભક્તિ અને વિચારશક્તિનો નાશ કરે છે. કોઈ વસ્તુનો ત્યાગ કર્યા પછી જો તેને માટે મનમાં વાસના રહે તો તે ત્યાગ સાચો નથી. તેની વાસનાનો પણ ત્યાગ કરવો તે સાચો ત્યાગ છે. જ્યારે બધી વાસનાઓમાંથી મન મુક્ત થાય ત્યારે જ ભક્તિ માટે યોગ્ય બને છે. સાચું સુખ અને આનંદ તો ત્યાગમાં જ રહેલાં છે.

પાંચે ઈન્દ્રિયોને પોતપોતાના એક એ પ્રમાણે કુલ પાંચ વિષયો હોય છે. જેવા કે - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ.

વિષયત્યાગ કરવા માટે તમારે તે વસ્તુના દોષો જોવા જોઈએ. આમ કરવાથી તમને તેના પ્રત્યે અણગમો થશે. કોઈ વસ્તુ શાશ્વત હોતી જ નથી. એ તો બધી નાશવંત છે. દુઃખ તો સુખની સાથે મળેલું હોય છે. વસ્તુના દોષો જો તમે તમારા મન સમક્ષ હરહંમેશા રાખશો તો મન તે વિષય તરફ જશે નહિ.

મનને ગમતી અથવા આનંદ આપતી વસ્તુઓની સ્મૃતિને મનમાં વધારે સમય રહેવા દેશો નહિ. એ વસ્તુઓનો વિચાર પણ મનમાં આવવા દેશો નહિ. આનુ નામ છે સંગત્યાગ.

ગીતા કહે છે :--

ध्यायतो विषयान् पुंसः संङ्गःस्तेषूपजायते ।
संङ्गात् संजायते कामः कामात् क्रोधोभिजायते ॥ (ગી. ૨-૬૨)

क्रोधात् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशात् बुद्धिनाशः बुद्धिनाशत् प्रणश्यति ॥ (ગી. ૨-૬૩)

'વિષયોનું ચિંતન કરવાથી મનુષ્યને તે વિષયો પર આસક્તિ ઊપજે છે. આસક્તિમાંથી કામના પેદા થાય છે. કામનામાં વિઘ્ન પડવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે.'

'ક્રોધથી અવિવેક અથવા મૂઢભાવ જન્મે છે. અવિવેકથી સ્મરણશક્તિ ભ્રમિત થઈ જાય છે અને તેના પરિણામે બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિનો નાશ થવાથી મનુષ્ય વિનાશ નોતરે છે.'

ત્યાગ અથવા વૈરાગ્ય વિના આધ્યાત્મિક પ્રગતિ શક્ય જ બનતી નથી. દરેક મનુષ્યે બાહ્ય તેમજ આંતરિક ત્યાગ કેળવવો જોઈએ. પ્રારંભકાળ દરમ્યાન બાહ્યત્યાગ ખૂબ જ આવશ્યક છે; જ્યારે આંતરિક ત્યાગ તો હંમેશને માટે જરૂરી છે.

અહંકારનો ત્યાગ એ ઉત્તમમાં ઉત્તમ ત્યાગ છે. જ્યાં સુધી અહંકારનો સદંતર વિનાશ ન થાય ત્યાં સુધી ત્યાગ સંપૂર્ણ છે એમ કહી શકાય નહિ.

કૈવલ્ય ઉપનિષદમાં કહ્યું છે ---

'न कर्मणा न प्रजया न धनेन

त्यागेनैकेन अमृतत्त्वमानशुः ।

ન કર્મથી ન પુત્ર પરિવારથી અથવા તો ન ધનથી પરંતુ એક માત્ર ત્યાગથી અમરતા પ્રાપ્ત થાય છે.

રામાયણમાં ભગવાન શ્રી રામ શબરીને નવ પ્રકારની ભક્તિ બતાવે છે.

नवधा भगति कहउं तोहि पाहीं

सावधान सुनु धरु मन माही ॥

प्रथम भगति संतन्ह कर संगा

दूसरी रति मम कथा प्रसंगा ॥

गुरु पद पंकज सेवा तीसरी भगति अमान

चौंथी भगति मम गुनगान, करई कपट तजि गान

मंत्र जाप मम दढ विश्वासा

पंचम भजन सो वेद प्रकासा ॥

छठ दम शील बिरती बहु करमा

निरत निरंतर सज्जन धरमा ॥

सातवं सम मोहिमय जग देखा
मोते संत अधिक कर लेखा ॥
आठवं जथा लाभ संतोषा
समने हुं नहिं देखई पर दोषा ॥
नवम सरल वर्ष सन छलहोना
मम भरोष हियं हरष न दीना ॥
नव महुं एकउ जिन्हके होइ
नारी पुरुष सचराचर कोई ॥
सोई अतिसय प्रिय भामिनि मोरे

(૧) 'પહેલો પ્રકાર છે, સંતોનો સત્સંગ (૨) બીજો પ્રકાર છે, ભગવાનના કથા પ્રસંગોમાં પ્રેમ. (૩) ત્રીજો પ્રકાર છે, અભિમાનરહિત બની ગુરુનાં ચરણ- કમળની સેવા. (૪) ચોથો પ્રકાર છે, કપટ તજી ભગવાનના ગુણોનું ગાન. (૫) પાંચમો પ્રકાર છે, વેદમાં પ્રસિદ્ધ છે તેમ મંત્રજપ અને મારામાં દૃઢ વિશ્વાસ. (૬) છઠ્ઠો પ્રકાર છે, ઈન્દ્રિયોનો નિગ્રહ; સુંદર ચારિત્ર, વધારે કાર્યોમાંથી નિવૃત્તિ અને નિરંતર સંત પુરુષોનું અનુસરણ. (૭) સાતમો પ્રકાર છે, આખું જગત પ્રભુમય સમજવું અને સંતોને પ્રભુ કરતાં પણ અધિક સમજવા. (૮) આઠમો પ્રકાર છે, જે મળે તેમાં સંતોષ માનવો અને સ્વપ્નમાં પણ બીજાનો દોષ જોવો નહિ (૯) નવમો પ્રકાર છે, જીવનમાં સરળતા, બધાંની સાથે કપટરહિત વર્તાવ, હૃદયમાં પ્રભુ પર અડગ વિશ્વાસ અને કોઈપણ સંજોગોમાં અતિ હર્ષ કે વિષાદને આધીન ન થવું.

ભગવાન કહે છે કે આ નવ પ્રકારની ભક્તિમાંથી એક પણ પ્રકાર જેનામાં હોય તે મને અત્યંત પ્રિય છે.

ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :—

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।
शद्धादीन्विषयांस्त्यकत्वा रागद्वेषौ व्युदस्य च ॥ (ગી.૧૮-૫૧)

विविक्तसेवी लध्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥ (ગી.૧૮-૫૨)

अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥ (ગી. ૧૮-૫૩)

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद् भक्तिं लभते पराम् ॥ (ગી. ૧૮-૫૪)

'શુદ્ધ બુદ્ધિથી યુક્ત, એકાંત અને શુદ્ધ દેશમાં રહેનાર, મિતાહારી, જેણે મન અને શરીર પર નિયંત્રણ મૂક્યું છે તેવા દૃઢ વૈરાગ્યયુક્ત, નિરંતર ધ્યાનમાં પરાયણ, અંતઃકરણને વશમાં રાખનાર તથા શબ્દાદિ વિષયોનો ત્યાગ કરનાર અને રાગદ્વેષોને નષ્ટ કરી, અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ અને **પરિગ્રહ**નો ત્યાગ કરી, મમતારહિત અને શાંત બની મનુષ્ય સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં લીન થવા યોગ્ય બને છે. આવી રીતે બ્રહ્મમાં એક ભાવે સ્થિત, પ્રસન્નચિત્ત પુરુષ ન તો કોઈ વસ્તુનો શોક કરે છે, અથવા ન તો કોઈ વસ્તુની આકાંક્ષા સેવે છે. તે ભૂત માત્રમાં સમભાવ બની મારી પરાભક્તિને **પ્રાપ્ત થાય** છે.''

## સૂત્ર - ૩૬.

### अव्यावृतभजनात ।

(**અવ્યાવૃતભજનાત્** - અખંડ ભજનથી)

**અર્થ - અખંડ ભજનથી ભક્તિ માર્ગમાં સફળતા મળે છે.**

**વિવરણ** :- ૩૫ સૂત્રમાં ભગવદ્‌ભક્તિ પ્રાપ્ત કરવાના સાધનમાં વિષયત્યાગ અને સંગત્યાગ બતાવ્યા છે. પરંતુ એ વિષયાસક્તિ કેવી રીતે દૂર કરી શકાય એ આ સૂત્રમાં બતાવવામાં આવે છે.

સાંસારિક ભોગો પ્રત્યેની આસક્તિ અખંડ ભજનથી દૂર કરી શકાય છે. ભક્તિ માર્ગમાં પણ રોગ, હાનિ, નિષ્ફળતા વગેરે ઘણી મુશ્કેલીઓ સહેવી પડે છે. ભક્તે આ બધું ધીરજપૂર્વક સહન કરવું જોઈએ.

ગોસાંઈજી શ્રી તુલસીદાસજી કહે છે :—

बारि मथें धृत होइ बरु सिकता ते बरु तेल ।
बिनु हरि भजन न भव तरिअ सिद्धांत अपेल ॥

'જળના મંથનથી ભલે ઘી નીકળે, રેતીમાંથી ભલે તેલ નીકળે, પરંતુ ભગવાનના ભજન વિના મનુષ્ય ભવસાગર તરી શકતો નથી. આ એક અટલ સિદ્ધાંત છે.'

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે :—

**अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।**
**तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥** (ગી. ૮- ૧૪)

''હે અર્જુન! જે પુરુષ મારામાં અનન્ય ચિત્તથી સ્થિર થઈ, નિન્ય નિરંતર મારું સ્મરણ કરે છે, એવા નિત્ય મારામાં લાગી રહેલા યોગીઓને માટે હું સુલભ છું.''

મહર્ષિ પતંજલિ રાજયોગ સૂત્રમાં કહે છે :—

**स तु दीर्घकालनैरन्तर्यसत्कारासेवितो द्रढभूमिः ।** (૧-૧૪)

'દીર્ઘકાળ પર્યંત નિરંતર સત્કારસહિત કરવાથી જ અભ્યાસ દૃઢ થાય છે.' આ રીતે, ભજનરૂપી અભ્યાસ તો જ સિદ્ધ થાય જો તે અભ્યાસ અખંડ હોય, સતત હોય અને સત્કારપૂર્વક હોય.

પૂજા સેવા પણ ભજન જ કહેવાય. ભક્તિભાવથી કરેલી ભગવાનની બધા પ્રકારની સેવા પણ ભજન કહેવાય. નારાયણભાવે કરેલી માનવ સેવા પણ ભગવાનની જ પૂજા છે. ભગવાનની લીલા શ્રવણ કરવી, એનાં ગુણગાન ગાવાં, એના નામનો જપ કરવો, એની સેવા કરવી, તેની પૂજા કરવી, બધાં કાર્યો તેને સમર્પણ કરવાં, સ્વજાતને પણ તેની સેવામાં અર્પણ કરી દેવી, વગેરે ભજનમાં આવી જાય છે. સૂવું, ખાવું વગેરે પણ ભગવાનની સેવાનાં જ કાર્યો છે.

**यद् यत् कर्म करोमि तत् तद् अखिलं शंभो तवाराधनम् ।**

એવો અનુભવ કરો કે, પ્રભુ તમારી અંદર બેઠેલો છે. તે જ સૂએ છે અને તે જ ખાય છે. આમ કરવાથી અહંકારનો સદંતર નાશ થશે અને તમે પૂર્ણ શરણાગતિ મેળવશો.

૩૫ માં સૂત્રમાં નિષેધાત્મક સાધના બતાવી છે. તેમાં શું ન કરવું તે બતાવ્યું છે, જ્યારે આ સૂત્રમાં ધનાત્મક સાધના એટલે શું કરવું તે બતાવવામાં આવ્યું છે.

તમારે આધ્યાત્મિક વીર બનવું જોઈએ. એ માર્ગે આવતાં કષ્ટો અને અવરોધો તમારે પાર કરવાં જોઈએ. તમારાં હૃદયમાં દિવ્ય જ્યોતિને અખંડ રાખો. આગળ વધો. હિંમત રાખો. સફળતા મેળવો. તમારી નબળાઈઓ અને પ્રલોભનોને કદી નમતું આપશો નહિ. સાવધાન રહો. હંમેશ તત્પર રહો. લાપરવાહી, અસાવધપણું અને આળસનો જડમૂળથી નાશ કરો.

આરામ લેવો પણ જરૂરી છે. કામની ફેરબદલી એ જ આરામ છે. કીર્તન કરો. એ તમને આરામ આપશે. એથી થાક ઉતરી જશે. તમારો આદર્શ હંમેશ દૃષ્ટિ સમક્ષ રાખો. આધ્યાત્મિક અભ્યાસમાં આનંદ મેળવો. એ અભ્યાસમાં પણ વિવિધતા રાખો. જેવી કે, મંત્ર-લેખન, મંત્ર-જપ, કીર્તન, પ્રાર્થના, ધ્યાન, વાચન અને સેવા વગેરે આ બધાં જ ભજન જ કહેવાય.

આવેશમાં આવી જઈ થોડા દિવસ જોરદાર સાધના કરીને પછી છોડી દેવાથી કાંઈ જ વળશે નહિ. આ અભ્યાસ તો સતત હોવો જોઈએ. એ તો તૈલધારાવત્ હોવો જોઈએ. જો એમાં ખલેલ પડશે તો વાસનાઓ તમારા મનમાં ઘૂસવાનો પ્રયત્ન કરશે; અને અપવિત્ર વિચારો અને સાંસારિક પ્રલોભનો તમારા અંતઃકરણને કચડી નાખશે. જૂની વાસનાઓ પાછી જોર કરશે. સાધકે ખૂબ જ સાવધ રહેવું જોઈએ. આથી ગીતાચાર્ય કહે છે :—

**तस्मात् सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।**
**मय्यर्पितमनोबुद्धिः मामेवैष्यस्यसंशयम् ॥** (ગી. ૮ - ૭)

એટલા માટે હે અર્જુન! નિત્ય નિરંતર મારું સ્મરણ કર અને યુદ્ધ પણ કર. આ પ્રમાણે પોતાનાં મન અને બુદ્ધિ મને અર્પણ કરનાર નિઃસંદેહ મને પ્રાપ્ત થાય છે.

કબીરજી પણ આમ કહે છે :

**સાંસ સાંસ સુમિરન કરૌ**
**યહ ઉપાય અતિ નીક.**

## સૂત્ર - ૩૭.

## लोकेऽपि भगवद्गुणश्रवणकीर्तनात् ।

(**લોકે** - સંસારમાં, સમાજમાં **અપિ** - પણ, **ભગવદ્‌ગુણ** ભગવાનનાં ગુણગાન, **શ્રવણકિર્તનાત્** શ્રવણ કરવાથી અને કીર્તન કરવાથી.)

**અર્થ :- સમાજમાં પણ ભગવાનનાં ગુણગાન, શ્રવણ અને કીર્તનથી ભગવાન પ્રાપ્ત થાય છે.**

**વિવરણ :-**

नाहं वसामि वैकुंठे योगिनां हृदये न च ।
**मम भक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ॥**

ભગવાન પોતે કહે છે -- ''હું વૈકુંઠમાં રહેતો નથી, તેમ યોગીઓના હૃદયમાં પણ નહિ. પરંતુ હે નારદ, જ્યાં મારા ભક્તો કીર્તન કરતા હોય છે ત્યાં હું વસું છું.''

આ સંસારમાં એવા ઘણાં દૃષ્ટાંતો મળે છે કે જે સ્પષ્ટ રીત બતાવે છે કે ભગવાનના ગુણાનુવાદ કરવાથી ભક્તિ વૃદ્ધિ પામે છે.

દિવ્ય જીવનનું અને લૌકિક જીવન જુદાં પાડી શકાય નહિ. જો તમે ભગવાનનું સતત સ્મરણ કરતા રહો અને જો તમે તમારાં કાર્યો કરતી વેળા દિવ્યભાવ રાખો તો તમારી બધી પ્રવૃત્તિઓ પૂજા બની જશે.

શ્રીમદ્ભાગવત કહે છે :—

बिले बतोरुक्रमविक्रमान् ये
न श्रृण्वतः कर्णपुटे नरस्य ।
जिह्वासती दादुरिकेव सूत
न चोपगायत्युरुगायगाथा ॥

(ભા. ૨ - ૩ -૨૦)

'જે કાન ભગવાનનાં ગુણગાન સાંભળતા નથી એ તો સાપના દરનાં કાણાં જેવા છે. જે જીભ ભગવાનની લીલાકથાનાં ગાન કરતી નથી એ તો દેડકાની જીભ સમાન વ્યર્થ બકવાટ કરનાર છે.'

ગોસ્વામીજીએ આનો આ પ્રમાણે અનુવાદ કર્યો છે :—

जिन्ह हरिकथा सुनी नहिं काना ।
श्रवन रंध्र अहि भवन समाना ॥
जो नहिं करई राम गुन गाना ।
जीह सो दादुर जीह समाना ॥

અગ્નિ લાકડાંને બાળી નાખે છે તેમ, જાણે અજાણે પણ ભગવાનનું નામ લેવાથી બધાં પાપ બળી જાય છે. જે ભગવાનના પવિત્ર નામનું કીર્તન કરે છે અથવા જપ કરે છે તેને બધી તપશ્ચર્યા, યજ્ઞ અને ગંગાસ્નાનનું પુણ્ય મળે છે.

જેવી રીતે સૂર્ય પર્વતની ગુફાઓના અંધકાર દૂર કરે છે, જેવી રીતે જોરથી

ફૂંકાતો પવન વાદળાંને વિખેરી નાખે છે, તે જ પ્રમાણે દિવ્ય નામકીર્તન અને જપ બધાં દુઃખ અને શોકનો નાશ કરે છે. આથી કીર્તન, નામસ્મરણ અને ભગવાનનાં ગુણગાનનો અખંડ અભ્યાસ એ ભકિત પ્રાપ્તિ અને આત્મ-સાક્ષાત્કારનો એક ઉત્તમ અને અચૂક ઉપાય છે.

શ્રીમદ્ ભાગવત કહે છે :—

**संसारसिन्धुमतिदुस्तरमुत्तितीर्षां**
**नान्यः प्लवो भगवतः पुरुषोत्तमस्य ।**

**लीलाकथारसनिषेवणमन्तरेण ।**
**पुंसो भवेत् विविध दुःख दवार्दितस्य ॥**

(ભા. ૧૨-૪-૪૦)

જે લોકો આ અત્યંત દુસ્તર સંસારસાગર પાર કરવા ઈચ્છે છે અથવા તો જે લોકો અનેક પ્રકારના દુઃખ દાવાનળથી દગ્ધ થઈ રહ્યા છે તેમને માટે પુરુષોત્તમ ભગવાનની લીલાકથારૂપ સેવન સિવાય બીજો કોઈ રસ્તો નથી, કોઈ બીજી નૌકા નથી. કેવળ-લીલા-રસાયણનું સેવન જ તમારા મનોરથો સિદ્ધ કરશે.

જપ અને કીર્તન તો ધ્યાન, આત્મશુદ્ધિ અને આત્મસાક્ષાત્કાર પ્રાપ્તિમાં સહાય કરે છે. સાધક જપ અને કીર્તનથી વિકાસસીડીને ઉપલે પગથિયે પહોંચી જાય છે. જપ એક સર્વોત્તમ યજ્ઞ છે. તે સુંદર ફળ આપે છે. જપ અને કીર્તનના અભ્યાસમાં ઉંમર, જાતિ, જ્ઞાતિ, કંઈ જ આડે આવતું નથી. એ તો હરેક વ્યક્તિ, હર સમય અને હર જગ્યાએ કરી શકે છે.

મનોનિગ્રહ, પવિત્રતા, મૌન અને એકાગ્રતા વગેરે જપમાં સહાયભૂત થાય છે. જપની સાથે સાથે એ મંત્રના અર્થ પર ધ્યાન ધરવું જોઈએ. આથી વિકાસ ઝડપી બને છે. મંત્રોનો ઉચ્ચાર શરીર, મન અને હવામાનનાં એક જાતનાં સ્પંદનો પેદા કરે છે, જે આધ્યાત્મિક અભ્યાસ માટે લાભદાયક છે.

ૐ નમઃ શિવાય। ૐ નમો નારાયણાય। ૐ નમો ભગવતે વાસુદેવાય। ૐ શ્રી રામ જય રામ જય જય રામ। વગેરે સિદ્ધ મંત્રો અનુભવથી ખૂબ લાભદાયક સાબિત થયા હોય તે સિદ્ધ મંત્રો કહેવાય છે. જેઓ આવા સિદ્ધ મંત્રોનો અભ્યાસ કરે છે તેઓ અવશ્ય આત્મસાક્ષાત્કાર પામે છે.

ભગવાન તો પૂર્ણ છે. જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, ધર્મ, યશ અને શ્રી વગેરે ભગવાનના ગુણો છે. ભગવાન પર ધ્યાન ધરવાથી ભગવાન પ્રાપ્ત થાય છે.

'कलौ केशव कीर्तनात्' કળિયુગમાં ભગવાનનાં કીર્તન અને ગુણાનુવાદથી મુક્તિ મળે છે. આ યુગમાં લોકોનાં શરીર એવાં મજબૂત નથી તથા અસ્ખલિત બ્રહ્મચર્ય પણ નથી કે તેઓ હઠયોગની ક્રિયાઓ જેવી કે પ્રાણાયામ, મુદ્રા, વગેરેનો અભ્યાસ કરી શકે, તેમનામાં તીવ્ર બુદ્ધિ શક્તિ પણ નથી કે તેઓ ગૂઢ રહસ્યો સમજી વેદાંતનો અભ્યાસ કરી શકે. સૌથી ઉત્તમ માર્ગ તે ભગવત કીર્તન છે.

## સૂત્ર - ૩૮.

## मुख्यतः तु महत्कृपयैव भगवत्कृपालेशात् वा।

(**મુખ્યત :-** મુખ્યત્વે, **તુ** પણ, **મહત્કૃપયા** મહાત્માઓની કૃપાથી, **એવ** - ફક્ત, **ભગવતકૃપાલેશાત્** - ભગવાનની થોડીમાત્ર કૃપાથી, **વા** - અથવા.)

**અર્થ :- પણ ભક્તિ મુખ્યત્વે મહાત્માઓની કૃપા અથવા તો ભગવાનની થોડીમાત્ર કૃપાથી મળે છે.**

**વિવરણ :-** સૂત્ર - ૩૫, ૩૬, ૩૭માં મનુષ્યના પુરુષાર્થ જેવા કે વિષયત્યાગ, સંગત્યાગ, અખંડ ભજન, તથા ભગવદ્ગુણશ્રવણ અને કીર્તન પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સૂત્ર અને ત્યાર પછીના ત્રણ સૂત્રોમાં ઈશકૃપાના અવતરણનું વર્ણન કરવામાં આવ્યું છે.

મહાન પુરુષો જ્યારે પોતાના બંધુઓ પ્રત્યેની કરુણાને લઈને ભાવભીના થાય છે ત્યારે ભગવાન તેમને ઈશકૃપાનું સાધન બનાવે છે.

પુરુષાર્થ ચોક્કસ આવશ્યક છે. પુરુષાર્થ કરતાં કરતાં સાધક સમજશે કે તે પોતે તો કંઈ પણ કરવા સમર્થ નથી અને આત્મસાક્ષાત્કાર તો મહાન સંતોની કૃપા અથવા તો થોડી અમથી પણ ઈશ - કૃપાથી જ મળી શકે.

એક ક્ષણનો મહાત્માઓનો સત્સંગ માણસનો ઉદ્ધાર કરી નાખે છે. આવા સત્સંગથી દુન્યવી આશાઓ અને વાસનાઓનો ક્ષય થાય છે.

શ્રીમદ્ ભાગવત કહે છે :—

तुलयाम लवेनापि न स्वर्गं नापुनर्भवम् ।
भगवत्संगिसंगस्य मर्त्यानां किमुताशिषः ॥

(ભા. ૧ - ૧૮ - ૧૩)

'હે સૌમ્ય ! ભગવતસંગી ભક્તોના નિમિષમાત્ર પણ સત્સંગની તુલના

સ્વર્ગની વાત શું પણ પુનર્જન્મનો નાશ કરનાર મુક્તિની સાથે પણ ન થઈ શકે, તો પછી આ મૃત્યુલોકની રાજસંપત્તિની શું વાત?'

આના જ આધાર પર રામચરિત માનસમાં કહ્યું છે :—

तात स्वर्ग अपवर्ग सुख धरिअ तुला एक अंग ।
तूल न ताहि सकल मिलि जो सुख लव सतसंग ॥

સત્સંગ વિના ભક્તિનો વિકાસ શક્ય નથી. મહાત્માઓ અને મહાન સંતો દ્વારા જ ઈશ-કૃપા પ્રાપ્ત થાય છે. ઈશ-કૃપા હોય તો જ પુરુષાર્થ પણ થઈ શકે.

સત્કાર્યો, ભક્તિ અને આત્મસમર્પણના ફળરૂપે આપ મેળે જ ભગવત કૃપા વર્ષે છે. અહંકાર સદંતર નાશ થાય છે ત્યારે ઈશ-કૃપા સતત વહે છે. કારણ કે તેનો અવરોધ કરનાર અહંકાર નાશ પામ્યો છે.

ઈશ-કૃપાથી જ ગુરુ પ્રાપ્તિ થાય છે. ગુરુ દૃષ્ટિથી, સ્પર્શથી અથવા તો સંકલ્પ માત્રથી પોતાની શક્તિ પોતાનાં શિષ્યમાં પ્રસારે છે. ગુરુ રૂપે ભગવાન પોતે જ હોય છે. ગુરુ ઈશ્વરની પ્રેરણા અનુસાર કાર્ય કરે છે.

વેદાંતીઓ પુરુષાર્થનું સમર્થન કરે છે, જ્યારે ભક્તો ઈશ્વરકૃપાનું મહત્ત્વ પુરવાર કરે છે. ભક્તો કહે છે કે પુરુષાર્થ આવશ્યક છે, પરંતુ તે તો આત્મશુદ્ધિ કરી ભક્તને ઈશ-કૃપા માટે યોગ્ય બનાવવા માટે જ છે. આગળ વધેલા ભક્તો તો કહે છે કે પુરુષાર્થ પણ ઈશ-કૃપાથી જ શક્ય બને છે.

સર્વ મનુષ્યોને ઈશકૃપા કેમ પ્રાપ્ત થતી નહિ હોય? ભગવાને દરેક વ્યક્તિને સારુ નરસું પસંદ કરવાની સ્વતંત્રતા આપી છે; અને જ્યાં સુધી માનવી થાકીને પાછો ઈશ્વરાભિમુખ ન બને ત્યાં સુધી ભગવાન રાહ જુએ છે.

સ્વતંત્ર ઈચ્છાશક્તિ અને ઈશ કૃપા બન્નેના સિદ્ધાંતો એકબીજાને અનુકૂળ છે. ઘણાઓ કહે છે કે કર્મનો નિયમ પણ ઈશ-કૃપાનું એક પાસું છે. વળી, બીજાઓ કહે છે કે ઈશ-કૃપા એ કર્મના નિયમનું એક અંગ છે. સત્કાર્યો જેવાં કે ભક્તિ, આત્મસમર્પણ વગેરેના ફળ રૂપે ઈશકૃપાનું અવતરણ થાય છે. આ રીતે ઈશ-કૃપા એ પણ કર્મનો નિયમ છે.

ગીતામાં કહે છે :—

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥ (ગી. ૮-૧૪)

મુંડકોપનિષદ્ અને કઠોપનિષદ્‌માં કહ્યું છે - આત્મસાક્ષાત્કાર પ્રવચનથી, બુદ્ધિથી અથવા અધ્યયનથી થઈ શકતો નથી. એ તો ઈશ-કૃપાથી જ શકય બને છે.

नायमात्मा प्रवचने न लभ्यो
न मेधया न बहुना श्रुतेन।

**ભગવત કૃપાલેશાત્** - ભગવતકૃપાનું એક બિંદુ પણ આ સંસારચક્રમાંથી છૂટકારો આપવા પર્યાપ્ત છે. ઈશ-કૃપા જ તેનાં બધાં બંધનો તોડી નાખે છે.

ગીતા કહે છે :—

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥ (ગી. ૧૮-૫૬)

'ઈશ્વરપરાયણ નિષ્કામ કર્મયોગી સંપૂર્ણ કર્મો કરવા છતાં પણ મારી કૃપાથી સનાતન અવિનાશી પરમ પદને પ્રાપ્ત થાય છે.'

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ॥ (ગી. ૧૮-૫૮)

'તું મારી કૃપાથી મારામાં નિરંતર મન રાખનાર થા અને તેથી જન્મ મૃત્યુ વગેરે સંકટોથી અનાયાસ તરી જશે. પણ જો તું અહંકારને લઈને મારું નહિ સાંભળે તો તું નષ્ટ થઈ જઈશ.'

**મહત્કૃપા** - મહાત્માઓની કૃપા પણ અતિ આવશ્યક છે. ભાગવત અને ભગવાન વચ્ચે કશો તફાવત હોતો નથી. બન્ને એક જ છે. મહાત્માઓના સત્સંગ વિના સંસારી પુરુષોના નિમ્ન સંસ્કારોમાં પરિવર્તન થતું નથી. ઉજ્જવલ અભય કિનારા પર પહોંચવા માટે સત્સંગ એક નૌકાનું કાર્ય કરે છે. ભાગવત, રામાયણ વગેરે ધાર્મિક ગ્રંથોમાં સત્સંગનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. સંત પુરુષોના લખેલા ગ્રંથો પણ એક પ્રકારનો સત્સંગ જ છે. જ્યારે તેનું અધ્યયન કરવામાં આવે છે ત્યારે આપણે એમની સાથે એક થઈ ગયા હોઈએ એવો અનુભવ થાય છે.

જે સાધકો તનમનથી સતત પ્રયાસ કરે છે અને જેઓમાં તીવ્ર મુમુક્ષુત્વ હોય છે તેમના પર ઈશ કૃપા ઊતરે છે. આજકાલ તો એશઆરામની જિંદગી જીવવી છે છતાં મહાત્માઓની કૃપાની આશા રાખવી છે. તેમને જાતે તો કોઈ

તપશ્ચર્યા અથવા સાધના કરવી જ નથી. એમને તો જાદુઈ લાકડીની જેમ સમાધિ જોઈએ છે.

કબીર, તુલસીદાસજી, શ્રી શંકરાચાર્ય અને ગુરુ નાનક વગેરેએ સત્સંગના મહિમા વિષે ઘણું લખ્યું છે. ઈશ્વરમાં તથા શાસ્ત્રોમાં શ્રદ્ધા અને ઈશ્વરની ભક્તિ વગેરે સત્સંગથી મળે છે.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન પોતાના પ્રેમી ભક્ત ઉદ્ધવને કહે છે :—

**न रोधयति मां योगो न सांख्यं धर्म एव च ।**
**न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥**
**व्रतानि यज्ञश्छंदांसि तीर्थानि नियमा यमाः ।**
**यथावरुन्द्धे सत्संगः सर्वसंगापहो हि माम् ॥**

(ભા. ૧૧-૧૦-૧/૨)

'હે ઉદ્ધવ ! સમસ્ત સંતોનું નિવારણ કરનાર સત્સંગથી હું જેવો વશીભૂત થાઉં છું તેવો તો યોગ, જ્ઞાન, ધર્મ, વેદાધ્યયન, તપ, ત્યાગ, ઈષ્ટાપૂર્ત, દક્ષિણા, વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ, યમ અને નિયમથી પણ થતો નથી.'

હાલના સંસારીઓ ફરિયાદ કરે છે કે આવા મહાત્માઓ અત્યારે મળતા નથી. આ તો એક લુલું બહાનું છે. સત્સંગ તો માંગ અને પૂર્તિનો પ્રશ્ન છે. જો સાચી માગ હશે તો એ જરૂર મળશે. આ તો પ્રકૃતિનો અટલ નિયમ છે; જો તમને સાચી ભૂખ લાગી હશે તો ગુરુ તમારા આંગણે આવી પહોંચશે. તમે વિલાસી જીવન વ્યતીત કરતા હો અને ઉચ્ચતમ દિવ્ય જીવનની પરવા પણ ન હોય, તમે તમારો સમય ગપ્પામાં બગાડતા હો અને જો તમે કામ, ક્રોધ, લોભ અને મોહમાં ડૂબકાં મારતા હો અને છતાં એમ કહો કે — 'મને સત્સંગ મળતો નથી.' તો આમાં વાંક કોનો ? તમારો પોતાનો જ. તમારા દોષો કબૂલ કરો. એને માટે પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત કરો, પ્રાર્થના કરો. આ રીતે તમારી જાતને ઉત્તમ અધિકારી બનાવો, પછી મહાત્મા પાસે જાઓ. તેઓ તમને સાચો રાહ બતાવશે. આવા મહાન સંતો તો યોગ્ય સાધકની રાહ જ જોતા હોય છે. મહાત્માઓ તો ઘણા છે. સાચા સાધકો જ ઓછા છે, મહાત્માઓ નહિ.

● □ ●

## ૯. સત્સંગનો મહિમા

**સૂત્ર - ૩૯.**

**महत्संगः तु दुर्लभः अगम्यः अमोघः च ।**

(**મહત્સંગઃ** - મહાત્માનો સંગ **તુ** - પરંતુ, **દુર્લભ** :- દુર્લભ **અગમ્યઃ** - અગમ્ય **અમોઘ** - અચૂક **ચ** - અને)

**અર્થ : પરંતુ મહાત્માનો સંગ દુર્લભ, અગમ્ય અને અમોઘ છે.**

**વિવરણ** :- આ સંસારમાં સ્વધર્મપરાયણ, સદાચારી, સાધુ સ્વભાવ અને દૈવી સંપદાવાળા પુરુષોની પ્રાપ્તિ બહુ જ દુર્લભ છે, અને તેવો કોઈ પુરુષ મળી જાય તો પણ તેને ઓળખવો એ બહુ મુશ્કેલ છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :-

**मनुष्याणां सहस्त्रेषु कश्चित् यतति सिद्धये ।**
**यततामपि सिद्धानां कश्चित् माम् वेत्ति तत्त्वतः ॥** (ગી. ૭-૩)

'હજારો મનુષ્યોમાંથી કોઈક જ મનુષ્ય મારી પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. એ પ્રયત્ન કરનાર યોગીઓમાંથી પણ કોઈક જ પુરુષ મારા તત્ત્વને યથાર્થ જાણે છે.'

સાચા સાધુ મહાત્માને ઓળખવામાં સાવચેત રહેજો, નહિ તો છેતરાઈ જશો. મહાત્માની પ્રાપ્તિ અને તેને ઓળખવા એ ખૂબ મૂશ્કેલ હોય છે, કારણ કે આવા મહાન આત્માઓ પોતાની મહાનતા છુપાવી રાખે છે. જે સાધકે આ જન્મ અથવા તો પૂર્વ જન્મમાં કડક તપશ્ચર્યાથી સદ્‌ગુણો પ્રાપ્ત કર્યા હોય છે તે જ મહાત્માઓની મહાનતા ઓળખી શકે છે અને તેના કૃપાપાત્ર બને છે. આળસુ અને પ્રમાદી માનવી માટે તો સત્કૃપાનો કોઈ અવકાશ જ હોતો નથી.

તમારે ગમે તેને તમારા ગુરુ તરીકે સ્વીકારવા જોઈએ નહિ. ગુરુ બનવા માટે ઈશ્વરની આજ્ઞા જોઈએ. સત્સંગનું ફળ અચૂક છે. એમ બને કે સામાન્ય સાધકમાં પરિવર્તન બહુ ધીમું થાય. સંતોએ પ્રસારેલાં આધ્યાત્મિક સ્પંદનો બહુ દૂર સુધી, પણ યોગ્ય અધિકારીને જ પહોંચે છે અને તેનું પરિવર્તન થાય છે.

આ જગતમાં સારી વસ્તુઓ બહુ ઓછી હોય છે. કસ્તુરી, કેસર, રેડિયમ, ચંદન, પંડિતો, સદાચારી પુરુષો અને પરમાર્થીઓ ઓછા જ હોય છે. ત્યારે સંતો, યોગીઓ, જ્ઞાનીઓ અને ભક્તોની તો વાત જ શી? તમારે આત્મનિયંત્રણ, બ્રહ્મચર્ય, સમતા, મુમુક્ષુત્વ, નમ્રતા વગેરે સદ્‌ગુણો કેળવી તમારી જાતને સત્સંગ માટે યોગ્ય બનાવવી જોઈએ. જો તમને સત્સંગ પ્રાપ્ત થાય તો તમારો બેડો પાર. શ્રી શંકરાચાર્ય વિવેકચૂડામણિમાં કહે છે - આ સંસારમાં ત્રણ વસ્તુઓ દુર્લભ છે -- (૧) મનુષ્ય જન્મ (૨) મુમુક્ષુત્વ અને, (૩) સત્સંગ.

## સૂત્ર - ૪૦.

### लभ्यते अपि तत् कृपया एव ।

(**લભ્યતે** - મળે છે, **અપિ** - પરંતુ, **તત્** - તેની (ભગવાનની), **કૃપયા** - કૃપાથી, **એવ** - ફક્ત)

**અર્થ :- પરંતુ તેની (ભગવાનની) કૃપાથી જ (સત્સંગ) મળે છે.**

**વિવરણ :-** સૂત્ર - ૩૯ માં કહેવામાં આવ્યું છે કે સત્સંગ મળવો બહુ દુર્લભ છે, અગમ્ય છે, અમોઘ છે. આવા વર્ણનથી એવું બને કે કોઈ નાહિંમત બની જાય. આથી આ સૂત્રમાં થોડું પ્રોત્સાહન આપવામાં આવે છે. જો કે સત્સંગ મળવો મુશ્કેલ તો છે પણ એ અશક્ય નથી. એ મળે છે ખરો. તે દૈવી કૃપાના ફળરૂપે મળે છે.

જ્યારે સમય પરિપકવ થાય છે ત્યારે ન સમજી શકાય તેવી રીતે ભગવાન ગુરુ અને શિષ્યનો મેળાપ કરાવી આપે છે.

વિભીષણ અને હનુમાનના મિલનને ઈશ-કૃપા ગણી વિભીષણ કહે છે :—

अब मोहि मा भरोस हनुमंता
बिनु हरि कृपा मिलहिं नहि संता ॥

## સૂત્ર - ૪૧.

### तस्मिन् तत्जने भेदाभावात् ।

(**તસ્મિન્** - તેનામાં, **તત્** - તેના **જને** - ભક્તમાં, **ભેદાભાવત્** - ભેદનો અભાવ.)

**અર્થ :-** **કારણ કે ભગવાનનાં અને તેના ભક્તોમાં કશો ભેદભાવ હોતો નથી.**

**વિવરણ :-** ભક્ત ભગવાન સ્વરૂપ છે. ब्रह्मविद् ब्रह्मैव भवति જે કોઈ ભક્તનું સેવન કરે છે તે ભગવાનનું જ સેવન કરે છે. ભક્ત ભગવાનના હૃદયમાં વસે છે અને ભગવાન ભક્તના હૃદયમાં રહે છે.

ભગવાન પોતે કહે છે :—

**साधवो हृदयं मम साधूनां हृदयं त्वहम् ।**
**मदन्यत् तेव जानन्ति नाहं तेभ्यो मनागपि ॥**

(ભા. ૯-૪-૬૮)

'સાધુ મારું હૃદય છે અને હું તેમનું હૃદય છું, તે મારા સિવાય કોઈને જાણતા નથી અને હું તેમને છોડીને બીજાને જાણતો નથી.'

ગોપીઓ ભગવાનની બધી લીલાઓનું અનુકરણ કરતી હતી, ત્યારે તેઓ પોતાને સદંતર ભૂલી ગઈ અને તેઓ સમજી પણ ન શકી કે પોતે કોણ હતી.

જ્યારે જીવાત્મા ભગવાનને પોતાની જાત સંપૂર્ણ રીતે સમર્પણ કરી દે છે ત્યારે તે ભગવાનના રક્ષણ નીચે આવી જાય છે. હવે માયા તેના પર કાંઈ જ અસર કરી શકતી નથી.

**તત્ જને** - તત્ એટલે ભગવાન. એ રીતે તત્ જને એટલે ભગવાનના ભક્ત. જ્યારે મનની અશુદ્ધિઓ નાશ પામે છે ત્યારે ભક્ત અનુભવે છે કે તેની અને ભગવાનની વચ્ચે કાંઈ જ તફાવત નથી. હવે જ ઈશ-કૃપા તેના પર અવતરે છે. આ ઈશ-કૃપા ગુરુનું રૂપ લે, અથવા તો ધારણા, ધ્યાન, ભક્તિ અને ભગવદ્દર્શન રૂપે આવે છે.

ઈશ્વર કોઈના પ્રત્યે કદાપિ પક્ષપાત કરતો નથી. એની કૃપા તો કોઈ પણ જાતના ભેદભાવ વિના બધાંને મળે છે. આ ઈશ-કૃપા જ મનુષ્યને ગુરુ શોધવા પ્રેરે છે અને તે જ તેને પૂર્ણતા સુધી લઈ જાય છે.

જ્યારે પુરુષ પૂર્ણ આત્મસમર્પણ કરે છે, ત્યારે આત્મસાક્ષાત્કાર તેને માટે સ્વાભાવિક બની જાય છે. અને ઈશ-કૃપા સતત તેના પ્રત્યે વહે છે. અજ્ઞાની મનુષ્ય પોતાના અહંકાર અને અભિમાનથી આ ઈશ-કૃપાના માર્ગમાં અવરોધ કરે છે.

જેવી રીતે નદી દરિયામાં મળે ત્યારે પોતાનું નામરૂપ તજી દે છે, તેવી જ રીતે ભક્ત પોતાની જાતને ભગવાનમાં મેળવી દે છે. કારણ કે આ તફાવત પેદા કરનાર તો મન છે અને ભક્તે મનનો નાશ કરી નાખ્યો હોય છે, એટલે આવો ભેદભાવ રહેતો નથી.

## સૂત્ર - ૪૨.

### तदेव साध्यतां तदेव साध्यताम् ।

(**તત્** - તે (ભક્તિ પ્રાપ્તિનાં સાધન), **એવ** - એક જ, **સાધ્યતાં** - સાધના કરો.)

**અર્થ :- એની જ સાધના કરો, એની જ સાધના કરો.**

**વિવરણ :-** તત્નો અર્થ અહીં ભક્તિનાં સાધન - વિષયત્યાગ, સંગત્યાગ, અખંડ ભજન, અને ભગવાનના કીર્તન અને તેનાં ગુણગાન શ્રવણ વગેરે થાય છે. આ માટે સંપૂર્ણ આત્મર્પણ આવશ્યક છે. આમ બને તો જ ઈશ-કૃપાનું અવતરણ થાય છે.

ઈશકૃપા માટે જ પ્રયત્ન કરો, ઈશકૃપા માટે જ પ્રયત્ન કરો. ઈશકૃપા પ્રાપ્ત કરવા ભગીરથ પ્રયત્ન કરો. અહીં એક વાક્યનો બે વાર પ્રયોગ કરવામાં આવ્યો છે. તે એમ બતાવે છે કે આ બાબત ખૂબ જ અગત્યની અને ઉતાવળની છે, માટે વહેલામાં વહેલી તકે સત્સંગ પ્રાપ્ત કરો.

જો તમારે પ્રભુ ભક્તિ મેળવવી હોય તો પહેલાં સત્સંગ મેળવવાનો પ્રયત્ન કરો. ઈશકૃપાથી તમને સંતોનો સંગ મળી જશે.

**એવ** એટલે માત્ર તે જ. એટલે આ સિવાય બીજી કોઈ વસ્તુ મહત્ત્વની નથી. ઈશકૃપા પ્રાપ્ત કરવાની રીત તો આગળ આપવામાં આવી છે. જેવી કે, અનાસક્તિ, સેવા, ભગવાનનાં ગુણગાન, શ્રવણ અને કીર્તન.

● □ ●

# ૧૦. કુસંગનો ત્યાગ કરો

**સૂત્ર - ૪૩.**

**दुःसंग सर्वथा एव त्याज्यः ।**

( **દુઃસંગ** :- કુસંગ, **સર્વથા** - હરેક રીતે, **એવ** -ચોક્કસ **ત્યાજ્ય** :- ત્યાગ કરવો જોઈએ.)

**અર્થ :- કુસંગનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.**

**વિવરણ** :- હર જગ્યાએ, હર સમયે, હરેક પ્રયત્ન કરીને કુસંગથી દૂર રહો.

નવો નવો સાધક જો કુસંગત અથવા તો દુન્યવી મનુષ્યનો સંગ કરે તો તે પોતાની ભક્તિ ગુમાવે છે, અને દૂષણો મેળવે છે. તે પોતાના સ્થાનથી ભ્રષ્ટ થાય છે. મન તો હંમેશ અનુકરણ કરવા પ્રેરાય છે. કુસંગ તો ભક્તિ-માર્ગની પ્રધાન બાધા છે.

દુઃસંગથી ભોગપ્રીતિ, દુરાચાર, અવિવેક, વિષયલોલુપતા, દંભ, ક્રોધ, અસહિષ્ણુતા, અપવિત્રતા, નિર્દયતા, અભિમાન અને અશાંતિ વગેરે ઉત્પન્ન થાય છે. કુસંગ બધા સદ્‌ગુણોનો નાશ કરે છે.

તમારું સ્થળ, ખોરાક, વાતાવરણ, વ્યવહાર, પૂજન રીતિ, વાતચીતના વિષયો, અધ્યયનના ગ્રંથો વગેરે જો સાત્ત્વિક હશે તો તમે સદ્‌ગુણોનું ઉપાર્જન કરી આધ્યાત્મિકતામાં પ્રગતિ કરી શકશો. જો તે બધાં રાજસિક અથવા તામસિક હશે તો તમે તેવા ગુણો મેળવશો.

ઘણા લોકો કહે છે, ''શું દુષ્ટમાં ભગવાન નથી? શા માટે કોઈનામાં પણ ખરાબ તત્ત્વ જોવું જોઈએ? આપણે દુષ્ટતામાં પણ ભલાઈ કેમ ન જોવી?''

સંત પુરુષો જ સારાનરસાથી પર હોય છે. તેઓ જ નરસામાં પણ સારું જોઈ શકે છે. તેઓને માટે સારું ખરાબ કાંઈ હોતું જ નથી. તેમના પર ખરાબની કાંઈ અસર થશે નહિ. તેઓ તો બુરાઈમાં પણ ઈશ્વર જ જુએ છે. સામાન્ય મનુષ્ય અને સાધક પર તો કુસંગની અસર તરત જ થઈ જાય છે. કારણ કે હજુ તે બુરાઈમાં ભલાઈ જોઈ શકતો નથી.

ઈશ્વર સર્વવ્યાપક છે. ઈશ્વર ચોખ્ખા પાણીમાં છે અને તે ગંદા પાણીમાં પણ હોય છે. પણ આપણે ગંદુ પાણી પીતા નથી. તમે કાંઈ વિષ્ટા ખાઈ શકતા નથી. નવો સાધક 'સર્વ બ્રહ્મ' છે એમ કહી ઉપનિષદનો આશરો લઈ શકે નહિ. કારણ કે હજુ તે પોતે બધાં પ્રલોભનની વચ્ચે છે. જે વસ્તુ તમારા નિમ્ન મનને ઉત્તેજિત કરે તેનો તમારે નાશ કરવો જોઈએ. ભગવાન શ્રી રામચંદ્રજી વિભીષણને કહે છે :

**बहु भल वास नरक कर ताता,**
**दुष्ट संग जनि देई विधाता।**

'હે વિભીષણ! નરકમાં વાસ ભલે આપે, પણ દુષ્ટનો સંગ કદી વિધાતા ન દે.'

જે તમને આત્મસાક્ષાત્કાર તરફ લઈ જાય તે શુભ છે અને જે દુઃખ, શોક અને જન્મ-મરણના ચક્રમાં લઈ જાય તે અશુભ છે. સત્ત્વ એ શુભ છે અને રજસ્ અને તમસ્ અશુભ છે. સત્ત્વથી સરળતા અને શાંતિ મળે છે, જ્યારે રજસ્ અને તમસ્ અશાંતિ, ચિંતા, વિક્ષેપ અને દુઃખ આપે છે. કુસંગતથી બગડવાનાં તો અનેક દૃષ્ટાંતો પ્રત્યક્ષ છે.

નોવેલ, સિનેમા, અશ્લીલ દૃશ્યો, અસભ્ય સંગીત, નગ્ન ચિત્રો અને મનને ઉત્તેજિત કરે તે બધાં જ કુસંગ કહેવાય છે. કુસંગ કરતાં વધારે ભયજનક વસ્તુ કોઈ છે જ નહિ. જો પત્નીમાં ધાર્મિક વૃત્તિ ન હોય તો તેની સંગત પણ કુસંગ જ કહેવાય. આટલા માટે જ આપણાં શાસ્ત્રો હિમાલયની એકાંત જગ્યાઓની પ્રશંસા કરે છે.

## सूत्र - ४४.

## कामक्रोध मोह स्मृतिभ्रंश बुद्धिनाश सर्वनाश कारणत्वात् ॥

( **કામ** - કામ, **ક્રોધ** - ક્રોધ, **મોહ** -મોહ, **સ્મૃતિભ્રંશ** - સ્મૃતિનાશ, **સર્વનાશ** - સર્વનાશ, **બુદ્ધિનાશ** - બુદ્ધિલોપ, **કારણત્વાત્** - કારણરૂપ છે.)

**અર્થ :-- કારણ કે તે (કુસંગ) કામ, ક્રોધ, મોહ, સ્મૃતિભ્રંશ, બુદ્ધિનાશ અને સર્વનાશનું કારણ છે.**

સ્મૃતિભ્રંશ એટલે સત્ય વીસરી જવું તે, પોતાના જીવનનું ધ્યેય ભૂલી જવું તે અને પોતાની ફરજ ચૂકવી તે છે. બુદ્ધિનાશ એટલે વિવેકશક્તિનું મૃત્યુ.

સંસારી લોકો દુન્યવી આનંદની વાતો કરે છે, અને આકર્ષક વસ્તુઓનાં વખાણ કરે છે. નવો સાધક જે પોતાના સ્થાને હજી સ્થિર થયો નથી તે આવી વાતો સાંભળી ચ્યુત થાય છે અને ભોગો ભોગવવા તેનું મન પ્રેરાય છે.

ઈચ્છા રજસ્‌માંથી જન્મે છે. તેમાંથી તૃષ્ણા અને પછી ક્રોધ પેદા થાય છે. આ બંને છે બધાં પાપનું મૂળ.

ગીતાચાર્ય કહે છે કે :—

**काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।**
**महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥** (ગી. ૩-૩૭)

'રજોગુણથી ઉત્પન્ન આ કામ તે જ ક્રોધ છે. તે મહાપાપી કામનું પેટ કદી ભરાતું નથી. માટે બધાં પાપનાં મૂળ આ કામને તું તારો શત્રુ માન.'

કુસંગથી ઉલટો છે સત્‌સંગ. કોઈ પણ વસ્તુને પોતાનો આધાર બનાવવો એ મનની રુચિ છે. સામાન્ય રીતે તે વિષયોને વળગી રહે છે. જો આ વૃત્તિનો નાશ કરવો હોય તો મનને ઈશ્વરાભિમુખ કરવું જોઈએ.

બુદ્ધિનાશનો અર્થ છે વિવેકનો અભાવ અને તેથી સત્ય-અસત્ય, નિત્ય-અનિત્ય, શુભ - અશુભ, સમજી શકાતું નથી.

વૈરાગ્ય અને સાવધપણાના અભાવને લઈને મન તેના લક્ષ્ય પરથી આડુ-અવળું જતું રહેશે. તેને તેમ કરતું અટકાવજો, નહિ તો જેવી રીતે સીડીના પહેલા પગથિયે હાથમાંથી પડેલ દડો નીચે જાય છે તેમ મન પણ નિમ્ન પ્રકૃતિનું થઈ જશે. આ માટે સતત સાવચેત અને સાવધાન રહેવું આવશ્યક છે.

ગીતા કહે છે :--

**ध्यायतो विषयान् पुंसः संङ्गस्तेषूपजायते ।**
**संङ्गात् संजायते कामः कामात् क्रोधाऽभिजायते ॥** (ગી. ૨ - ૬૨)

**क्रोधात् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशात् बुद्धिनाशः बुद्धिनाशात् प्रणश्यति ॥** (ગી. ૨ - ૬૩)

'વિષયોનું ચિંતન કરનાર પુરુષની એ વિષયોમાં આસક્તિ થાય છે. આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે અને કામનામાં વિઘ્ન થવાથી ક્રોધ પેદા થાય છે. ક્રોધથી મૂઢભાવ જન્મે છે, તેનાથી સ્મરણશક્તિ ભ્રમિત થાય છે, અને

સ્મૃતિ ભ્રમિત થવાથી બુદ્ધિનો નાશ થાય છે, અને બુદ્ધિનાશથી માણસ પોતાના શ્રેય સાધનથી નીચે પડે છે.'

તુલસીદાસજી કહે છે, ''જ્યાં કામ છે ત્યાં રામ નથી અને રામ છે ત્યાં કામ નથી.''

## સૂત્ર - ૪૫.

**तरंगायिता अपीमे संगात् समुद्रायन्ति ।**

(**તરંગાયિતા** - તરંગની માફક **અપિ** - જો કે **ઈમે** - આ (કામ ક્રોધ વગેરે) **સંગાત્** - સંગથી (કુસંગથી) **સમુદ્રાયાન્તિ** - સમુદ્ર જેવા બની જાય છે.)

**અર્થ:- તે (કામ અને ક્રોધ વગેરે) પહેલાં તરંગ જેવા હોય છે પરંતુ કુસંગથી સમુદ્ર જેવો આકાર ધારણ કરે છે.**

**વિવરણ :-** સાધકે પોતામાં બુરાઈનો જરા પણ અંશ હોય તે સદંતર કાઢી નાખવો જોઈએ. જેવી રીતે રાખમાં ઢંકાયેલો અગ્નિ ફૂંકાવાથી ગમે ત્યારે મહાન રૂપ ધરે છે, તે પ્રમાણે ચિત્તમાં છુપાયેલી બુરી વૃત્તિઓ કુસંગથી મહાન રૂપ લે છે. આથી સાધકે સાવધાન બનવું જોઈએ અને કુસંગથી દૂર રહેવું જોઈએ.

જ્યારે નાના તરંગના રૂપમાં હોય ત્યારે તેને (કામ અને ક્રોધ) રોકવાં શકય બને છે, પરંતુ જ્યારે તે મહાન સમુદ્રનું રૂપ લે છે. ત્યારે તેનું નિયંત્રણ કરવું અશક્ય બને છે.

શરાબ લેવો, સામિષ ભોજન, અસભ્ય સંગીત, વેશ્યાવૃત્તિ, નાચપાર્ટી અને સિનેમા વગેરે કામને ઉત્તેજીત કરે છે અને તેના ભોગ બનેલા મનુષ્યને નરકની ખાણમાં ધકેલી દે છે. સિનેમા - ટી. વી. તો અર્વાચીન ભારતના અભિશાપ છે. સામાન્ય આવકવાળા મનુષ્યો પોતાની આવકનો વધારે હિસ્સો આમાં ખરચે છે અને કરજદાર બની જાય છે. તેઓ તે વિના રહી શકતા નથી. સિનેમા અને તેનાં ઉત્તેજિત દૃશ્યો જોવા તેમની આંખો તલસતી હોય છે. આથી યુવાન વિદ્યાર્થીઓ ઉત્તેજિત બને છે, અને આડે રસ્તે જાય છે. સિનેમાને ભક્તિનો દુશ્મન કહી શકાય. તેનો તો બહિષ્કાર કરવો જોઈએ. હું તો એવા મતનો છું કે બધી ફિલ્મો એક આધ્યાત્મિક કમિટીએ મંજૂર કરવી જોઈએ. ધાર્મિક ચિત્રો જ બતાવવા દેવાં જોઈએ. દરેક વિચારશીલ માણસે આ બાબત પર વિચાર કરવો જોઈએ.

● □ ●

# ૧૧. માયા કોણ તરી શકે ?

સૂત્ર - ૪૬.

कस्तरति कस्तरति मायाम् ? यः संगं त्यजति ।
यो महानुभाव सेवते, निर्ममो भवति ॥

( **ક** :- કોણ **કરતિ** - તરે છે **માયામ્** - માયા **ય** :- જે **સંગં** - સંગ **ત્યજતિ** - તજે છે **મહાનુભાવ** - મહાપુરુષોની **સેવતે** - સેવા કરે છે **નિર્મમ** - મમતા રહિત **ભવતિ** - બને છે.)

**અર્થ :- કોણ તરી શકે છે? માયાને કોણ તરી શકે? જે સર્વ સંગોનો ત્યાગ કરે છે, જે મહાપુરુષોની સેવા કરે છે અને જે મમતારહિત છે.**

**વિવરણ** :- આ સંસારરૂપી ભયંકર સમુદ્રમાં ડૂબેલા માનવીઓ માટે સંતો એક ઉત્તમ આશ્રયસ્થાન છે. સંતોની સેવાથી દુન્યવી આસક્તિઓ અને પાપોનું નિવારણ થાય છે. જેવી રીતે અગ્નિ અંધારાનો અને ઠંડીનો નાશ કરે છે તેવી જ રીતે સંતોની સેવા અજ્ઞાનરૂપી અંધારાનો અને પુનર્જન્મરૂપી ઠંડીનો નાશ કરે છે. સંતોની સેવા ભક્તિને વેગ આપે છે.

માયા એટલે ભગવાનથી ભ્રમિત કરનારી શક્તિ. તે સાધકને સત્યથી વેગળો લઈ જાય છે; અને વિષયભોગોમાં ધકેલી દે છે. માયાની કાર્યવાહી ન સમજી શકાય તેવી છે. તેને સમજવી મુશ્કેલ છે. માટે સાધકે ખૂબ સાવચેત રહેવું જોઈએ.

**કસ્તરતિ કસ્તરતિ** -- આ પ્રશ્ન બે વાર પૂછવામાં આવ્યો છે, તે બતાવે છે કે આ કાર્ય ખૂબ મુશ્કેલ છે.

સંગ એટલે બાહ્ય વસ્તુઓ પ્રત્યે આસક્તિ. સૌથી મોટી અને ખરી આસક્તિ તો અહંકાર છે. તેનો જડમૂળથી નાશ કરવો જોઈએ.

શ્રી શંકરાચાર્ય કહે છે :—

सत्संङ्गत्वे निस्संङ्गत्वं
निसंङ्गत्वे निर्मोहत्वम् ।

निर्मोहत्वे निश्चलतत्त्वं
निश्चलतत्त्वे जीवनमुक्तिः ॥

'સત્સંગથી અનાસક્તિ ઊપજે છે અને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. હવે તેને સંસારી મનુષ્યોનો સંગ ગમતો નથી. આથી તેનો મોહ નાશ પામે છે, એનું મન સ્થિર અને એકાગ્ર બને છે અને પોતાના મૂળ સ્વરૂપમાં નિવાસ કરે છે. આથી તે જીવન મુક્ત બને છે.'

મહાત્મા જડભરત રાજા રાહુગણને કહે છે :--

''આ ભગવત તત્ત્વનું જ્ઞાન યજ્ઞ, દાન, પરોપકાર, વેદાધ્યયન અથવા તો જળ, અગ્નિ અને સૂર્યની ઉપાસનાથી મળતું નથી. એ તો મહાપુરુષની ચરણરજમાં સ્નાન કરવાથી પ્રાપ્ત થાય છે.''

## सूत्र - ४७.

**यो विविक्तस्थानं सेवते, यो लोकबन्धं उन्मूलयति, निस्त्रैगुण्यो भवति, (यो) योगक्षेमं त्यजति ॥**

(**યઃ** - જે **વિવિક્તસ્થાનં** - એકાંતસ્થાન, **સેવતે** - સેવન કરે છે, **યઃ** - જે, **લોકબન્ધં** - લૌકિક બંધનો, **ઉન્મૂલયતિ** - તોડી નાખે છે, **નિસ્ત્રૈગુણ્યો** :- ત્રણે ગુણોથી પર, **ભવતિ** - બને છે, **યોગક્ષેમં** - યોગ અને ક્ષેમ, **ત્યજતિ** - પરિત્યાગ કરે છે.)

**અર્થ :- જે એકાંત સ્થાનમાં નિવાસ કરે છે, જે લૌકિક બંધનોને તોડી નાખે છે, જે ત્રણે ગુણોથી પર છે અને જે યોગક્ષેમનો પરિત્યાગ કરે છે.**

**વિવરણ :-** ધ્યાન કરવા માટે મનુષ્યનું પોતાનું હૃદય એ જ ખુબ ગુહ્ય, એકાંત અને પવિત્ર સ્થાન છે. એકાંતસ્થાન તો તે કહેવાય કે, જ્યાં વિષય વૃત્તિનો ઘોંઘાટ ન હોય અને જ્યાં વિષયભોગોની વાસના પણ ન પહોંચી શકે. નિર્જન જંગલમાં એકાંત સેવવું એવું આધ્યાત્મિક માહાત્મ્ય કાંઈ જ નથી. જે ઈચ્છાઓ અને આકાંક્ષાઓથી ભરપૂર છે તેને તો જંગલમાં પણ પ્રલોભનો મળી રહે છે. સાચી આવશ્યકતા તો આંતરિક એકાંતની છે. તે સાંસારિક બંધનોનો જડમૂળથી નાશ કરે છે.

સાધક જ્યારે વનમાં રહે છે ત્યારે સામાજિક બંધનો એની મેળે ઓછાં થઈ જાય છે. જો સાધક સંસારના દુઃખ, દર્દ, શોક અને મૃત્યુને ઉન્નત દિવ્યજીવન સાથે સરખાવી વિચાર કરે તો એનાં સાંસારિક બંધનો જરૂર તૂટી જાય છે.

અનાસક્તિ અને વૈરાગ્યના અભ્યાસ માટે એકાંતસ્થાન મદદરૂપ બને છે, ત્યાં સાધક ઈચ્છે તે પ્રમાણે કરી શકે છે, બીજા લોકો તેના કાર્યક્રમમાં ખલેલ અથવા વિઘ્ન નાખતા નથી. આવી સાધના માટે સાધકે પોતાની સગવડો છોડવી જોઈએ.

એકાંતવાસ દરેકને માટે યોગ્ય નથી હોતો. ઘણા તો એકાંતમાં રહેવાથી પ્રમાદી અને ગંદા બની જાય છે. સાધક સંસારમાં રહીને પોતાનો નૈતિક વિકાસ સાધી શકે છે. સંસાર એક ઉત્તમ શિક્ષક છે. આગળ વધેલા સાધકો માટે એકાંત યોગ્ય છે. તેઓને તે લાભદાયક નીવડે છે.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં એકાંત પર ભાર મૂકે છે :—

**विविक्तसेवी लध्वाशी यतवाक्कायमानसः ।**
**ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥** (ગી. ૧૮ - ૫૨)

'એકાંત અને પવિત્ર સ્થાનમાં રહેનાર, મિતાહારી, મન, વાણી અને શરીર નિયંત્રિત કરનાર, દૃઢ વૈરાગી, ધ્યાન, યોગમાં પરાયણ (એવા મનુષ્ય બ્રહ્મ સાથે એક થવા યોગ્ય છે.)'

**विविक्तदेशसेवित्वं अरतिः जनसंसदि ॥** (ગી. ૧૩-૧૦)

એકાંતવાસના ઘણા ફાયદા છે. અહીં ખાસ વધારે પ્રયત્ન વિના મન એકાગ્ર બને છે. દુનિયામાં તો ચારે તરફ ખેંચતાણ હોય છે. આથી નવા સાધકને પોતાનું લક્ષ્ય પર એકાગ્ર કરવું મુશ્કેલ પડે છે.

દુનિયામાં રહીને સાધક યોગ, ભક્તિ અને જ્ઞાન માર્ગે અમુક કક્ષા સુધી પ્રગતિ કરી શકે છે. તેનાથી આગળ વધવા માટે એકાંત સેવ્યા વિના છૂટકો નથી. અહીં ઘણા રાજા જનક અને એકનાથનાં દૃષ્ટાંતો આપે છે. તેવા દૃષ્ટાંતો તો આંગળીના ટેરવા પર ગણી શકાય તેટલાં જ છે. તેઓ યોગભ્રષ્ટ આત્માઓ હતા. તેઓ તો પૂર્વજન્મની તપશ્ચર્યાના કેટલાય આધ્યાત્મિક સંસ્કારો સહિત જન્મ્યા હતા.

ભૌતિક સ્તર, સૂક્ષ્મ સ્તર અને માનસિક સ્તર સુધી બંધન રહે છે. મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોકમાં બંધન રહેતાં નથી.

સત્ત્વ પ્રકાશયુક્ત ગુણ છે. રજસ્ ઉત્તેજિત કરનાર અને તમસ્ અંધકાર

વધારનાર ગુણ છે. સત્ત્વમાં શાંતિ અને પ્રકાશ, રજસ્‌માં પ્રવૃત્તિ અને મોહ અને તમસ્‌માં અંધકાર અને પ્રમાદ હોય છે. આ બધી શક્તિઓ જીવને સંસારમાં બાંધી રાખે છે.

લોકમાં રજસ્‌ અને તમસ્‌ જીવને બાંધી રાખનાર શક્તિઓ છે. સાધના એટલે આ ત્રણે ગુણોથી પર જવું તે.

આત્મનિયંત્રણ, પૂજા, સદ્‌ગુણોનું ઉપાર્જન, અધ્યયન, કીર્તન, ધ્યાન, ગુરુસેવા અને ઈશકૃપાથી સાધક ગુણાતીત બની શકે છે.

વિષય વસ્તુઓના સંગથી 'હું અને મારું' ની ભાવના વૃદ્ધિ પામે છે. આ ભાવના દૂર કરવી બહુ મુશ્કેલ છે.

**યોગક્ષેમ,** યોગ એટલે વ્યક્તિની આવશ્યકતાઓ અને ક્ષેમ એટલે વ્યક્તિ પાસે જે હોય તે સાચવણપૂર્વક જાળવી રાખવું તે છે. આધ્યાત્મિક રીતે યોગ એટલે આત્માનું પરમાત્મા સાથેનું જોડાણ અને તે યોગસાધનાથી થઈ શકે છે. ક્ષેમ એટલે ઈશ્વર સાક્ષાત્કારના પંથે પ્રગતિ ચાલુ રાખવી તે. જ્યારે ભક્ત ભગવાન સાથે એક થઈ જાય છે ત્યારે તેનું પૂર્ણતઃ આત્મસમર્પણ થાય છે. હવે તે પોતાનો ભાર ઈશ્વર પર મૂકી દે છે. ઈશ્વર જ ભક્તના યોગ અને ક્ષેમ સંભાળે છે.

ગીતા કહે છે : —

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेम वहाम्यहम् ॥ (ગી. ૯-૨૨)

'જે અનન્ય ભક્ત મારું ચિંતન કરતાં મારી નિષ્કામ સેવા કરે છે, એવા નિત્ય મારામાં રહેનાર ભક્તના યોગક્ષેમ હું જાતે ઉપાડું છું.'

## સૂત્ર - ૪૮.

## यः कर्मफलं त्यजति, कर्माणि संन्यस्यति ततो निर्द्वन्द्वो भवति ।

(**य** :- જે, **કર્મફલ** :- કર્મફળ, **त्यजति** :- ત્યાગ કરે છે, **कर्माणि** :- કર્મો, **संनयस्यति** :- ત્યાગ કરે છે. તત :- ત્યારે, **निर्द्वन्द्वो** - દ્વન્દ્વથી પર, **भवति** :- થાય છે.)

**અર્થ :- જે કર્મફળનો ત્યાગ કરે છે, જે કાર્યોનો પણ ત્યાગ કરે છે, ત્યારે તે દ્વન્દ્વોથી પર થાય છે.**

**વિવરણ** :- ભક્ત જે કાંઈ કરે છે તે ભગવાન માટે જ કરે છે. તેને માટે એ કોઈ પણ જાતની આશા રાખતો નથી. તેને કર્મો અથવા તો તેના ફળ પ્રત્યે જરા પણ આસક્તિ હોતી નથી.

ભક્ત જ્યારે પોતાને ભગવાનનું સાધન માનતો થઈ જાય છે ત્યારે કર્તાપણાનો ભાવ દૂર થાય છે. આ રીતે જ્યારે તેનું આત્મસમર્પણ સંપૂર્ણ બને છે ત્યારે ભગવાન તેના અહંકારનો નાશ કરે છે અને હવે ભગવાન તેની મારફત કાર્ય કરે છે.

કર્મોનો અર્થ અહીં કામ્ય કર્મો થાય છે. દરેક સ્વાર્થપૂર્ણ કાર્યનો ત્યાગ કરવો જોઈએ. બિલકુલ પ્રવૃત્તિ વિના જીવન શકય નથી. માટે નિસ્વાર્થ પ્રવૃત્તિઓ ચાલુ રાખવી જોઈએ.

ભક્ત જ્યારે કર્મ અને કર્મફળ બન્ને ભગવાનને જ સમર્પણ કરે છે ત્યારે તે તેની સારીમીઠી અસરમાંથી મુક્ત બને છે. આ રીતે તેના કાર્યના પરિણામથી ન તો તેને આનંદ થાય છે કે ન દુઃખ. આવો ભક્ત ગુણાતીત છે. એ તો સાદા ઈશ્વરસ્મરણમાં રત રહે છે. ભૌતિક કાર્યો તેને આકર્ષતા નથી.

તમે જેને દુનિયા કહો છો તે પથ્થરની દીવાલ કે ઝાડ નથી. પણ તે તો દ્વંદ્વોથી ભજવાતું એક નાટક છે. અને તે રાગ-દ્વેષના પ્રવાહથી મન પર અસર કરે છે. જો આ દ્વંદ્વોને જીતી શકાય તો જગતને જીતી શકાય. ગરમી અને ઠંડી શરીર પર અસર કરે છે, સુખ અને દુઃખ મન પર અસર કરે છે. જે આ ગુણોથી પર થઈ જાય છે તે મનથી સમતા પ્રાપ્ત કરે છે. આ જીવન-મુક્તનું લક્ષણ છે.

## સૂત્ર - ૪૯.

### यो वेदानपि संनयस्यति केवलमविच्छिन्नानुरागं लभते ।

(યઃ જે, **વેદાન્** વેદ, **અપિ** પણ, **સંનયસ્યતિ** ત્યાગ કરે છે, **કેવલમ્** - અખંડ, **અવિચ્છિન્નાનુરાગં** - અખંડ પ્રેમ, **લભતે** - પ્રાપ્ત કરે છે.)

**અર્થ :- જે વેદોનો પણ ત્યાગ કરે છે અને જે અખંડ અસીમ (ભગવત) પ્રેમ પ્રાપ્ત કરે છે.**

**વિવરણ** :- અહીં 'વેદ' નો અર્થ છે વેદનો ક્રિયાકાંડ. આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત મનુષ્યને આવા ક્રિયાકાંડની આવશ્યકતા રહેતી નથી; જો કે પ્રારંભકાળ દરમ્યાન સાધકો તેનો સહારો લઈ શકે છે.

'કેવલ' એટલે ભગવાન માટેનો શુદ્ધ પ્રેમ, કે જેમાં સાંસારિક વાસનાઓનો તો અંશ પણ હોતો નથી. જ્યાં સુધી ઈશ્વર સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી તો આ પ્રેમ સંતોપાતો નથી. આ પ્રેમ તે મુખ્ય ભક્તિ કહેવાય છે અને તે પરાભક્તિ સુધી લઈ જાય છે. વેદોના ત્યાગનો સાચો અર્થ છે આકાંક્ષાઓનો ત્યાગ.

જેમ જેમ ભક્ત આગળ વધે છે તેમ તેમ સાધક ઈશ્વરમાં લીન થઈ જાય છે. તે હવે લોકિક કાર્યો માટે યોગ્ય રહેતો નથી. એણે તો હવે વેદનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરી લીધું છે. વેદોનો આશ્રય હવે એની મેળે જ છુટી જાય છે. વેદો પણ તેને પૂર્ણકામ સમજી તેના પરથી અધિકાર ઉઠાવી લે છે. હવે તે વેદોના વિધિ-નિપેધથી પર બને છે.

ગીતામાં કહે છે :—

**यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।**
**तावन् सर्वेषुवेदेषु ब्राह्मणस्य विजानतः ।।** (ગી. ૨-૪૬)

'ચારે તરફથી પરિપૂર્ણ જળાશય પ્રાપ્ત થયા પછી નાના જળાશયમાં જેટલું પ્રયોજન રહે છે તેમ પૂર્ણ રીતે બ્રહ્મને જાણનાર બ્રાહ્મણને પણ વેદોમાં તેટલું જ પ્રયોજન રહે છે.'

## સૂત્ર - ૫૦.

## स तरति स तरति लोकान् तारयति।

(**स**-તે, **तरति** - તરી જાય છે, **लोकान्** - માનવજાતને, **तारयति** - તરવા સહાય કરે છે.)

**અર્થ :- તે તરી જાય છે, તે તરી જાય છે, તે માનવ જાતને તારી દે છે.**

**વિવરણ :-** હવે તે બધાં બંધનોને પાર કરે છે. તે માયા તરી જાય છે અને બીજાઓને પણ તારે છે. તે સારાયે જગતને પવિત્ર બનાવે છે.

સૂત્ર - ૪૬ માં પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે માયા કોણ તરી શકે? ત્યાર પછીનાં સૂત્રોમાં એનો ઉત્તર આપવામાં આવ્યો છે. આવા સિદ્ધ સંત પુરુપો બીજાઓને પણ ક્ષણભરમાં દિવ્ય સ્તર પર લઈ જાય છે. જે નબળો તરનાર હોય તે ડૂબતા માણસને મદદ કરી શકે નહિ. જે પોતે જ સંસારમાં ડૂબેલો હોય તે બીજાને દિવ્ય સ્તર પર કેવી રીતે લઈ જઈ શકે?

અનુરાગ એટલે ભકિતની સીડીનું ઊંચામાં ઊંચું પગથિયું. તે બધાં બંધનો

તોડી સાધકને માયા તરવામાં મદદ કરે છે. આત્મસાક્ષાત્કાર પછી તે બીજાઓને આ સંસારસમુદ્ર તરી જીવનધ્યેય હાંસલ કરવા સહાય કરશે.

આ દુનિયાને એક સમુદ્ર સાથે સરખાવવામાં આવે છે. તે ભવસાગર કહેવાય છે. તૃષ્ણા એ તેમાં રહેતો મગર છે. વાસનાઓ તે વ્હેલ અથવા શાર્ક માછલીઓ છે. ઈન્દ્રિય નદીઓ છે. ત્રણ ગુણ એ મોજાં છે. રાગ-દ્વેષ તરંગો છે. અજ્ઞાનતા એ તળિયું છે. અહંકાર એનો સાર છે.

ગીતા કહે છે :—

**ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।**
**अनन्येनैव योगन मां ध्यायन्त उपासते ॥**
**तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।**
**भवामि न चिरात् पार्थ मय्यावेशितचेतसाम् ॥** (ગી. ૧૨-૬-૭)

'મારા પરાયણ ભક્ત સંપૂર્ણ કર્મો મને અર્પણ કરી, મારા સગુણ રૂપનું તેલ ધારાવત નિરંતર ચિંતન કરે છે. એવા મારામાં ચિત્ત લગાવનાર પ્રેમી ભક્તોનો, હે અર્જુન! હું શીઘ્ર આ મત્યુરૂપ સંસારસમુદ્રમાંથી ઉદ્ધાર કરું છું.'

● □ ●

# ૧૨. પ્રેમ ભક્તિનું સ્વરૂપ

## સૂત્ર - ૫૧.

### अनिर्वचनीयं प्रेमस्वरुपम्

(**અનિર્વચનીય**: અનિર્વચનીય (વર્ણન ન કરી શકાય તેવી) **પ્રેમસ્વરૂપમ્** - પ્રેમસ્વરૂપ)

**અર્થ :- ભક્તિ પ્રેમસ્વરૂપ અનિર્વચનીય છે.**

**વિવરણ :-** પ્રેમસ્વરૂપ ભક્તિની યથાર્થ પરિભાષા અથવા તો વર્ણન કરવું અસંભવ છે. એ તો અનુભવની વસ્તુ છે. વાણીથી તેનું યથાયોગ્ય વર્ણન કરવું અશકય છે. ભગવાન શ્રી રામચંદ્રજી જાનકીજીને નીચે પ્રમાણે સંદેશો મોકલે છે :—

तत्त्व प्रेम कर मम अरु तोरा ।
जानत प्रिया एकु मन मोरा ॥

सो मन सदा रहत तोहि पाहिं ।
जानु प्रीति रसु एतनेहि माहीं ॥

'પ્રેમનો અનુભવ મનમાં થાય છે અને મન તો પ્રેમીની પાસે રહે છે.'

ભક્તિનાં સાધનોનું વર્ણન કરી શકાય પરંતુ પ્રેમભક્તિના સ્વાદનું વર્ણન શક્ય નથી. જેણે કદી સફરજન ચાખ્યું જ નથી તેને તમે તેના સ્વાદનું વર્ણન કેવી રીતે આપી શકો? તે જ પ્રમાણે સર્વોત્તમ આનંદનું વર્ણન કેવી રીતે થઈ શકે! આ પ્રેમભક્તિ તો હૃદયનો અનુભવ છે. પાણીની બહાર મુખ હોય ત્યાં સુધી શબ્દોનું ઉચ્ચારણ થઈ શકે, પરંતુ પાણીમાં ડૂબી ગયા પછી બોલી શકાતું નથી. આ પ્રમાણે પ્રેમસમુદ્રમાં ડૂબી ગયો છે તે ભક્ત કાંઈ જ બોલી શકતો નથી.

डुबै सो बोलै नहीं बोलै सा अनजान ।
गहरौ प्रेम-समुद्र कोउ डूबै चतुर सुजान ॥

વાણી બાહ્ય વસ્તુઓનું વર્ણન કરી શકે છે, જ્યારે પ્રેમભકિત તો આંતરિક અનુભવ છે. એને માટે બાહ્ય વસ્તુની આવશ્યકતા હોતી જ નથી. આથી શબ્દો તેનું વર્ણન કરી શકે નહિ. એમ આંસુઓરૂપી વાણી ભક્તની આંતરિક સ્થિતિનો સહેજ ખ્યાલ આપી શકે.

આ પ્રેમભક્તિનો આનંદ ભક્ત અનુભવે છે પરંતુ તે તેનું વર્ણન કરી શકતો નથી, એટલે જ તેને **'અનિર્વચનીય'** કહેવાય છે.

## સૂત્ર - ૫૨.

### मूकास्वादनवत् ।

(**મૂકાસ્વાદનવત્** - મૂંગા માણસના સ્વાદ જેવું.)

**અર્થ :- મૂંગા માણસે માણેલા સ્વાદની જેમ.**

**વિવરણ :-** જેવી રીતે મૂંગો માણસ સ્વાદનું વર્ણન કરી શકતો નથી તેવી જ રીતે પ્રેમભક્તિના સ્વરૂપનું વર્ણન શક્ય નથી. એ તો મૂંગા માણસે સ્વાદિષ્ટ ભોજન લીધું હોય તેવું છે.

પ્રેમભક્તિ તો નિરપેક્ષ, નિરાલંબ પ્રત્યક્ષ અનુભવ છે. એ તો સત્યદર્શન અથવા તો ઈશ્વરદર્શન છે, અને તે ભક્તનું પૂર્ણતઃ પરિવર્તન કરી નાખે છે, એ કાંઈ સામાન્ય થરથરાટ નથી, તેમ જ સામાન્ય વિસ્મરણ પણ નથી. અહીં તો ભક્ત પોતાના હૃદયમાં ભગવાનનો સ્પર્શ અનુભવે છે.

મૂંગો માણસ પોતાનો સારોયે અનુભવ સ્મિત કરી બતાવે છે. તે નાચે છે, કૂદે છે. સંતો આ દિવ્ય અનુભવનું વર્ણન કરવાનો આ પ્રમાણે પ્રયાસ કરે છે. તે અનુભવ સ્વાદિષ્ટ ભોજન, મધુર ફળ, ગોળ, મધ અથવા પંચામૃત જેવો સ્વાદિષ્ટ છે.

## સૂત્ર - ૫૩.

**प्रकाशते क्वापि पात्रे।**

(**પ્રકાશતે**-પ્રકટે છે, **ક્વાપિ**-કોઈ જગ્યા એ, કોઈ સમયે, **પાત્રે**-ભક્તમાં (પ્રેમી))

**અર્થ :- પ્રેમભક્તિ યોગ્ય ભક્તમાં કોઈ સમયે, કોઈ જગ્યાએ પ્રકટે છે.**

**વિવરણ :-** જો આ પ્રેમભક્તિનું વર્ણન અશકય હોય અને એક વ્યક્તિ બીજી વ્યક્તિને તે કહી શકે નહિ, તો પછી સંતોના સંગથી શો ફાયદો થાય? આનો ઉત્તર એ છે કે, પ્રેમભક્તિ બાહ્ય ભૌતિક સ્તરે નહિ, પરંતુ માનસિક સ્તરે કાર્ય કરે છે. જેનામાં યોગ્યતા હોય તેને તે મળે છે. સંત પુરુષોના અણુએ અણુમાંથી પ્રેમભક્તિ પ્રકાશે છે. આવી યોગ્યતા પ્રાપ્ત કરવાની રીત આગળ બતાવવામાં આવી છે, જેવી કે -વિષયત્યાગ, સંગત્યાગ, અખંડ ભજન, ભગવાનનાં ગુણગાન અને શ્રવણ તથા કીર્તન.

પ્રેમ અને આધ્યાત્મિકતાની અદ્રશ્ય આભા ગુરુમાંથી તેનાં યોગ્ય શિષ્યમાં જાય છે. આ તો માનસિક સ્તરે થતો વ્યવહાર છે. શિષ્યમાં તે મેળવવાની યોગ્યતા હોવી જોઈએ. જો જમીન બરાબર તૈયાર કરવામાં આવી હોય તો જ બી ત્યાં ઊગી શકશે. ગુરુ માત્ર દૅષ્ટિથી અથવા તો સંકલ્પથી પણ પોતાના યોગ્ય શિષ્યોમાં શકિતસંચાર કરે છે.

## સૂત્ર - ૫૪.

**गुणरहितं कामनारहितं प्रतिक्षणवर्धमानं अविच्छिनं सूक्ष्मतरं अनुभवरुपम्**

(**ગુણરહિતં** - ગુણોથી પર **કામનારહિતં** - કામનારહિત, **પ્રતિક્ષણ-વર્ધમાનં** હંમેશ વધતો, **અવિચ્છિન્નમ્** - સતત, પ્રવાહ **સૂક્ષ્મતરં** - અતિ સૂક્ષ્મ, **અનુભવરૂપં** - આંતરિક અનુભવરૂપ)

**અર્થ :- આ પ્રેમ ગુણરહિત છે, કામનારહિત છે, પ્રતિક્ષણ વધતો જાય છે, સતત વહેતો છે, સૂક્ષ્મતર છે અને અનુભવરૂપ છે.**

**વિવરણ :-** દિવ્ય ભક્તિપ્રેમ સદા સર્વદા હર ક્ષણ વધતો જ રહે છે. તેનો પ્રવાહ સતત ચાલુ જ રહે છે. આ પ્રેમ એક અતિ સૂક્ષ્મ વસ્તુ છે. ભક્ત ભગવાનને ભગવાનની ખાતર જ ચાહે છે, તે પરાભક્તિ છે. આ પરાભક્તિ સાત્ત્વિક ભક્તિ કરતાં ઉત્તમ છે.

કાંઈ પણ અર્થની પ્રાપ્તિ માટે કરવામાં આવતી ભક્તિ તે સાચી ભક્તિ નથી. સામાન્ય માનવીનું મન એ ઉત્તમ ભક્તિનો વિચાર સુદ્ધાં કરી શકતું નથી. આ દુનિયાની ભૌતિક વસ્તુઓના પ્રેમ કરતાં આ પ્રેમ જુદા જ પ્રકારનો છે.

ભક્તિ સહજ પ્રાપ્ત થાય છે. જો કે ભક્તિ વાણી અને બુદ્ધિથી પર છે, છતાંય ઈશ્વરદર્શન પછી એ સહજ પ્રાપ્ત થાય છે.

સામાન્ય વસ્તુઓ એના ગુણથી ઓળખાવાય છે, જ્યારે એ દિવ્ય પ્રેમ તો ગુણથી પર છે. આ પ્રેમભક્તિ તો ગુણાતીત છે. માટે તેનું વર્ણન કરવું શકય નથી.

આ દિવ્ય પ્રેમ અનંત છે, જ્યારે દુન્યવી પ્રેમ તો સીમિત છે અને તે સદા એકસરખો હોતો નથી. તે ચંદ્રની માફક ઓછોવત્તો થાય છે. દુન્યવી પ્રેમને જીવિત રાખવા માટે નવા આકર્ષણોનો ટેકો લેવો પડે છે. બાલિકા શરૂઆતમાં પોતાના માતા-પિતાને ચાહે છે, લગ્ન થાય છે એટલે માબાપ પ્રત્યેનો પ્રેમ ઘટવા લાગે છે, અને પોતાના પતિ પ્રત્યે પ્રેમ વધે છે. જ્યારે તેને બાળકો થાય છે ત્યારે તેના પતિ કરતાં પણ બાળકોને વધારે ચાહે છે. આનું નામ સંસારી પ્રેમ છે. દિવ્યપ્રેમ તો હર ક્ષણ વધતો જ જાય છે. એ તો શુકલ પક્ષના ચંદ્ર જેવો છે. એ તો હિમાલયની હારમાળાની માફક ઊંચો ને ઊંચો થતો જાય છે.

સાંસારિક પ્રેમ તો વહેંચાઈ જાય છે. એક માણસને છ બાળકો હોય તો તેનો પ્રેમ છ બાળકો વચ્ચે વહેંચાઈ જાય છે. પરંતુ પ્રભુ પ્રત્યેનો પ્રેમ તો અવિભાજ્ય છે.

દિવ્ય પ્રેમ કોઈ બદલાની આશા રાખતો નથી. એ તો સદા વૃદ્ધિ પામે છે, કદી ઘટતો જ નથી. એ તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. એ તો આંતરિક અનુભવ છે, એ ગુણાતીત છે. તે સ્વયંસ્ફુરિત છે.

દિવ્ય પ્રેમ કાંઈ જુવાની, રૂપ, વૈભવ અથવા સદ્ગુણો પર આધારિત હોતો નથી. તેમાં સ્વાર્થનો તો અંશ પણ હોતો નથી. તે ખૂબ જ સૂક્ષ્મ છે. તે બધી જ મધુરતાનું મૂળ છે. આ પ્રેમ પ્રેમીને ઈશ્વર સાથે એક બનાવી દે છે.

સામાન્ય મનોભાવ બાહ્ય વસ્તુઓ પર આધાર રાખે છે, તેથી જ તે ક્ષણજીવી છે. જ્યારે વસ્તુ દૂર થાય ત્યારે લાગણી પણ ઓછી થઈ જાય છે. વિષયભોગોમાં માણસ થોડા સમય પૂરતો તો સંતોષાય છે, પરંતુ આ પ્રેમ-ભક્તિમાં તો માનવીને સંતોષ થતો જ નથી. એને તો વધારે ને વધારે જોઈએ છે. જેમ જેમ તે પ્રેમ વધારે ગાઢ થતો જાય છે તેમ તેમ ભક્તને વધારે આનંદ આવે છે. આ પ્રેમ પર ગુણોની કોઈ અસર થતી નથી. જ્યાં આવો પ્રેમ હોય ત્યાં વિષયવાસના તો રહી જ ક્યાંથી શકે? ભક્તના મનને જે જોઈતું હોય તે ભગવાનમાં જ મળી રહે છે. આ પ્રેમભક્તિનો એક ગુણ છે અનંત, એ આ બધું સમજાવી દે છે.

## સૂત્ર - ૫૫.

**तत् प्राप्य तत् एव अवलोकयति, तत् एव श्रृणोति, तत् एव भाषयति, तत् एव चिन्तयति ।**

(**तत्** - દિવ્ય પ્રેમભક્તિ, **પ્રાપ્ય** - પ્રાપ્ત કરીને, **तत्** - તેને, **એવ** - એક જ, **અવલોકયતિ** - જુએ છે, **શ્રૃણોતિ** - સાંભળે છે, **ભાષયતિ** - વર્ણન કરે છે, **ચિન્તયતિ** - ચિંતન કરે છે.)

**અર્થ :- આ પ્રેમને પ્રાપ્ત કરીને (ભક્ત) તેને (પ્રેમને) જ જુએ છે, તેને જ સાંભળે છે, તેનું જ વર્ણન કરે છે અને તેનું જ ચિંતન કરે છે.**

**વિવરણ :-** શરૂઆતમાં મનુષ્ય ભગવાનને કંઈક આશાએ ભજે છે. ધીમે ધીમે આ પ્રેમમાં પરિવર્તન થાય છે અને હવે તે કોઈ પણ જાતના સ્વાર્થ વિના પ્રેમની ખાતર પ્રેમીને ભજતો થાય છે.

જેવી રીતે નદી દરિયામાં મળે ત્યારે તે પોતાનું નામરૂપ તજી દે છે, તે જ પ્રમાણે ભક્તનો અહંકાર નાશ પામે છે અને તેનું વ્યક્તિત્વ ભગવાનની સાથે એક બની જાય છે. હવે તે પોતાને અને સમસ્ત દુનિયાને ઈશ્વરસ્વરૂપ જ જુએ છે. ભક્તને હવે આ દિવ્ય પ્રેમ સિવાય કશામાં રસ રહેતો નથી. એને મન તો સારુંયે વિશ્વ એક અરીસો છે અને તેમાં ઈશ્વરનું જ પ્રતિબિંબ દેખાય છે.

તેને હવે કોઈ મિત્ર નથી કે શત્રુ નથી. એને પોતાનો કોઈ દેશ નથી. એને કોઈ નાત કે જાત નથી. સમસ્ત વિશ્વ એનું ઘર છે. આખું જગત એ

ભગવાનનું શરીર છે. ભગવાનનાં ગુણગાન સિવાય બીજી બધી બાબતો માટે તે મૂંગો બને છે.

એક ગોપી પોતાના અનુભવનું આ પ્રમાણે વર્ણન કરે છે :—

**जित देखौ तित स्याम ही है ।**
**स्याम कुंज बन जमुना स्यामा,**
**स्याम गगन घन घटा छई है ॥**
**सब रंगनमें स्याम भरो है ।**
**लोग कहत यह बात नई है ॥**

એ સર્વત્ર ભગવાનને જ જુએ છે. એ તેને જ સાંભળે છે અને તેનું જ ચિંતન કરે છે. હવે તેને બાહ્ય વિશ્વનું ભાન રહે જ ક્યાંથી? એને મન તો આખું વિશ્વ ઈશ્વરમય જ છે. એની બધી જ પ્રવૃત્તિઓ-શારીરિક અને માનસિક, ભગવાન માટે જ હોય છે. ભગવાન કહે છે :—

**यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।**
**तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥** (ગી. ૬-૩૦)

'જે સર્વત્ર મને જુએ છે અને જે સર્વને મારામાં જુએ છે, એમની સામેથી હું અદ્રશ્ય થતો નથી અને હું તેમને ભૂલતો નથી!

છાંદોગ્ય ઉપનિષદ્ કહે છે :—

**यत्र नान्यत् पश्यति, नान्यत् शृंणोति, नान्यत्**
**विजानाति, स भूमा । अथ यत्र अन्यत् पश्यति,**
**अन्यत् शृणोति, अन्यत् विजानाति, तदल्पम् ।**
**यो वै भूमा, तद् अमृतम् । अथ यद् अल्पं,**
**तत् मरत्यम् ।** (છાં. ૭- ૨૪-૧)

''જ્યાં બીજું કંઈ દેખાતું નથી, બીજું કંઈ સાંભળવામાં આવતું નથી, બીજું કંઈ જાણી શકાતું નથી તે ભૂમા છે. જ્યાં બીજું દેખાય છે, બીજું સંભળાય છે, બીજું જણાય છે, તે અલ્પ છે. જે ભૂમા છે તે અમૃત છે, જે અલ્પ છે તે મર્ત્ય છે.'' આ દિવ્ય પ્રેમ સદા મધુર, અવિનાશી, સનાતન અને સત્ય છે.

● □ ●

# ૧૩. ગૌણ ભક્તિ

સૂત્ર - ૫૬.

**गौणी त्रिधा गुणभेदाद आर्तादिभेदाद वा।**

(**ગૌણી** - ગૌણ, **ત્રિધા** - ત્રણ પ્રકારની, **ગુણભેદાદ્** - ગુણ ભેદ અનુસાર (સત્વ, રજસ, તમસ), **આર્તાદિભેદાદ્** - હેતુ પ્રમાણે, જેમકે - આર્ત, જિજ્ઞાસુ અર્થાર્થી **વા** - અથવા )

**અર્થ :- ગૌણ ભકિત ગુણભેદ અનુસાર અથવા આર્તાદિ ભેદ અનુસાર ત્રણ પ્રકારની હોય છે.**

**વિવરણ** :- અત્યાર સુધી અહૈતુક ભક્તિનું અથવા તો ગીતા અનુસાર જ્ઞાનીની ભક્તિનું વર્ણન કરવામાં આવ્યું છે. આમા ભક્ત ભગવાનની સાથે એક બની જાય છે. હવે ગૌણ ભક્તિનું વર્ણન કરવામાં આવે છે.

કોઈ પણ પ્રકારના હેતુ વિનાની અથવા સ્વાર્થરહિત ભક્તિને સાત્ત્વિક ભક્તિ કહેવાય છે. શક્તિ અને વૈભવ મેળવવાની આશાથી કરવામાં આવતી ભક્તિ રાજસિક કહેવાય અને બીજાને હાનિ પહોંચાડવાની દૃષ્ટિથી કરવામાં આવતી ભક્તિ તામસિક કહેવાય છે.

સત્ત્વ તો સ્ફટિકમણિ સમ છે. સત્ત્વથી જ્ઞાન અને સુખ પ્રાપ્ત થાય છે. સત્ત્વને સુવર્ણપીંછ કહી શકાય. આવો સાત્ત્વિક માણસ પોતાને બીજા જોડે સરખાવે છે અને પોતે ઊંચી કક્ષાનો છે. માટે આનંદ માને છે. તેને તેના જ્ઞાનનું અભિમાન હોય છે ખરું, તે માને છે કે પોતે જ્ઞાની છે, પોતે સુખી છે. આવા અહંકારને લઈને તે પણ બદ્ધ બને છે. આવા સુખની આસક્તિ તે પણ એક જાતની ભ્રમણા જ છે.

જો તમને ઈશ્વરમાં વિશ્વાસ હોય તો તો તેની પાસેથી કાંઈ જ માંગવાની આવશ્યકતા નથી. તમારા માગ્યા વિના જ એ તમને જોઈતી વસ્તુઓ આપશે.

ગૌણ ભક્તિ ધીમે ધીમે મુખ્ય ભક્તિમાં ફેરવાઈ જાય છે; અને પછી તો ભક્તિની સતત ધારા - એ પ્રેમધારા વહ્યા જ કરે છે.

આ ગૌણ ભક્તિનું બીજું વર્ગીકરણ, જે આશયથી ભક્તિ કરવામાં આવે છે તે પ્રમાણે છે. ગીતા અનુસાર ભક્ત ચાર પ્રકારના હોય છે :—

**चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।**
**आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥** (ગી.૭- ૧૬)

''ચાર પ્રકારના ભક્તો હોય છે, આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની.''

પહેલા ત્રણ પ્રકારની ભક્તિ ગૌણ ભક્તિ છે, જ્યારે ચોથો મુખ્ય પ્રકાર છે. તેઓ તો ભગવાન માટે જ ભક્તિ કરે છે. ગજેન્દ્ર અને દ્રોપદી આર્ત ભક્તો હતાં. ઉદ્ધવ જિજ્ઞાસુ ભક્ત અને ધ્રુવ અર્થાર્થી ભક્ત હતા.

## સૂત્ર - ૫૭.

## उत्तरस्मात् उत्तरस्मात् पूर्वपूर्वा श्रेयाय भवति ।

(**उत्तरस्मात् उत्तरस्मात्** - પછીના બીજા કરતાં, **पूर्वपूर्वा** - આગળના, **श्रेयाय** - શ્રેષ્ઠ, **भवति** - છે.)

**અર્થ :- દરેક આગળનું તેના પછીના બીજા કરતાં શ્રેષ્ઠ છે.**

**વિવરણ :-** ભક્તિના બન્ને પ્રકારમાં પહેલો પ્રકાર બીજા પ્રકાર કરતાં અને બીજા પ્રકાર ત્રીજા કરતાં શ્રેષ્ઠ છે. બીજો જેમ કે સાત્ત્વિક ભક્તિ રાજસિક કરતાં ઉત્તમ અને રાજસિક તામસિક કરતાં ઉત્તમ છે. આ જ પ્રમાણે, આર્તભક્ત જિજ્ઞાસુ કરતાં અને જિજ્ઞાસુ ભક્ત અર્થાર્થી કરતાં ઉત્તમ છે. આધ્યાત્મિક ઉન્નતિ પણ આ ક્રમ પ્રમાણે જ થાય છે.

સત્ત્વ એટલે સુખ, શાંતિ અને પ્રકાશ. આ ઉચ્ચતમ સ્થિતિ છે. શક્તિ અને આનંદ માટેની ભક્તિ રાજસિક ભક્તિ છે. તામસિક ભક્તિ એટલે પ્રમાદ અને કોઈને હાનિ પહોંચાડવા માટે કરવામાં આવતી ભક્તિ. તામસિક ભક્તિને આધ્યાત્મિક મૃત્યુ જ કહી શકાય. દરેક સાધકે ખૂબ જ સાવધાનીપૂર્વક પોતાના મનનું નિરક્ષણ કરવું જોઈએ અને તેમાં કેવા ભાવ પ્રવર્તે છે તે જાણવું જોઈએ. તેણે સત્ત્વ વધારવાનો પ્રયાસ કરવો જોઈએ. સત્ત્વ સત્સંગ, જપ, કીર્તન, ધ્યાન અને પૂજનથી વૃદ્ધિ પામે છે.

બીજા વર્ગીકરણ અનુસાર આર્ત ભક્તિ ઉત્તમ છે. જિજ્ઞાસુ ભક્ત અર્થાર્થી કરતાં શ્રેષ્ઠ છે. આર્ત ભક્ત હૃદયમાંથી પ્રભુને અરજ કરે છે અને તેને તે જ ક્ષણે સહાય મળી રહે છે.

આર્ત ભક્તને ભગવાન જોઈએ છે, કારણ કે તેના સિવાય તેને બીજો કોઈ રાહત આપી શકે તેમ હોતું નથી. જિજ્ઞાસુને જ્ઞાન જોઈએ છે, ભગવાન નહિ. અર્થાર્થીને ન તો ભગવાન જોઈએ છે, ન જ્ઞાન, એને તો વૈભવ જોઈએ છે. આ બધામાં આર્ત ભક્ત ઉત્તમ કહેવાય છે.

ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણના વિરહને લઈને દુઃખી હતી. એમના આ દુઃખ માટે એમને ભગવાન શ્રીકૃષ્ણ જોઈતા હતા. આ દ્રષ્ટાંત ઉત્તમ પ્રકારની આર્ત ભક્તિ કહેવાય છે.

જે ભક્તમાં તીવ્ર વૈરાગ્ય હોય છે તેને કદી સંતોષ થતો નથી. એ તો આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત થાય ત્યારે જ સંતોષાય છે.

સાત્ત્વિક ભકિત કરતાં મુખ્ય ભક્તિ ઉત્તમ છે. એ મુખ્ય ભક્તિ કરતાં પરા ભક્તિ શ્રેષ્ઠ છે.

● □ ●

## ૧૪. ભક્તિની સુલભતા

**સૂત્ર - ૫૮.**

अन्यस्मात् सौलभ्यं भक्तौ ।

(**અન્યસ્માત્** - અન્ય કરતાં, **સૌલભ્યં** - સુલભતા, **ભક્તૌ** - ભક્તિમાં)

**અર્થ - બીજા કરતાં ભક્તિ સુલભ છે.**

**વિવરણ** :- ભગવતપ્રાપ્તિનાં સઘળાં સાધનોમાં ભક્તિ માર્ગ સુલભ છે. કર્મ, યોગ અને જ્ઞાન એ બીજાં ત્રણ સાધનો છે. ભક્તિ તો સીધા ભગવાન પાસે જ લઈ જાય છે. કારણ કે તેનું મૂળ પ્રેમ છે, અને પ્રેમ તો બધામાં સ્વભાવિક હોય છે જ.

કર્મસાધના મનુષ્યને ભક્તિ અને જ્ઞાન માટે યોગ્ય બનાવે છે. તે સાધકના હૃદયને શુદ્ધ બનાવે છે. વૈદિક ક્રિયાઓ તો પૈસાપાત્ર હોય તે જ કરી શકે છે.

યોગસાધના તો કંટક અને ભયથી ભરપૂર છે. યોગી સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આનો દુરુપયોગ થવાની શકયતા હોય છે, અને તેમ કરવાથી તે ભ્રષ્ટ થાય છે. પ્રાણાયામ, પ્રત્યાહાર, વગેરે ક્રિયાઓ કરવી સહેલી નથી.

જ્ઞાન સાધના તો શુષ્ક છે; જ્યારે ભક્તિ માર્ગ સુમધુર છે. જ્ઞાન-

સાધના માટે વિશાળ અધ્યયન, તીવ્ર બુદ્ધિ, વિવેક અને દૃઢ સંકલ્પશક્તિની આવશ્યકતા છે.

ભક્તિ તો કોઈ પણ જાતના ભેદભાવ વિના દરેકે દરેક કરી શકે છે. અધ્યયન, તપશ્ચર્યા, તીવ્ર બુદ્ધિ, વગેરેની ભક્તિ સાધનામાં આવશ્યકતા હોતી નથી. આવશ્યકતા ફક્ત શ્રદ્ધા અને સતત ભગવત સ્મરણની. આ માટે જ ભક્તિમાર્ગ સુલભ રહ્યો છે.

ઘણા સાધકો ભક્તિસાધનાને નિમ્ન પ્રકારની ગણી હઠયોગ, રાજયોગ તથા કુંડલિની યોગ પ્રત્યે આકર્પાય છે. આવી સાધનાઓ માટે યોગ્ય ગુણ તેમનામાં હોતા નથી, તેથી તેઓ યમ, નિયમનો અભ્યાસ કરી શકતા નથી અને પ્રાણાયામ, ખેચરીમુદ્રા, વગેરેમાં તેઓ મોહાય છે. તેઓ એવું માનતા હોય છે કે આથી તેઓ આકાશમાં ઊડી શકશે. માયાએ તેમની વિવેકશક્તિ આચ્છાદિત કરી નાખી હોય છે.

ભક્તને દરેક સિદ્ધિ મળે છે, એટલું જ નહિ પરંતુ ઈશકૃપા પણ તેના પર વર્પે છે. આ રીતે ભક્તિસાધના સર્વોત્તમ તો છે અને સુલભ પણ છે.

## સૂત્ર - ૫૯.

### प्रमाणांतरस्य अनपेक्षत्वात् स्वयं प्रमाणत्वात् ॥

(**પ્રમાણાંતરસ્ય** - અન્ય પ્રમાણની, **અનપેક્ષત્વાત્** - આવશ્યકતા રહિત, **સ્વયં** પોતે, **પ્રમાણત્વાત્** - પ્રમાણરૂપ)

**અર્થ :- તેને (ભક્તિને) અન્ય પ્રમાણની આવશ્યકતા નથી. કારણ કે તે પોતે જ પ્રમાણરૂપ છે.**

**વિવરણ :-** ભક્તિનું પ્રમાણ ભક્તિ પોતે જ છે. તેને બીજા કોઈ પ્રમાણની આવશ્યકતા રહેતી નથી. ભક્ત જ્યારે ભગવાન સાથે એક થઈ જાય છે ત્યારે તેને પ્રત્યક્ષ અનુભવ અને પરમાનંદ પ્રાપ્ત થાય છે. તેને માટે બાહ્ય પ્રમાણની આવશ્યકતા રહેતી નથી. આ વાત શબ્દોથી ન સમજાવી શકાય તેવી છે.

જ્યારે એક માણસ મધુર કેરી ખાતો હોય ત્યારે તે કેરીની મધુરતા માટે કોઈ પ્રમાણ ઈચ્છતો નથી. આ જ રીતે ભક્તને પણ આ પ્રત્યક્ષ અનુભવ અને આનંદ માટે કોઈ પ્રમાણની જરૂરત રહેતી નથી. ભક્ત આ બાબત પર ચર્ચામાં ઉતરવા પણ તૈયાર થતો નથી. કારણ કે તે સમજે છે કે આ ચર્ચા નિરર્થક અને શુષ્ક હોય છે.

'પ્રમાણાન્તર' એટલે બાહ્ય પ્રમાણ. મીમાંસા અનુસાર છ પ્રકારના પ્રમાણ હોય છે :- પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અનુપલબ્ધિ અને અર્થાપત્તિ. નૈયાયિકો તો પહેલાં ચારને જ માન્ય રાખે છે, જ્યારે સાંખ્ય તો પ્રત્યક્ષ , અનુમાન અને શબ્દ એમ ત્રણને જ માને છે.

જ્યારે તમને ભૂખ લાગે છે ત્યારે તમને તરત જ ખબર પડી જાય છે, કારણ કે આ તમારો પ્રત્યક્ષ અનુભવ છે. આ સમયે ભૂખ કેમ લાગે વગેરે બાબત પર ચર્ચા કરવા તમે બેસતા નથી. તમને કોઈ કહે કે તમે ભૂખ્યા નથી તો તમે તે કબૂલ કરશો નહિ, એટલું જ નહિ પરંતુ, તમે એમ પણ કહેશો કે, ''આ બાબતમાં મારો પોતાનો અનુભવ વધારે આધારભૂત છે. એમાં બીજાને શું સમજ પડે?''

તમને તમારી માતા, પત્ની અને બાળકો પ્રત્યે સ્નેહ હોય છે, પરંતુ તે માટે કંઈ બીજા સાથે ચર્ચા કરતા નથી. એ પ્રેમ માટે બાહ્ય પ્રમાણની તમને કશી જ આવશ્યકતા જણાતી નથી. આથી જ આ સૂત્ર કહે છે કે ભક્તિ તો સ્વયંપ્રમાણરૂપત્વાત્ - સ્વયં - પ્રમાણરૂપ છે.

પોતે સુખી છે કે દુઃખી એનું પ્રમાણ બીજો કોઈ કેવી રીતે આપી શકે? આને માટે કોઈ અનુમાનની પણ જરૂર નથી. ગમે તેટલો તર્ક માણસને પોતાના જાત અનુભવની વિરુદ્ધ સાબિત કરી શકે નહિ. પ્રત્યક્ષ અનુભવ તો જ્ઞાનપ્રાપ્તિનું મુખ્ય અને અચૂક સાધન છે.

## સૂત્ર - ૬૦.

### शान्तिरुपात् परमानन्दरुपात् व ।

(**શાન્તિરૂપાત્** - શાંતિરૂપ **ચ** અને **પરમાનંદરૂપાત્** - પરમાનંદરૂપ)

**અર્થ :- ભક્તિ શાંતિરૂપ અને પરમાનંદરૂપ છે.**

**વિવરણ** :- ભક્ત બધું જ ભુલી જાય છે. એટલું જ નહિ પરંતુ, પોતાની જાતને પણ ભૂલી જાય છે. તે તો ઈશ્વરમાં જ જીવે છે. તે ઈશ્વર માટે જ જીવે છે..

જે કોઈ ચાખે તે બધાને મધ મીઠાશ આપે છે. તે જ પ્રમાણે ભક્તિ તેના સાધકને સંપૂર્ણ શાંતિ અને પરમાનંદ આપે છે. આ સત્ય સ્વયં પ્રમાણભૂત છે. તેને બીજા કોઈ પ્રમાણની આવશ્યકતા હોતી નથી.

ઈશ્વરનો પ્રેમ શાંતિ અને પરમાનંદ સ્વરૂપે અનુભવાય છે.

## સૂત્ર - ૬૧.

**लोकहानौ चिन्ता न कार्या निवेदितात्मालोकवेदशीलत्वात् ।**

(**लोकहानौ** - સાંસારિક હાનિ, **चिन्ता** - ચિંતા, न - ન, **कार्या** - કરવી, **निवेदितात्मालोकवेदशीलत्वात्** - પોતાની જાત અને લૌકિક તથા વૈદિક કર્મો તો ભગવાનને અર્પણ કરી ચૂકયો છે.)

**અર્થ :- ભક્તોએ લૌકિક (સાંસારિક) હાનિની ચિંતા ન કરવી જોઈએ. કારણ કે ભગતે તો પોતાની જાત અને લોકિક તથા વૈદિક કર્મો ભગવાનને અર્પણ કરી દીધાં છે.**

**વિવરણ :-** ભક્તે સામાજિક અવ્યવસ્થા માટે ચિંતા ન કરવી જોઈએ. કારણ કે તેણે તો પોતાની જાત અને લૌકિક તથા વૈદિક કર્મો ભગવાનને સમર્પણ કરી દીધાં છે. પોતાનો વ્યવહાર બરાબર ચાલે છે કે નહિ તેની પણ ભકતે ચિંતા કરવી જોઈએ નહિ.

ભક્તે ભગવાનમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી જોઈએ. ભલે બાહ્ય દૃષ્ટિએ તેને એમ લાગે કે બધું ધારવા પ્રમાણે થતું નથી. એક વાત ચોક્કસ છે કે કોઈ હાનિ કે બુરાઈ તેને સ્પર્શી પણ શકશે નહિ. કારણ કે એ તો સાક્ષાત્ ભગવાનની કાળજી હેઠળ છે. તેણે તો સાંસારિક લાભહાનિનો વિચાર પણ ન સેવવો જોઈએ. આ સંસારમાં તેને શું મળે અથવા તો તેનું શું જાય છે તેની પણ દરકાર હોતી નથી. જેવી રીતે દહીંનું એક જ ટીપું ઘણા દૂધને બગાડી નાખે છે તે જ પ્રમાણે દુનિયાની આસક્તિ ઉચ્ચતમ ભક્તિ પ્રાપ્ત કરવામાં બાધારૂપ બને છે.

ભક્તે તો સર્વસ્વ ઈશ્વરને અર્પણ કરી દીધું છે, તેથી તેને હવે ચિંતાનું કારણ રહેતું નથી. એને હવે દુનિયાની ચિંતા શા માટે? ભગવાન તેની બધી ચિંતા દૂર કરે છે. એટલું જ નહિ પણ, ભગવાન તો ભકતનું મન જ ચોરી લે છે. જેની પાસે પોતાનું મન જ ન હોય તો પછી ચિંતા રહે ક્યાંથી?

આ સૂત્રનો અર્થ એવો નથી કે, ભક્તે કઠોર થવું અથવા તો માનવયાતના પ્રત્યે ઉદાસીન રહેવું. એનો અર્થ એવો પણ નથી કે ઉદાર દિલથી પરોપકારનાં કાર્યો ન કરવાં. એ તો એક જ વાત બતાવે છે કે ચિંતા ન કરવી.

● □ ●

# ૧૫. ભક્તિ અને લોકવ્યવહાર

**સૂત્ર - ૬૨.**

न तत् सिद्धौ लोकव्यवहारो हेयः किन्तु
फलत्यागः तत् साधनं च कार्यमेव ।

(**તત્ સિદ્ધૌ** - ભક્તિ સિદ્ધ થાય ત્યાં સુધી, **લોકવ્યવહાર** લોકવ્યવહાર - **ન** નહિ, **હેય** :- અવજ્ઞા કરવી, **કિન્તુ** - પરંતુ **ફલત્યાગ** :- ફળત્યાગ, **તત્ સાધનં** - ભક્તિનાં સાધન, **ચ** - અને **કાર્યમ્** - કરવાં જોઈએ, **એવ** - જરૂર.)

**અર્થ :- જ્યાં સુધી ભક્તિ સિદ્ધ ન થાય ત્યાં સુધી લોકવ્યવહારનાં કાર્યોનો ત્યાગ ન કરવો જોઈએ, પરંતુ ફળ ત્યાગ કરી, ભક્તિનાં સાધન કરતાં રહેવું જોઈએ.**

**વિવરણ** :- જ્યાં સુધી ભક્તિ સિદ્ધ ન થાય ત્યાં સુધી સામાન્ય જીવન ચાલુ રાખવું જોઈએ, પરંતુ કામનાઓનો પરિત્યાગ કરવાનો અભ્યાસ શરૂ કરી દેવો જોઈએ. નિષ્કામ સેવા અને મનોનિગ્રહનો અભ્યાસ પણ ચાલુ રાખવો જોઈએ.

ભક્તિની પ્રાપ્તિ થયા પછી પણ વ્યાવહારિક જીવનનો ત્યાગ ન કરવો જોઈએ. લોકકલ્યાણની બધી પ્રવૃત્તિઓ ચાલુ રાખવી જોઈએ; ફક્ત આવાં શુભ કાર્યોના ફળની આશાનો ત્યાગ કરવો જોઈએ. શ્રી વસિષ્ઠ, વ્યાસજી, શ્રી શંકરાચાર્ય, ભગવાન બુદ્ધ અને એવા બીજાઓ માનવ કલ્યાણનાં કાર્યો કરતા રહ્યા હતા.

ખાવું, પીવું, શ્વાસ લેવો અને કંઈ કામ કરવું આ બધું લોકવ્યવહારમાં આવી જાય છે, એટલે તમે જીવનમાં જ્યાં હો ત્યાંથી તમારી ફરજ ચાલુ રાખવી જોઈએ - તેનું નામ લોકવ્યવહાર છે.

**સૂત્ર - ૬૩.**

स्त्रीधननास्तिकवैरिचरित्रं न श्रवणीयम् ।

(**સ્ત્રીધનનાસ્તિકવૈરિચરિત્રં** - સ્ત્રી, ધન, નાસ્તિક અને વૈરીનું વર્ણન, ન - નહિ, **શ્રવણીયમ્** સાંભળવું જોઈએ.)

**અર્થ :- સ્ત્રી, ધન, નાસ્તિક અને વૈરીનું વર્ણન સાંભળવું જોઈએ નહિ.**

**વિવરણ :-** આ સૂત્રમાં તથા પછીના સૂત્ર ૭૩ અને ૭૪, માં અને આગળનાં ૪૩, ૪૪ અને ૪૫ સૂત્રોમાં ભક્તિ વિકાસમાં નડતા અંતરાયોનું વર્ણન કરવામાં આવ્યું છે.

આવા પ્રસંગો આધ્યાત્મિક ભાવના ઓછી કરે છે અને તેથી મનુષ્ય આગળ પ્રગતિ કરી શકતો નથી.

જેનું મન સ્ત્રી સંબંધી વિચારોમાં રમતું હોય છે તે ઈશ્વરનું ધ્યાન ક્યાંથી કરી શકે? આવા વિચારો કામ ઉત્પન્ન કરે છે અને કામ તો આત્મસાક્ષાત્કાર પ્રાપ્તિમાં મોટામાં મોટી બાધા છે.

ધન સંપત્તિનો વિચાર લોભ પેદા કરે છે. નિરીશ્વરવાદીનો વિચાર અને નાસ્તિકનો સંગ ઈશ્વર પ્રત્યેની તમારી શ્રદ્ધા ઘટાડશે. વૈરીનો વિચાર ક્રોધને જન્મ આપે છે. આથી જ કહેવામાં આવ્યું છે કે સ્ત્રી, ધન, નાસ્તિક અને વૈરીની વાતો સાંભળવી ન જોઈએ.

સ્ત્રીઓ વિષેની વાતો મનને ઉત્તેજિત કરે છે અને કામ ઉત્પન્ન થાય છે. પરિવ્રાજક ઉપનિષદમાં મહર્ષિ નારદજી કહે છે કે સાધકોએ સ્ત્રીઓનાં ચિત્રો પણ જોવાં જોઈએ નહિ. ધનવાનોની વાતોથી સાધક ભોગવિલાસ પ્રત્યે આકર્ષાય છે. નાસ્તિકની વાતોથી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ઓછી થાય છે.

## સૂત્ર - ૬૪.

### अभिमानदम्भादिकं त्याज्यम् ।।

(**અભિમાનદંભાદિકં** - અભિમાન, દંભ વગેરે **ત્યાજયમ્** - તજવાં જોઈએ.)

**અર્થ :- અભિમાન, દંભ, વગેરેનો ત્યાગ કરવો જોઈએ.**

**વિવરણ :-** અભિમાન અને દંભ વગેરે તો ભક્તિસાધનનાં વૈરી છે. તેનો સદંતર નાશ કરવો જોઈએ. સ્વપ્રયત્નથી આ દુર્ગુણોનો નાશ કરવો સહેજ મુશ્કેલ છે. એનો સાચો માર્ગ તો એ છે કે એની દિશા બદલી નાખવી જોઈએ. તે દુર્ગુણોના વિરોધી સદ્દગુણો જેવા કે નિરાભિમાનિતા, નમ્રતા, પવિત્રતા, સરળતા વગેરે સદ્દગુણો કેળવવાથી એ દૂષણો દૂર કરી શકાશે. અભિમાન તો માણસ માણસ વચ્ચે કાંટાની વાડ ઊભી કરે છે.

પોતે જે ન હોય તે બતાવવાનો દેખાવ કરવો તેનું નામ દંભ છે. દંભમાં

હંમેશ ઢોંગ જ હોય છે. દંભી મનુષ્ય પવિત્ર હોવાનો દેખાવ કરે છે. પોતાનામાં જે સદ્‌ગુણો ન હોય તે પોતાનામાં છે એવું બતાવવા તે પ્રયત્ન કરે છે.

અભિમાન અને દંભ પછી 'આદી, શબ્દનો પ્રયોગ કરી મહર્ષિ નારદજી આસુરી સંપત્તિમાં વર્ણવેલ બીજા દુર્ગુણોનો નિર્દેશ કરે છે. આ આસુરી સંપત્તિનો ત્યાગ કરવો જોઈએ.

આસુરી સંપત્તિ નીચે પ્રમાણે છે :—

**दम्भोदर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।**
**अज्ञानं अभिजातस्य पार्थ संपदमासुरीम् ॥** (ગી. ૧૬-૪)

''દંભ, ઘમંડ, અભિમાન, ક્રોધ, કઠોર વાણી અને અજ્ઞાન, વગેરે આસુરી સંપત્તિ છે.

## સૂત્ર - ૬૫.

**तदर्पिताखिलाचारः सन् कामक्रोधाभिमानादिकं तस्मिन्नेव करणीयम् ॥**

(**તદર્પિતાખિલાચાર** :- બધા આચાર ભગવાનને અર્પણ કરીને, **કામક્રોધાભિમાનાદિકં**- કામ, ક્રોધ, અભિમાન વગેરે, **તસ્મિન્**- તેમાં (ભગવાનમાં), **એવ** - જ, **કરણીયમ્** - કરવાં જોઈએ.)

**અર્થ :- બધા આચાર ભગવાનને અર્પણ કર્યા પછી જો કામ, ક્રોધ, અભિમાન વગેરે હોય તો તે ભગવાન પ્રતિ કરવાં જોઈએ.**

**વિવરણ** :- આ બતાવે છે કે આપણી બધી વૃત્તિઓ પણ ભગવાનને અર્પણ કરી દેવી જોઈએ. આપણા બાહ્ય તેમ જ માનસિક કાર્યો ભગવાનને ઉપહાર રૂપે અર્પણ કરી દેવાં જોઈએ. આમ થાય તો જ તેમાં પરિવર્તન થાય અને પવિત્ર પ્રેમ - ભક્તિ થઈ શકે.

ભક્ત જો ક્રોધ કરે તો તે પોતાના પ્રેમી પ્રત્યે ક્રોધ કરે છે. જો તેને અભિમાન હોય તો તે અભિમાન તેના ભગવાનનું છે. તેનામાં જો કોઈ કામના હોય તો તે કામનાનું મૂળ તેના પ્રભુ જ છે. ભગવાનનું સતત સ્મરણ-પછી તે પ્રેમથી હોય કે ઘૃણાથી હોય, તોપણ તે મનુષ્યનું પરિવર્તન કરી શકે છે. જેમ રાવણ રામને ધિક્કારતો હતો, છતાં પણ તેને મૃત્યુ પછી ઉત્તમ પદ મળ્યું. કારણ કે રામ હંમેશા તેના મનમાં રહેતા હતાં.

જેવી રીતે ભક્તના પ્રેમની વસ્તુ ભગવાન પોતે જ છે, તેવી જ રીતે ભક્તની કામના અને ક્રોધની વસ્તુ પણ ભગવાન જ હોય છે. ભક્તને મન તો ભગવાન સિવાય બીજું કશું હોતું નથી. પછી વૃત્તિઓ અને વસ્તુ ભગવાન સિવાય બીજી હોય જ ક્યાંથી શકે?

જે વૃત્તિઓ આધ્યાત્મિક માર્ગમાં અવરોધ રૂપે હોય છે તે વૃત્તિઓ ભગવાન પ્રત્યે બદલવાથી તે જ વૃત્તિઓ સહાયક બની જાય છે. કામ, ક્રોધ, મોહ વગેરે ભગવાનમાં સમાય જાય છે. જે ભક્ત ભગવાન સાથે એક થઈ ગયો છે તે તો તેના કામ, ક્રોધ, અને અભિમાનની વસ્તુ ભગવાનને જ બનાવે છે.

એક દિવસ શ્રીકૃષ્ણે કરેલી મજાકથી રાધાજી ખૂબ ચિડાઈ ગયાં. તેની સખી સમજાવવા લાગી તો ક્રોધભરી આંખે કહે છે,—''એનું નામ પણ તું મારી સામે લઈશ નહિ. એનું નામ તો શું જેટલી કાળી વસ્તુઓ છે તેનો પણ હું ત્યાગ કરીશ. હું જીવતાં સુધી એને કદાપિ મળીશ નહિ. તું કૃષ્ણને મારી પાસે આવવા દઈશ નહિ. એને દરવાજામાં જ આવવા દઈશ નહિ. એના જેવા ઢોંગી પર વિશ્વાસ કેમ મૂકી શકાય?''

ઈશ્વરસાક્ષાત્કારમાં આડે આવતા અવરોધો પ્રત્યે ક્રોધ કરવો જોઈએ. આમ કરશો તો એ વૃત્તિ અનાસક્તિ અને વૈરાગ્યમાં ફેરવાઈ જશે. જ્યારે માનવી પોતાનાં દૂષણો પ્રત્યે ક્રોધ કરે છે તેનો અર્થ એ છે કે પોતાની જાતને શુદ્ધ બનાવી રહ્યો છે. આથી દુર્વૃત્તિઓનો નાશ થશે અને સાત્ત્વિક વૃત્તિઓની વૃદ્ધિ થશે.

## સૂત્ર - ૬૬.

**त्रिरुपभंगपूर्वकं नित्यदासनित्यकान्ताभजनात्मकं प्रेमकार्यं प्रेमैच कार्यम् ।**

(**ત્રિરૂપભંગપૂર્વકં** - ત્રણ રૂપો (સ્વામી, સેવક, સેવા) નો ભંગ કરી, **નિત્યદાસનિત્યકાન્તાભજનાત્મકમ્** નિત્ય દાસ્યભાવ અથવા કાન્તાભાવથી ભક્તિ કરવી જોઈએ, **પ્રેમ** - પ્રેમ **કાર્યમ્** - કરવો જોઈએ, **પ્રેમૈવ** - પ્રેમ જ **કાર્યમ્** કરવો જોઈએ.)

**અર્થ :- ત્રણરૂપોનો (સેવક, સ્વામી, સેવા) ભંગ કરી નિત્ય દાસ્યભાવ અને કાન્તાભાવે પ્રેમભક્તિ કરવી જોઈએ. પ્રેમભક્તિ કરવી જ જોઈએ.**

**વિવરણ :-** જે ભક્ત કોઈ પણ જાતના હેતુ વિના પ્રેમ અને સેવા કરે અને જે પ્રેમી, પ્રેમ અને પ્રેમની વસ્તુથી પર છે તેવી ભક્તિ, ભક્તનો આદર્શ

હોવો જોઈએ. કાન્તાભાવે ભગવાનની ભક્તિ કરતાં કરતાં ભગવાનમાં તન્મય બની જવું એ ઉત્તમ પ્રકારની ભક્તિ છે.

સ્વામી, સેવક અને સેવા એવા ત્રિરૂપને મટાડી દો. ભગવાનની સતત સેવા એક પત્નીની માફક અથવા તો દાસની માફક કરી તેના પ્રત્યેનો પ્રેમ વિકસાવો.

કર્તવ્યપરાયણ અથવા તો પતિપરાયણ પત્ની પોતાના પતિની સેવા કરવામાં કોઈ ફળની આશા રાખતી નથી. એટલું જ નહિ, પણ ઉપકારના બે શબ્દોની પણ ઈચ્છા રાખતી નથી. તે તેની ઉપહાર તરીકે સેવા કરે છે. આ જ પ્રમાણે ભક્ત તો સર્વત્ર ભગવાન જ જુએ છે. આથી તેનાં બધાં જ કાર્યો ભગવાનનાં ઉપહાર જ બની જાય છે. તેની પાછળ ફળની કોઈ આશા હોતી નથી. ભક્ત પ્રેમ વિના રહી શકતો નથી માટે પ્રેમ કરે છે.

## સૂત્ર - ૬૭.

### भक्ता एकान्तिनो मुख्याः ।

(**ભકતા** - ભક્તો, **એકાન્તિનઃ** - અનન્ય **મુખ્યા** :- મુખ્ય છે.)

**અર્થ :- અનન્ય ભક્ત જ શ્રેષ્ઠ છે.**

**વિવરણ :-** જે ભક્તોની ભગવાન પ્રત્યે અનન્ય ભક્તિ હોય છે તેઓ શ્રેષ્ઠ ભક્તો છે.

ભક્તનું શરીર, મન, ધન, અને સર્વસ્વ ભગવાનની જ મિલકત બને છે. ભક્ત તો ભગવાનના સાધન તરીકે જ જીવે છે. તેનું મન તો નિત્ય ઈશ્વરમાં જ સ્થિત હોય છે. તેની આંખો તો સર્વત્ર ભગવાનને જ જુએ છે. જાણે ભગવાને તેની આંખોમાં નિવાસ કર્યો હોય તેમ તેની આંખો હવે બીજુ કાંઈ જોતી નથી. તેને તો હવે ઊંઘ પણ આવતી નથી.

અહીં મુખ્ય ભક્તિ અથવા તો અનન્ય ભક્તિનું વર્ણન છે. આ મુખ્ય ભક્તિ ગૌણ ભક્તિ કરતાં ઊંચી છે. જેને આવી મુખ્ય ભક્તિ પ્રાપ્ત થઈ છે, તે ભાગવત અથવા તો સંત કહેવાય છે. આ ભક્તિમાં સાંસારિકતાનો તો અંશ પણ હોતો નથી. આવો ભક્ત મુક્તિની પણ આશા રાખતો નથી. ભગવાન પોતે આવા ભક્તનું વર્ણન આ પ્રમાણે કરે છે :—

न पारमेष्ठयं न महेन्द्रधिष्ण्यं
न सार्वभौमं न रसाधिपत्यम् ।
न योगसिद्धीरपुनर्भवं वा
मय्यर्पितात्मेच्छति मद्विनान्यात् ॥

(ભા. ૧૧-૧૪-૧૪)

यथाग्निः सुसमृद्धार्चिः करोत्येधांसि भस्मसात् ।
तथाः मद्विषया भक्तिसद्धवैनांसि कृत्स्नशः ॥

(ભા. ૧૧-૧૪-૧૯)

'જેવી રીતે ધગધગતો અગ્નિ લાકડાના ઢગલાને બાળી રાખ કરી નાખે છે તેવી રીતે મારી ભક્તિ સમસ્ત પાપરાશિનો પૂર્ણ રીતે નાશ કરે છે.'

न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव ।
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥

(ભા. ૧૧-૧૪-૨૦)

'હે ઉદ્ધવ! યોગ-સાધન, જ્ઞાન-વિજ્ઞાન, ધર્માનુષ્ઠાન, જપ, તપ અથવા ત્યાગ મને પ્રાપ્ત કરવામાં એટલાં સમર્થ નથી જેટલી નિત્ય વૃદ્ધિ પામતી મારી ભક્તિ છે.'

● □ ●

## ૧૬. ભક્તોનો મહિમા

**સૂત્ર - ૬૮.**

**कण्ठावरोधरोमांचाश्रुभिः परस्परं लपमानाः**
**पावयन्ति कुलानि पृथिवीं च ।**

(**કણ્ઠાવરોધરોમાંચાશ્રુભિઃ** - કંઠ રૂંધાઈ જાય છે રોમાંચ અને અશ્રુઓ સાથે, **પરસ્પરમ્** - પરસ્પર, **લપમાનાઃ** - વાર્તાલાપ, **કુલાનિ** - કુળ, **પૃથિવીમ્** - પૃથ્વી, **ચ** - અને, **પાવયન્તિ** - પવિત્ર કરે છે.)

**અર્થ :- આવા અનન્ય ભક્તો કંઠાવરોધ, રોમાંચ અને અશ્રુભીની આંખે પરસ્પર સંભાષણ કરતાં કરતાં પોતાના કુળને અને પૃથ્વીને પવિત્ર કરે છે.**

**વિવરણ** :- ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :—

**मच्चिता मद्‌गतप्राणा बोधयन्तः परस्परम् ।**
**कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥** (ગી. ૧૦-૯)

'નિરંતર મારામાં મન લગાવી રાખનાર અને મને પ્રાણ અર્પણ કરનાર ભક્તો સદા મારી ભક્તિની અંદર અંદર ચર્ચા દ્વારા મારા પ્રભાવને જાણે છે, ગુણ સહિત મારું કથન કરે છે, સંતોપ અનુભવે છે અને હંમેશ મારામાં જ રમણ કરે છે.'

'પરસ્પર ભક્તિની વાતો કરતાં કરતાં તેમનો કંઠ રૂંધાઈ જાય છે, રોમાંચ થાય છે અને આંખો અશ્રુપૂર્ણ બને છે. આવા ભક્તો તેમના કુળ અને પૃથ્વીને પવિત્ર કરે છે. તેમના પૂર્વજો આનંદ પામે છે.

સામૂહિક પ્રાર્થનામાં જ્યારે ભક્તો ભેગા મળી કીર્તન અને ધ્યાન કરે છે ત્યારે તેમાંથી આધ્યાત્મિક સ્પંદનો પેદા થાય છે, જે ઘણાના હૃદયને પ્રેરણા આપે છે, પવિત્ર કરે છે, અને ત્યાનું સારુંયે વાતાવરણ દૈવી પ્રવાહથી યુક્ત બની શુદ્ધ થઈ જાય છે.

**कुलं पवित्रं जननी कृतार्था**
**वसुन्धरा पुण्यवती च तेन ।**
**अपार संवित्सुखसागरेऽस्मिन्**
**लीनं परे ब्रह्मणि यस्त चेतः ॥**

(સ્કં. પુ. ૫૫-૧૪૦)

'જેનું મન અપાર જ્ઞાન અને સુખના સાગર એવા પરબ્રહ્મમાં લીન થઈ ગયું છે તેમના જન્મથી તેનું કુળ પવિત્ર, જનની કૃતાર્થ અને પૃથ્વી પુણ્યવતી બને છે.'

नाहं वसामि बैकुंठे योगीनां हृदये न च ।
मद्‌भक्ता यत्र गायन्ते तत्र वसामि नारद ॥

'હે નારદ, હું વૈકુંઠમાં રહેતો નથી કે યોગીઓનાં હૃદયોમાં રહેતો નથી, પણ મારા ભક્તો જ્યાં ગાય છે ત્યાં વસું છું.'

**કંઠાવરોધ, રોમાંચ અને અશ્રુપૂર્ણ નેત્ર** : આ બધાં આંતરિક ભાવનાના બાહ્ય લક્ષણો છે. ભક્તિની તીવ્રતા પ્રદર્શિત કરે છે. આનું નામ પ્રેમભક્તિ છે. જેનામાં આવી પ્રેમ - ભક્તિ હોય તે ભગવાન સાથે એકતા સાધી શકે છે.

જેમ જેમ ભક્તિ વૃદ્ધિ પામે છે તેમ તેમ તેની અસર ચારે તરફ પ્રસરતી જાય છે. ભક્તોમાં પણ ઉચ્ચતમ કક્ષાએ પહોંચેલો તો આખા વિશ્વને પ્રકાશ આપે છે. તેઓ ભલેને એકાંત ગુફામાં રહેતા હોય છતાં પણ તેમની ભક્તિથી ઉત્પન્ન થયેલા આધ્યાત્મિક સ્પંદનો આખા જગતમાં પ્રસરે છે. જેમનાં હૃદય પવિત્ર હોય તેઓ આ સ્પંદનો ગ્રહણ કરી શકે છે.

ભક્તની લાગણને વિભાવ અથવા તો ભાવ અને અનુભવ કહે છે. ભક્ત જ્યારે અમરાનંદનો ઉપભોગ કરતો હોય છે ત્યારે તે પ્રેમના આનંદની સાથે સાથે રસાસ્વાદ પણ અનુભવે છે. વિભાવના બે પ્રકાર છે : આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવ. આલંબનવિભાવ એટલે બાહ્ય અસરને લઈને ભક્ત જે અતિઆહ્લાદ અનુભવે છે તે છે. જેમકે, કાળાં વાદળ જોઈને ભક્ત તેમાં શ્રીકૃષ્ણનાં દર્શન કરે છે અને તે બાહ્ય ભાન ભૂલી જાય છે. આ સંજોગોની ભક્ત પર અસર પ્રદર્શિત થાય છે. ઉદ્દીપન વિભાવમાં તો ભક્ત શ્રીકૃષ્ણની બંસરી પણ સાંભળે છે. સામાન્ય રીતે આલંબન વિભાવ પછી જ ઉદ્દીપન વિભાવ આવે છે. અનુભવ એ ત્રીજું પગથિયું છે. તેમાં તો ભક્ત પોતાને વૃંદાવનમાં સમજે છે અને ગોપ ગોપીઓ સાથે નૃત્ય પણ કરે છે, અને તેમની સાથે રહે છે.

**'પાવયન્તિ'** એટલે આવો ભક્ત પોતાના કુળને અને પૃથ્વીને પણ પવિત્ર કરે છે. તે જ્યાં જ્યાં જાય છે ત્યાં પ્રેમ અને આનંદ પ્રસરે છે. એટલું જ નહિ પણ, અજ્ઞાન અને ભય દૂર થાય છે, નિરાશાવાદીને આશા આપે છે અને જેઓ તેમની પાસે આવે તેમને પ્રેરણા આપે છે. આ રીતે તેઓ પૃથ્વીને પવિત્ર કરે છે.

પવિત્ર કરવું એટલે પાપ અને અજ્ઞાન દૂર કરવું. આવા ભક્તોનું માત્ર અસ્તિત્વ પણ લોકોનાં દુઃખ અને અજ્ઞાન દૂર કરવા માટે પર્યાપ્ત છે. કારણ કે દુઃખના મૂળ તો અજ્ઞાન જ છે.

જ્યારે તેમનાં હૃદયમાં દિવ્ય પ્રેમ ઉભરાય છે ત્યારે તેમનો સ્વર રુંધાઈ જાય છે, તે પુલકિત બને છે અને અશ્રુપાત થાય છે. આવા ભક્તોનાં આંસુઓમાં પણ પ્રભુ રહે છે.

## સૂત્ર - ૬૯.

**तीर्थीकुर्वन्ति तीर्थानि, सुकर्मीकुर्वन्ति**
**कर्माणि, सत्शास्त्री कुर्वन्ति शास्त्राणि ।**

(**તીર્થાનિ** - તીર્થો, **તીર્થીકુર્વન્તિ** - પવિત્ર અથવા સુતીર્થ કરે છે **કર્માણિ** - કાર્યો, **સુકર્મીકુર્વન્તિ** સુકર્મ કરે છે., **શાસ્ત્રાણિ** શાસ્ત્રો, **સત્‌શાસ્ત્રી કુર્વન્તિ** - સત શાસ્ત્ર કરે છે.)

**અર્થ :- આવા ભક્તો તીર્થોને સુતીર્થ, કર્મોને સુકર્મ અને શાસ્ત્રોને સત્‌શાસ્ત્ર બનાવે છે.**

**વિવરણ :-** આવા ભક્તો સામાન્ય સ્નાન કરવાની જગ્યાઓને પવિત્ર તીર્થ બનાવે છે અને સામાન્ય કર્મોને સુકર્મો બનાવે છે. તેઓ જ્યાં રહે છે તે સ્થાન પવિત્ર બને છે. તેમના વિચારો પ્રભાવશાળી હોય છે અને તે આજુબાજુનું વાતાવરણ આનંદિત અને શાંતિમય બનાવે છે.

સાહિત્યના ગ્રંથો વાંચીને કોઈ સંત બન્યો હોય એવું એક પણ દૃષ્ટાંત નથી. પરંતુ ગીતા, ઉપનિષદ અને એવા બીજા ધર્મગ્રંથોનું અધ્યયન કરી ઘણા માણસો દિવ્ય જીવન જીવે છે. આવા ગ્રંથોનું જેમ જેમ વધારે અધ્યયન કરવામાં આવે તેમ તેમ નવી શક્તિ પ્રદાન થાય છે.

રાજા ભગીરથે પોતાની તપશ્ચર્યાથી જ્યારે માતા ગંગાજીને પ્રસન્ન કર્યા ત્યારે માતાજીએ દર્શન આપ્યાં અને કહ્યું 'ભગીરથ! મારા પવિત્ર જળમાં સ્નાન કરી દુનિયાના માણસો પોતાનાં પાપ ધોઈ શકશે. આ બધાં પાપ મારા શરીર રૂપી જળમાં ચોંટશે તેને હું કેવી રીતે સાફ કરીશ?''

રાજા ભગીરથે ઉત્તરે આપ્યો :—

**साधवो न्यासिनः शान्ता ब्रह्मिष्टा लोकपावनाः ।**
**हरत्यघं ते अंगसंगात् तेष्वास्ते ह्यघभिद्धरिः ॥** (ભા. ૯-૯-૬)

'હે માતાજી! સમસ્ત વિશ્વને પવિત્ર કરનાર, વિષયોને ત્યાગી, શાંત સ્વરૂપ, બ્રહ્મનિષ્ઠ સાધુ મહાત્માઓ તમારા પ્રવાહમાં સ્નાન કરશે અને તેના અંગના સંગથી તમારામાં આવેલાં પાપ ધોવાઈ જશે. કારણ કે તેમના હૃદયમાં સમસ્ત પાપોનો નાશ કરનાર શ્રી હરિ નિવાસ કરે છે.'

વૃંદાવન અને મથુરા ભગવાન શ્રીકૃષ્ણને લઈને પવિત્ર છે, અયોધ્યા શ્રીરામને લીધે અને બોધિ ગયા ભગવાન શ્રીબુદ્ધને લઈને પવિત્ર મનાય છે. સંતો જ સાચાં તીર્થ છે. માનવીને સંસારરૂપી સાગર તરવા માટે જે નાવનું કાર્ય કરે છે તે તીર્થ કહેવાય છે.

જે જે પથ્થર પર આવા ભક્તો બેઠા હતા, જે રસ્તે તેઓ ચાલ્યા હતા, જે ગામડાંઓમાંથી તેઓ પસાર થયા હતા, જે સરોવરમાં તેમણે સ્નાન કર્યું હતું અને જે વૃક્ષ નીચે તેમણે ભોજન કર્યું હતુ તે બધાં પવિત્ર બન્યાં છે. તેમનાં નામ આ જગ્યાઓ જોડે જોડવામાં આવ્યા છે જેમકે, બોધિગયામાં બોધિ વૃક્ષ સાથે ભગવાન બુદ્ધનું નામ સંલગ્ન છે. ઘણી જગ્યાઓએ હનુમાન કુંડ, સીતા કુંડ અને લક્ષ્મણ કુંડોનાં દર્શન થાય છે.

## સૂત્ર - ૭૦.

### तन्मयाः ।

(**તન્મયા** : તન્મય)

**અર્થ :- (કારણ કે) તેઓ તન્મય છે.**

**વિવરણ** :- આવા ભક્તો તો સર્વથા પોતાનામાં અને સર્વત્ર ઈશ્વરનાં જ દર્શન કરે છે.

તેઓએ તો પોતાની જાત ભગવાનને પૂર્ણતઃ અર્પણ કરી દીધી છે અને તેઓ તો તેના જ આધારે જીવે છે. આવી ભક્તિથી ઉન્મત્ત બનેલા ભક્તનું દૃષ્ટાંત પ્રહ્‌લાદ છે.

જેવી રીતે સમુદ્રને મળીને નદી તેની સાથે એક થઈ જાય છે તેવી જ રીતે ભક્ત પણ પોતાનું શરીર, મન, બુદ્ધિ, અહંકાર, વગેરે ઈશ્વરને સમર્પણ કરી તેની સાથે એક જ બની જાય છે.

ગીતા કહે છે :—

**बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।**
**वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥** (ગી. ૭-૧૯)

'ઘણા જન્મો પછી તત્ત્વજ્ઞાની-સર્વત્ર ઈશ્વર જ છે એ પ્રકારે મને ભજે તેવા મહાત્મા દુર્લભ હોય છે.'

## સૂત્ર - ૭૧.

### मोदन्ते पितरौ नृत्यन्ति देवताः सनाथा चेयं भूः भवति ।

(**પિતર** :- પિતૃઓ, **મોદન્તે** - આનંદિત થાય છે, **નૃત્યન્તિ** - નાચે છે, **દેવતા** - દેવતા, **ચેયમ્** - આ, **ભૂઃ** - પૃથ્વી, **સનાથા** - સનાથ, **ભવતિ** - બને છે.)

**અર્થ :- (આવા ભક્તોના આવિર્ભાવથી) પિતૃઓ આનંદિત થાય છે, દેવતાઓ નાચે છે અને આ પૃથ્વી સનાથ બને છે.**

**વિવરણ** :- ભક્તોની રક્ષા તળે પૃથ્વી આનંદિત બને છે. આ ભક્તો તો પૃથ્વી માટે આશીર્વાદરૂપ હોય છે.

આવા ભક્તોનો આધ્યાત્મિક પ્રભાવ તેમના પૂર્વજોના આત્માઓ પર પણ પડે છે. તે આત્માઓ પોતાના વંશજને આવા ઉત્તમ જોઈ પ્રસન્ન થાય છે.

આપણાં સત્કાર્યો અને દુષ્કૃત્યોનો ભાર પૃથ્વીને ઉપાડવો પડે છે. સંતોની દૃષ્ટિએ તો પૃથ્વી જીવિત છે અને શ્વાસ પણ લે છે. તે તો ભૂ દેવી છે. તે વિષ્ણુ સ્વરૂપ છે. તે વિરાટ છે. ભૂસ્તર શાસ્ત્રીઓ માને છે તેમ તે એક નિર્જીવ વસ્તુનો ઢગલો નથી. આધ્યાત્મિક દૃષ્ટિએ કાંઈ જ નિર્જીવ નથી.

ભક્તોનાં બધાં કાર્યો વિશ્વકલ્યાણ માટે જ હોય છે, તેથી તેમનો જન્મ સર્વેને આનંદ આપે છે.

આવા ભક્તો તો તેની એકવીશ પેઢીને તારે છે. આથી પણ પિતૃઓ આનંદ અનુભવે છે.

ભક્તો કેટલાયે નાસ્તિકોને ભક્તિ અને ધર્મના માર્ગે લાવે છે. તેઓ શ્રદ્ધાપૂર્વક દાન કરે છે અને તે પણ પિતૃઓને આનંદ આપે છે.

ભગવાન પોતાના ભક્તોને અવશ્ય દર્શન આપે છે. ભક્તોનો આવિર્ભાવ તો ભગવાનના અવતારનો પૂર્વગામી છે. હવે ભગવાન અવતાર લેશે અને અસુરોનો નાશ કરશે એ વિચારે દેવતાઓ આનંદથી નાચે છે.

જ્યારે પૃથ્વી પર ભક્તો હશે ત્યારે અસુરો શક્તિશાળી રહેશે નહિ, અને પૃથ્વી પર સત્ત્વ વધશે. ભક્તો તો આસુરી મનુષ્યોને પણ દૈવી બનાવી દે છે.

સંતો પ્રેમ અને શાંતિનો પ્રસાર કરે છે. તેઓ એકતા, પ્રેમ, શાંતિ અને સરળતાનો સંદેશ બધાને પહોંચાડે છે. તેઓ વિગ્રહ અટકાવે છે. તેઓ પોતાના શિષ્યોને ચારે તરફ પ્રેમ અને શાંતિના દૂત તરીકે મોકલે છે. આથી પૃથ્વી પોતાને સનાથ માને છે અને આનંદિત થાય છે.

● □ ●

## ૧૭. ભક્તો વર્ણ અને મતમતાંતરથી પર

**સૂત્ર - ૭૨.**

नास्ति तेषु जातिविद्यारूपकुलधनक्रियादिभेदः ।

(**તેષુ** - તેઓમાં (ભક્તોમાં), **જાતિવિદ્યારૂપકુલધનક્રિયાદિ** - જાતિ, વિદ્યા, રૂપ, કુલ, ધન, ધંધા વગેરે, **ભેદ** - ભેદ, **ન** - નથી, **અસ્તિ** - હોતો.)

**અર્થ :- તેઓમાં (ભક્તોમાં) જાતિ, વિદ્યા, રૂપ, કુળ, ધન અને વ્યવસાય વગેરેનો ભેદ હોતો નથી.**

**વિવરણ :-** અધ્યાત્મરામાયણમાં શ્રીરામ કહે છે :— ''જાતિ, કુળ, ખ્યાતિ અને પદ વગેરે મારી ભક્તિ માટે યોગ્યતા આપતાં નથી, પરંતુ ભક્તિ જ તે અધિકાર આપે છે.''

ભક્તોમાં બાહ્ય દૃષ્ટિએ વિવિધતા ભલે દેખાતી હોય પરંતુ હૃદયની પવિત્રતા અને અનન્ય ભક્તિમાં તેઓ બધા સરખા જ હોય છે.

કોઈ પણ ભક્ત અથવા સંતની યોગ્યતા તેના કુળ, વંશ અથવા વિદ્યા ઉપાર્જન પરથી આંકવી ન જોઈએ. કબીર એક વણકર હતા. રૈદાસ મહેતર હતા. નંદ હરિજન હતા. સદન કસાઈ હતા. આમ છતાં આ બધા મહાન ભક્તો હતા.

વિશ્વામિત્ર, વ્યાસ, જાબાલ, મહિદાસ, તુકારામ વગેરે બ્રાહ્મણ ન હતા, છતાં તેમનામાં આધ્યાત્મિક પ્રકાશ હતો.

ભક્તિમાં જાત, સંસ્કૃતિ, આકૃતિ, કુળ, વૈભવ અને વ્યવસાય વગેરેની કાંઈ કિંમત હોતી નથી. જેણે પોતાની જાત ઈશ્વરને પૂર્ણતઃ અર્પણ કરી દીધી છે અને જે સતત ઈશ્વર સ્મરણ કરે છે તેને ઈશ્વરદર્શન થાય છે. પછી ભલે તે બ્રાહ્મણ હોય કે ન હોય, મજૂર હોય કે અમીર હોય, ભણેલ હોય કે અભણ હોય, તેનું કુળ ઊંચું હોય કે નીચું હોય, એ સુડોળ હોય કે બેડોળ હોય, ધનવાન હોય કે ગીરીબ હોય.

નિષાદ હલકા કુળમાં જન્મ્યો હતો. શબરી ભીલ જાતિની હતી. ધ્રુવ એક અભણ છોકરો હતો. વિદુરજી અને સુદામાજી ખૂબ જ ગરીબ હતા, વિભીષણ બેડોળ રાક્ષસ હતો, હનુમાન વાંદરા હતા, જટાયુ પક્ષી અને ગજેન્દ્ર હાથી હતા.

વૃંદાવનની ગોપીઓએ વૈદિક જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હતું. આમ છતાં આ બધાં ઈશ્વરદર્શન પામ્યાં. કારણ કે તેમનામાં ભક્તિ હતી અને આત્મસમર્પણ હતું.

આનો અર્થ એવો નથી કે વર્ણાશ્રમની નિંદા કરવી, ભકિત અને વર્ણાશ્રમના નિયમો એ બે જુદી વસ્તુઓ છે. એને ભેગાં મેળવી દેવા જોઈએ નહિ. જેઓ ભક્તિના નામે વર્ણાશ્રમનો ભેદ કાઢી નાખે છે તેઓ ભક્તિને દોષિત કરે છે. ભક્ત કદાપિ શાસ્ત્રોની આજ્ઞાને અવગણતો નથી; તેમજ કોઈ ભક્ત હલકા કુળમાં જન્મ્યો હોય તો તેને ધિક્કારવો જોઈએ નહિ. તેની તુલના માત્ર ભક્તિ પરથી જ થવી જોઈએ. જાતિભેદના બહાના નીચે ભક્તોમાં ભેદભાવ કરવો એ વૈષ્ણવશાસ્ત્ર અનુસાર ગુનો છે.

સંતો તો ગુણાતીત હોય છે. તેઓ તો દિવ્ય પ્રકાશથી ઝળહળે છે. તે કોઈ જાતિના રહેતા નથી, એ તો હવે સમસ્ત વિશ્વના બની જાય છે. આથી જ સંતો વચ્ચે આવો કોઈ ભેદ રહેતો નથી. એમણે તો ઈશ્વર - સાક્ષાત્કારથી પરા વિદ્યા પ્રાપ્ત કરી લીધી છે.

આકૃતિ પર પણ કંઈ આધાર રહેતો નથી. ભક્ત તો ગમે તે કુળમાં જન્મ લે છે. મુસલમાનમાં પણ સંત હોય છે. સંત કબીર આનું દૃષ્ટાંત છે. ભગવાનને આત્મસમર્પણ કરવા માટે નાત, કુળ, જાતિ કે ગોત્ર વગેરે કોઈ યોગ્યતા પ્રદાન કરતાં નથી.

જેનામાં ભક્તિ વિકાસ પામી છે તે બ્રાહ્મણ કહેવાય. જેને ઈશ્વરમાં શ્રદ્ધા નથી તે શુદ્ર છે. બ્રાહ્મણ વિષયી જીવન જીવતો હોય તેના કરતાં તો શુદ્ર ભક્ત હોય અને જે દિવ્ય જીવન વિતાવતો હોય તે ઉત્તમ છે.

ભક્તો વચ્ચે આવી જાુદાઈ તો તુચ્છ હલકી મનોદશાળાવાળા મનુષ્યો જ માને છે. અવિદ્યાને લઈને મન આવી જાુદાઈ ઊભી કરે છે. આત્મદર્શન થાય ત્યારે આ બધું તો બરફની માફક ઓગળી જાય છે. આવી સમાનતા લાવવા માટે પ્રેમ એક મોટું સાધન છે. પ્રેમ સમદૃષ્ટિ કેળવે છે. ઉચ્ચ કક્ષાનો ભક્ત અતિવર્ણાશ્રમી બને છે. સમાજ અને મનુષ્યોએ બનાવેલાં બંધનો એને અડકતાં નથી; તે તો મુક્ત બની જાય છે. તેનો દૃષ્ટિકોણ ઈશ્વરમાં સ્થિત હોય છે અને તે તેના આધાર પર કાર્ય કરે છે. તેની ઈચ્છા અને ઈશ્વરેચ્છા એક બને છે. તેનો અવાજ તે પ્રભુનો જ અવાજ છે. તેનાં શબ્દો અફર હોય છે. ઈશ્વર તેના દ્વારા બોલે છે અને કાર્ય કરે છે. તેમનું વર્તન રહસ્યમય અને ન સમજી શકાય તેવું હોય છે. તેઓ તો ગમે તેના હાથનું ભોજન લે છે. તેઓ તો હજામ અને

મોચીની સાથે પણ રહે છે. શ્રી નરસિંહ મહેતા હરિજનને ત્યાં કીર્તન કરવા જતા હતા. રૂઢિચુસ્ત બ્રાહ્મણોએ તેમને જ્ઞાતિ બહાર મૂકયા, એટલું જ નહિ પરંતુ, મહેતાજી પ્રત્યે તિરસ્કાર દૃષ્ટિથી જોતા હતા. અંતે તેઓ નરસિંહ મહેતાની મહાનતા પારખી શકયા અને પછી તેમની પ્રશંસા કરવા લાગ્યા.

## સૂત્ર - ૭૩.

## यतस्तदीयाः ।

(**યત** :- કારણ કે **તદીયા** :- તેના જ)

**અર્થ :- કારણ કે (સર્વ ભક્તો) તેના (ઈશ્વરના) જ છે.**

**વિવરણ** :- બધા ભક્તો ભગવાનના પોતાના જ છે. તેમના પ્રત્યે પ્રભુની મીઠી નજર હોય છે. એટલું જ નહિ પરંતુ, તેમની ભક્તિ અને પવિત્ર જીવનને લઈને પ્રભુ એમને ચાહે છે. આ બે વસ્તુઓ - ભક્તિ અને પવિત્ર જીવન સિવાય બીજી બધી વસ્તુઓ જેવી કે - ધન, રૂપ, કુળ, વગેરેની કાંઈ જ કિંમત નથી.

ભક્તિ દ્વારા ભક્ત ભગવાનનું જ રૂપ બની જાય છે, તેથી તેઓ અંદર અંદરનો ભેદ ભૂલી જાય છે. ભક્તો એક બીજાને સમાન માને છે. ભગવાનની દૃષ્ટિએ તો બધા જ ભક્તો સરખા છે. કારણ કે બાહ્ય શારીરિક અને સામાજિક જુદાઈ હોવા છતાં તેમનામાં ભક્તિ તો એકસરખી જ હોય છે. ભક્તને મન પ્રાણી માત્ર ઈશ્વરનાં જ બાળકો છે અથવા તો ભગવાન પોતે જ છે. તેથી તે બધા પ્રત્યે સમદૃષ્ટિ રાખે છે.

આખું વિશ્વ ઈશ્વરનું સ્વરૂપ છે. આ બધી તો તેની જ લીલા છે. **'लोकवत्तु लीला केवलम्'** આ દુનિયારૂપી નાટકમાં આચાર્ય, ચોર, વેશ્યા, રાજા, ભિખારી, સંત, ડાકુ અને જ્ઞાની વગેરેનાં પાત્રો ભગવાન પોતે જ ભજવે છે. જે આ બરાબર સમજે છે તે માનસિક શાંતિ અનુભવે છે. તેનામાં અહંકાર, ઘૃણા, દ્વેષ, અસહિષ્ણુતા, વગેરે હોઈ શકે નહિ. આવો ભાવ સ્થિર થવો જોઈએ. શરૂઆતમાં આવો ભાવ આવે છે અને જાય છે. દરેકને નારાયણ સ્વરૂપ સમજો અને સર્વને નારાયણ કહી સંબોધો; અને તે ભાવે તેનું સન્માન કરો. આથી તમારી પ્રકૃતિમાં પરિવર્તન થશે. આ માટે સમય જરૂર લાગશે. એટલું જ નહિ પરંતુ, તમારે ખૂબ પુરુપાર્થ પણ કરવો પડશે.

● □ ●

# ૧૮. ભક્તોને સૂચનો

**સૂત્ર - ૭૪.**

**वादो नावलम्ब्यः ।**

(**વાદ** :- વાદવિવાદ, ચર્ચા, **ન** - નહિ, **આવલમ્બ્ય** :- કરવા જોઈએ.)

**અર્થ :- (ભક્તોએ) વાદવિવાદ નહિ કરવો જોઈએ.**

**વિવરણ** :- ભક્તોએ વાદવિવાદ કદાપિ પણ નહિ કરવો જોઈએ. જેઓ ભક્તિમાર્ગે જવા ઈચ્છતા હોય તેઓને ઈશ્વરના અસ્તિત્વ વિષે ચર્ચામાં ભાગ લેવો જોઈએ નહિ.

બ્રહ્મસૂત્રમાં કહ્યું છે :—

'तर्काप्रतिष्ठानात्' । (૨ - ૧ - ૧૧)

'તર્કને કોઈ પ્રતિષ્ઠા હોતી નથી.' કઠોપનિષદમાં પણ એવું જ કહ્યું છે :—

'नैषा तर्केण मतिरापनेया' (૧-૨-૯)

'બુદ્ધિ અથવા તર્કથી એ તત્ત્વની પ્રાપ્તિ થતી નથી.'

ઈશ્વરના અસ્તિત્વ, આધ્યાત્મિક સત્યો અને ભક્તોના ગુણદોષ બાબતની ચર્ચામાં કદી ભાગ ન લેવો જોઈએ. આવી ચર્ચા તો બુદ્ધિવિલાસ જ કહી શકાય. આવા વાદવિવાદથી સાચા આત્મનિરીક્ષણની શક્તિ નાશ પામે છે અને બુદ્ધિ-વિલાસ તેનું સ્થાન લે છે. તેમાં તો પ્રતિપક્ષીને તર્કથી હરાવવામાં જ આનંદ મનાય છે. ભક્તે તો સત્યને સત્ય જ માનવું. તેના પર તર્ક કરવાથી શ્રદ્ધા ઓછી થાય છે.

ભક્તની ફરજ છે —પ્રભુની ભક્તિ અને સાક્ષાત્કાર. પ્રેમભક્તિ તર્કથી પર છે. વાદ-વિવાદ તો ભક્તિ માર્ગ માટે એક મોટો અવરોધ છે. સતત ઈશ્વર સ્મરણ કરવું એ ભક્તની ફરજ છે. આ જગત ક્યારે અને કેવી રીતે બનાવ્યું? શા માટે બનાવ્યું? વગેરે જાણવાની ભક્તને માટે કોઈ આવશ્યકતા

હોતી નથી. જ્યારે સમય પરિપકવ થશે ત્યારે ભગવાન પોતે જ ભક્તોને આ બધું બતાવશે.

વાદ-વિવાદથી કદી સત્ય પામી શકાય નહિ. કારણ કે તેનો પાયો સ્થિર હોતો નથી. આવી ચર્ચા તો મનને ઉત્તેજિત કરે છે અને ઉત્તેજિત મન સત્ય સમજી શકે નહિ.

વ્યર્થ વાદવિવાદ, ગરમાગરમ ચર્ચા અને ઝઘડા તો વેરવૃત્તિમાં પરિણમે છે. જ્યારે દલીલ વ્યર્થ જાય છે, ત્યારે પરિણામ ઝઘડામાં આવે છે. આમ, શક્તિનો અનહદ વ્યય થાય છે. એ તો માત્ર શબ્દવિલાસ અથવા તો બુદ્ધિવિલાસ માત્ર છે. આમાંથી કાંઈ જ પ્રાપ્તિ થતી નથી. દરેક વ્યક્તિ વાદવિવાદમાં પોતાની તર્કશક્તિ પ્રદર્શિત કરવા પ્રયાસ કરે છે. આવા પંડિતને તો સ્વપ્નમાં પણ ઈશ્વર-દર્શન શકય નથી. એ તો ભગવાનથી દૂર ને દૂર જતો જાય છે. જેઓ હૃદયથી એક હોય અને જેઓ અહંકાર રહિત હોય તેવા માણસો આપસમાં પોતાની શંકાનું નિવારણ અને વિચારોની આપલે માટે આધ્યાત્મિક વાર્તાલાપ કરી શકે છે. આવો વાર્તાલાપ ઉપયોગી નીવડે છે.

## સૂત્ર - ૭૫.

### बाहुल्यावकाशत्वात् अनियतत्वात् च ।

(**બાહુલ્યાવકાશત્વાત્**-વિવિધ વિચાર, **અનિયતત્વાચ્ચ**-અને અનિયતપણું)

**અર્થ :- (કારણ કે) વાદવિવાદમાં વિવિધ વિચારો અને તે અનિયત છે.**

**વિવરણ :-** ઈશ્વર વિપેની વ્યર્થ ચર્ચાને પ્રોત્સાહન આપવું જોઈએ નહિ. કારણ કે એ તો અચોક્કસ સમય સુધી ચાલશે અને સત્યની કાંઈ પ્રતીતિ થતી નથી. જેટલી બુદ્ધિશાળી વ્યક્તિઓ તેટલા મત થાય છે.

માત્ર તર્કથી ઈશ્વરસાક્ષાત્કાર કદી પ્રાપ્ત થશે નહિ. બુદ્ધિ તો ક્ષીણ અને સીમિત હોય છે. તેથી તે અનંતતાને સમજી શકે નહિ. માનવ જાતના ગંભીર પ્રશ્નો તર્કથી પતી શકતા નથી. તર્ક તો ગૂંચવણભર્યાં પરિણામ લાવે છે. માટે તર્ક પર કદી વિશ્વાસ કરશો નહિ. પરંતુ સહજ બોધશક્તિ પર ભરોસો રાખજો કારણ કે સત્ય અને અફર હોય છે.

ચર્ચામાં અતિરેકતાની શકયતા રહે છે, એનું પરિણામ કદી પણ સત્ય આવી શકે નહિ. ઈશ્વરદર્શન તો ચર્ચાથી નહિ પણ ભક્તિથી પ્રાપ્ત થાય છે.

પ્રતિપક્ષી જો ચર્ચામાં જીતી જાય તો ક્રોધ પેદા થાય છે. આવી ચર્ચાઓમાં વેરવૃત્તિ અટકાવી શકાતી નથી. અહંકાર આ બધી ચર્ચાનું મૂળ છે. જ્યાં સુધી અહંકાર હોય ત્યાં સુધી સત્યની પ્રતીતિ થાય જ કેવી રીતે?

બે વિરોધાભાસી મતવાળા પોતપોતાની તરફેણમાં વિશ્વાસ પેદા કરવા દલીલો આપી શકે છે. આથી એમ ન કહી શકાય કે તર્ક આમ કહે છે માટે તે મંતવ્ય સત્ય છે. એક માણસ એક મત પુરવાર કરી જાય છે અને બીજો બુદ્ધિશાળી માણસ આવીને તે દલીલને તોડી પાડે છે.

વ્યર્થ વાદવિવાદનું કાંઈ જ પરિણામ આવતું નથી. ત્યાં તો શબ્દોના પ્રયોગો અને તેના વ્યાકરણના ઝઘડા હોય છે. વ્યાકરણ અથવા તો તર્કશાસ્ત્રમાં ભગવાન કદાપિ વસતો નથી. એ તો હૃદયગુહામાં વસે છે અને તે પવિત્રતા અને ધ્યાનથી જ મળી શકે છે, પરંતુ ચર્ચાથી નહિ. આથી યમરાજ નચિકેતાને કહે છે.

नायमात्मा प्रवचनेन लभ्यो
न मेघया न बहुना श्रुतेन ॥

આ માટે વ્યર્થ વાદવિવાદનો ત્યાગ કરો, વિનમ્ર બનો. સાધના કરો. આવી નિરર્થક ચર્ચામાં સમય અને શક્તિનો વ્યય કરશો નહિ.

## સૂત્ર - ૭૬.

## भक्तिशास्त्राणि मननीयानि तद् उदबोधककर्माणि करणीयानि ।

(**ભક્તિશાસ્ત્રાણિ** - ભક્તિશાસ્ત્રો, **મનનીયાનિ** - મનન કરવું, **તદ્** - તે, **ઉદ્‌બોધકકર્માણિ** - ભક્તિ વૃદ્ધિ પામે તેવાં કર્મો, **કરણીયાનિ** - કરવાં.)

**અર્થ :- ભક્તિશાસ્ત્રોનું મનન કરવું જોઈએ અને એવાં કાર્યો કરવાં જોઈએ કે જેથી ભક્તિની વૃદ્ધિ થાય.**

**વિવરણ :-** આ સૂત્ર તો અગાઉનાં સૂત્રો ૧૨, ૧૪, ૪૯ અને ૬૨ નું પૂરક છે, એ તો સ્પષ્ટ છે કે નારદજીના મત અનુસાર સાધકે આત્મસાક્ષાત્કાર પામ્યા પહેલાં અને પછી પણ પોતાની સાધના છોડવી જોઈએ નહિ.

ભક્તે તો ભક્તિનાં આદર્શ, ભગવાનની લીલા, ભગવાનનો મહિમા, સંતકથાઓ અને ભક્તિસાધના વગેરે પર પ્રકાશ પડે તેવા ગ્રંથોનું અધ્યયન કરવું જોઈએ. આવા ભક્તિસાહિત્યના અધ્યયનથી ભક્તિનો વિકાસ થાય છે. રામાયણ,

શ્રીમદ્ ભાગવત, ગીતા, વિષ્ણુ પુરાણ, અધ્યાત્મ રામાયણ, શિવપુરાણ, દેવી ભાગવત, રામચરિતમાનસ, શાંડિલ્યસૂત્ર, ભક્તિયોગ સાધના, વગેરે આધારભૂત ગ્રંથોનું અધ્યયન કરવું જોઈએ.

જે કાર્યો ભક્તિને વેગ આપે તેવાં કાર્યો કરવાં જોઈએ. પૂજાનો ખંડ સ્વચ્છ અને સુઘડ રાખો. તેને શણગારો, ધૂપદીપ કરો. આસન ચોખ્ખુ રાખો. સ્નાન કરી સ્વચ્છ વસ્ત્રો પહેરો. લલાટે વિભૂતિ, ભસ્મ અથવા કુમકુમ લગાવો. રુદ્રાક્ષ અથવા તો તુલસીની માળા પહેરો. આ બધાંની અસર મન પર થશે અને તે ઉચ્ચ સ્તરે પહોંચી શકશે. આથી યોગ્ય ભાવ પેદા થશે અને મન એકાગ્ર થશે.

સદાચાર, સત્સંગ, જપ, સ્મરણ, કીર્તન, પ્રાર્થના, પૂજા, સંતસેવા, પવિત્ર ધામમાં વાસ, દ્રરિદ્રનારાયણની ભાવ સહિત સેવા, વર્ણાશ્રમની ફરજો અને કાર્યો તથા તેનાં ફળ ઈશ્વરને સમર્પણ કરવાં, ઈશ્વરની સર્વવ્યાપકતા અનુભવવી, દરેકને નારાયણસ્વરૂપ માની નમસ્કાર કરવા, સંત મહાત્માઓને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા, ભૌતિક વૈભવ અને આનંદનો ત્યાગ, દાન, તપ, પ્રતિજ્ઞા, અહિંસા, સત્ય, અને બ્રહ્મચર્ય વગેરે ભક્તિના વિકાસમાં સહાય કરે છે.

તમારે મનને વધારે છૂટછાટ ન આપવી જોઈએ. ભક્તિશાસ્ત્રના નિયમોનું કડક રીતે પાલન કરવું જોઈએ. આ જ વિકાસની સાચી રીત છે. તમારે તમારો દૈનિક કાર્યક્રમ નિયત કરવો જોઈએ, અને તેને વળગી રહેવું જોઈએ. તમે જો મનને છૂટ આપશો તો તમારામાં પ્રમાદ આવી જશે અને તમે બધું ગુમાવશો. તમે કોઈ કાર્ય કાલ પર રાખશો નહિ. એ કાલ કદી આવશે નહિ. તમે મોટી ઉમરના હો તોપણ તમે એમ માની લો કે તમે શાળાના વિદ્યાર્થી છો. તમારા કાર્યક્રમને અનુસરો. નિત્ય કાર્યક્રમ અને દૈનિક રોજનીશીના ફાયદા ન વર્ણવી શકાય તેટલા છે. એ તો આધ્યાત્મિક સફળતાની સર્વોતમ ચાવી છે.

## સૂત્ર - ૭૭.

**सुखदुःखेच्छालाभादित्यक्ते काले प्रतीक्ष्यमाणे क्षणार्धमपि व्यर्थं न नेयम्।**

(**સુખદુઃખેચ્છાલાભાદિત્યકતે** - સુખ દુઃખ, ઈચ્છા, લાભ વગેરેથી મુક્ત **કાલે** - કાળ **પ્રતીક્ષ્યમાણે** - રાહ જોતાં **ક્ષણાર્ધમપિ** - એક ક્ષણ પણ **વ્યર્થ** - **ન નેયમ્** - ન વિતાવવી જોઈએ.)

**અર્થ :- સુખ, દુઃખ, ઈચ્છા, લાભ વગેરેનો પૂર્ણ ત્યાગ થઈ જાય એવા સમયની રાહ જોવામાં અર્ધી ક્ષણેય વ્યર્થ ન વિતાવવી જોઈએ.**

**વિવરણ :-** જ્યારે સાધકે સુખ-દુઃખ, ઈચ્છા અને લાભ વગેરેનો ત્યાગ કર્યો છે અને તે ઊંચી માનસિક ભૂમિકા પર છે, ત્યારે તેણે એક ક્ષણ પણ નકામી ન જવા દેવી જોઈએ. બધો સમય ઈશ્વરધ્યાનમાં જ વાપરવો જોઈએ.

સુખ સત્ત્વ છે. દુઃખ તમસ છે. ઈચ્છા રાજસ છે. સાધક જ્યારે આ ત્રણેનો ત્યાગ કરે છે, ત્યારે એનો અર્થ એ કે તેણે આ ત્રણ ગુણો તજ્યા છે, અને તે પોતે ઈચ્છે છે તે-રૂપે ભગવાનનાં દર્શનની રાહ જોઈ રહ્યો છે. તેવે સમયે તેણે અરધી ક્ષણ પણ નકામી ન જવા દેવી જોઈએ. તેણે ખૂબ સાવધાન રહેવું જોઈએ. કદાચ અરધી ક્ષણ માટે પણ તેનું મન બહાર ભટકવા જશે તે ક્ષણે ભગવાન આવીને તેના બેધ્યાનથી પાછા જતા પણ રહે. તમારી ક્ષણ માત્રની બેદરકારીનો માયા ઉપયોગ કરી લેશે. માટે તમારે સતત સાવધાન રહેવું જોઈએ.

જો સાધક સતત જાગૃત અને સાવધાન ન રહે તો રજસ અને તમસ તેને અવશ્ય નીચે પાડશે. માયા આવી ક્ષણની જ રાહ જોઈ રહી હોય છે. આથી તો જેવી રીતે પિત્તળનું વાસણ માંજવામાં ન આવે તો કાળું પડી જાય છે, તેવી જ સ્થિતિ મનની પણ થશે.

બાળપણ તમે અંધારામાં ગુમાવો છો, યુવાનીમાં તમે કામ અને મોહમાં ફસાઓ છો, ઘડપણમાં તમે સંસારના ભાર તળે ચગદાઈ જાઓ છો. તમે સૂવામાં અને ગપ્પાં મારાવામાં ઘણો સમય બગાડો છો. થોડો સમય માંદગી અને દુઃખમાં જાય છે. હવે સત્કાર્યો અને ભગવત સ્મરણ કરવાનો સમય કયાં રહ્યો? જીવન અચોક્કસ છે. એક ક્ષણની પણ નોટિસ આપ્યા વિના મૃત્યુ તમને ઘસડી જશે. આથી જ્ઞાની પુરુષે પોતાનો સમય ભગવત સ્મરણ અને ધ્યાનમાં વ્યતીત કરવો જોઈએ. સમય ખૂબ કીમતી છે. તેનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ. કબીરજી કહે છે :—

**કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ।**
**પલમેં પરલૈ હોયગી, ફેરી કરૈગા કબ ॥**

## સૂત્ર - ૭૮.

**अहिंसा सत्य शौच दयास्तिकयादि चारित्र्याणि परिपालनीयानि।**

**(અહિંસા સત્ય શૌચ દયાસ્તિકયાદિ ચારિત્ર્યાણિ** - અહિંસા, સત્ય, શૌચ, દયા અને અસ્તિકતા વગેરે સદ્‌ગુણો **પાલનીયાનિ** - પાલન કરવું જોઈએ.

**અર્થ :- (સાધકે) અહિંસા, સત્ય, શૌચ, દયા અને આસ્તિકતા વગેરે સદ્‌ગુણોનું પાલન કરવું જોઈએ.**

**વિવરણ :-** જેવી રીતે બગીચાના કુમળા છોડનું જીવજંતુઓથી રક્ષણ કરવું જોઈએ અને તેને યોગ્ય ખાતર આપવું જોઈએ તે પ્રમાણે સાધકે સદ્‌ગુણોનું રક્ષણ કરવું જોઈએ અને તેને પોપણ આપવું જોઈએ. તેનું પોપણ કેમ કરવું તે અગાઉ સૂત્ર - ૩૭ માં વર્ણવવામાં આવ્યું છે - જેમ કે સતત ભજન, ભગવતગુણશ્રવણ, કીર્તન વગેરે.

અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપગ્રિહ યમ છે. શૌચ, સંતોષ સ્વાધ્યાય, તપ અને ઈશ્વરપ્રણિધાન એ નિયમ છે. આના શિક્ષણ સિવાય આધ્યાત્મિક ઉન્નતિ અશકય બને છે.

દયા તો પ્રેમનું બાહ્ય ઘનાત્મક સ્વરૂપ છે; જ્યારે અહિંસા પ્રેમનું નિપેધાત્મક રૂપ છે.

સત્યના અભ્યાસમાં સાધકે જે જોયું હોય, જે સાંભળ્યું હોય અને જે સમજ્યો હોય તે પ્રમાણે કહેવું જોઈએ. તેમાં જરા પણ અતિશયોક્તિ અથવા ગોલમાલ ન થવી જોઈએ. વાણી મધુર અને સત્ય હોવી જોઈએ. જે સત્ય બીજાને હાનિ પહોંચાડે તે વ્યાજબી ન કહેવાય.

'આદિ' નો પ્રયોગ કરી નારદજી બીજા સદ્‌ગુણો જેવા કે ધીરજ, શમ, દમ, તપ, સરળતા, વિનમ્રતા, શાંતિ, ક્રોધશમન, હૃદયની કોમળતા અને ઉદારતા વગેરેનો નિર્દેશ કરે છે.

આ સદ્‌ગુણો હૃદય શુદ્ધ કરી, અંતઃકરણને ભગવત દર્શન માટે તૈયાર કરે છે. કરુણા પાપાણહૃદયને પણ નરમ બનાવે છે, સત્ય તેને પવિત્ર કરે છે. ઈશ્વર એ જ સત્ય છે. એક સત્યના આચરણથી ઈશ્વરપ્રાપ્તિ થઈ શકે છે. સત્ય અવશ્ય વિજયી બને છે. જો સાધક મન, વચન અને કાર્યથી પૂર્ણતઃ અહિંસાનું પાલન કરે તો બીજા બધા સદ્‌ગુણો એની મેળે આવી જશે. સામાન્ય મનુપ્ય ન કરવાના કામો ક્રોધના આવેશમાં કરે છે. બ્રહ્મચર્ય સર્વોત્તમ ગુણ છે. બ્રહ્મચર્ય નહિ તો સાક્ષાત્કાર નહિ. ઈશ્વરમાં શ્રદ્ધા વિના સાધના શકય નથી અને સાધના વિના ઈશ્વરદર્શન તો થાય જ ક્યાંથી? સાધકને માટે શ્રદ્ધા તો પાયાનો સદ્‌ગુણ છે.

### સૂત્ર - ૭૯.

## सर्वदा सर्वभावेन निश्चिन्तैर्भगवानेय भजनीयः ।

(**સર્વદા** - સર્વદા **સર્વભાવેન** - સર્વ ભાવ સહિત **નિશ્ચિંતૈ** - નશ્ચિંત થઈને - **ભગવાનેવ** - ભગવાનનાં જ **ભજનીય** - ભજન કરવાં જોઈએ.)

**અર્થ :- સર્વદા સર્વભાવસહિત નિશ્ચિંત થઈને ભગવાનનાં જ ભજન કરવાં જોઈએ.**

**વિવરણ** :- પ્રહ્‌લાદની સર્વભાવપૂર્ણ પ્રાર્થના સાંભળી ભગવાન નૃસિંહ રૂપ ધરી સ્થંભમાંથી પ્રગટ થયા. પ્રહ્‌લાદે તો તેના પિતાને કહ્યું, 'મારો નારાયણ તમારા હૃદયમાં છે. તે મારા હૃદયમાં છે. તે ઘાસમાં છે અને તે આ સ્થંભમાં પણ છે. આ પ્રમાણે પ્રહ્‌લાદે ચાર જગ્યાનો નિર્દેશ કર્યો. પરંતુ ભગવાન તો સ્થંભમાંથી શા માટે પ્રગટ થયા? કારણ કે પ્રહ્‌લાદ સર્વભાવ સહિત તે સ્થંભ પર એકાગ્ર હતો. તે ઈચ્છતો હતો કે ભગવાન આ સ્તંભમાંથી જ પ્રગટ થાય. આ પ્રહ્‌લાદનો સત્ સંકલ્પ હતો.

● □ ●

# ૧૯. ભક્તિ સર્વોતમ સાધન

### સૂત્ર - ૮૧.

## त्रिसत्यस्य भक्तिरेव गरीयसी भक्तिरेव गरीयसी ।

**અર્થ :- ત્રણે સત્યોમાં ભક્તિ જ શ્રેષ્ઠ છે.**

(**ત્રિસત્યસ્ય** -ત્રણે સત્યોમાં **ભક્તિરેવ** - ભક્તિ જ **ગરીયસી** - શ્રેષ્ઠ છે.)

**વિવરણ** :- વર્તમાન, ભૂત, અને ભવિષ્ય ત્રણે કાળમાં ભક્તિ જ સર્વ શ્રેષ્ઠ છે. ત્રણે સાધનમાર્ગમાં પણ ભક્તિ માર્ગ સૌથી ઉત્તમ છે.

'ગરીયસી' શબ્દનો બે વાર પ્રયોગ કરીને નારદજી ભક્તિ પર ભાર મૂકે છે. ભક્તિ માર્ગ ઉચ્ચતમ માર્ગ છે. ભગવાનની ભકિત એટલે સત્યની ઉપાસના.

ત્રણ અમર સત્યો છે - જ્ઞાન, કર્મ અને ભક્તિ. ભગવાન પોતે પ્રેમ, દયા અને સત્ય છે.

ભક્ત પ્રેમમાં ભગવાનનાં દર્શન કરે છે. કર્મયોગી દયામાં ભગવાનનાં દર્શન કરે છે, અને જ્ઞાની તેને સત્ય રૂપે અનુભવે છે. નારદજી કહે છે કે આમાં પહેલું (ભક્તનું પ્રેમદર્શન) સૌથી ઉત્તમ છે.

મન, વચન અને કાયાથી આચરાતાં ત્રણે સત્યોમાં ભક્તિ સર્વોત્તમ છે.

ગીતામાં ભગવાન કહે છે :—

**मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।**
**श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥** (ગી. ૧૨-૨)

'મારામાં મનને એકાગ્ર કરી, નિરંતર મારા ભજનમાં રત શ્રદ્ધાયુક્ત ભક્ત જ મને ભજે છે તેને હું શ્રેષ્ઠ માનું છું.'

**योगिनामपि सर्वेषां मद्‌गतेनान्तरात्मना ।**
**श्रद्धावान्भजते यो मां स मे युक्तमो मतः ॥** (ગી. ૬-૪૭)

આવા સંપૂર્ણ યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાન યોગી અને નિરંતર ભજે છે તે યોગીને હું પરમ શ્રેષ્ઠ માનું છું.

પરાભક્તિ અને જ્ઞાન એક જ છે. મુખ્ય ભક્તિ કરતાં પરાભક્તિ શ્રેષ્ઠ છે. પરા ભક્તિમાં ભગવાન અને ભક્ત એક થઈ જાય છે. હવે આવા ભક્તનો ઈષ્ટ કોઈ સગુણ રૂપ નથી. પણ વિરાટ સ્વરૂપ છે. આવી સ્થિતિમાં ભકત ત્રણ ગુણોથી પર, ત્રણે સ્થિતિ જાગ્રત, સ્વપ્ન અને સુષ્પ્તિથી પણ પર હોય છે. તે તો સંપૂર્ણ રીતે ઈશ્વર સાથે લીન થઈ ગયો હોય છે.

## સૂત્ર - ૮૨.

**गुणमाहात्म्यासक्तिरूपासक्ति पूजासक्ति स्मरणासक्ति दास्त्यासक्ति सख्यासक्ति वात्सल्यासक्ति कान्तासक्ति आत्मनिवेदनासक्ति तन्मयासक्ति परमविरहासक्ति रूपा एकधाप्येकादशधा भवति ।**

**અર્થ :- આ પ્રેમરૂપ ભક્તિ હોવા છતાં નીચે પ્રમાણે અગિયાર પ્રકારની હોય છે :— (૧) ગુણમાહાત્મ્યાસક્તિ (૨) રૂપસક્તિ (૩) પૂજાસક્તિ (૪)**

**સ્મરણાસક્તિ (૫) દાસ્યાસક્તિ (૬) સખ્યાસક્તિ (૭) કાન્તાસક્તિ (૮) વાત્સલ્યસક્તિ (૯) આત્મનિવેદનાસક્તિ (૧૦) તન્મયતાસક્તિ અને (૧૧) પરમ-વિરહાસક્તિ.**

**વિવરણ :-** જેવી રીતે નોકર પોતાના શેઠની સેવા કરે છે તેવી રીતે ભક્ત તેના પ્રારંભ કાળ દરમ્યાન ભગવાનની સેવા કરે છે. ધીમે ધીમે તેની અને ભગવાનની વચ્ચે અંતર ઓછું થાય છે અને તે મિત્રભાવે રહે છે. સમય જતાં તે હજુ વધારે નજીક આવે છે અને તે પિતાપુત્રની માફક રહે છે. હવે તો થોડી જુદાઈ હોય તે પણ જતી રહે છે અને બન્ને એક જ બની જાય છે; અને પતિ-પત્ની તરીકે રહે છે. આત્મનિવેદનમાં તો પૂર્ણતઃ આત્માર્પણ થઈ જાય છે અને હવે તો ભકત સર્વત્ર ઈશ્વર જુએ છે.

તમે જ્યારે તેના વિના ન રહી શકો ત્યારે તમારે સમજવું કે તમે ભગવાન પ્રત્યે પ્રેમ રાખો છો. ભક્તનું ધ્યેય જ એ હોય છે, કે પોતાનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે ઈશ્વરમય બનાવી દેવું.

ઉપર બતાવેલા નામોવાળા બધા ઉત્તમ કોટિના ભક્તો હતા. એક જ ભક્ત જુદા જુદા ભાવ અનુસાર જુદા જુદા પ્રકારની ભક્તિ કરે છે.

વિરહ એ તો પ્રેમભક્તિનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ છે. એ તો બધા ભકતોમાં હોય છે જ કારણ કે તેમની ભક્તિ ખૂબ જ તીવ્ર હોય છે અને તેઓ વિરહ સહી શકતા નથી. આ ભકિતની ઉત્તમ કસોટી છે. (સૂત્ર - ૨૯).

જો સાધક બધા પ્રકારના ભાવ ન કેળવી શકે તો એક અથવા બે પ્રકારના ભાવ પસંદ કરી, તેણે તે કેળવવા પ્રયત્ન કરવો જોઈએ. પ્રેમ તો બધા ભાવમાં હોય છે. એક ભાવ ઊંચો અને બીજો નીચો એવું હોતું નથી. ગોપીઓમાં તો બધા (અગિયાર) પ્રકારના ભાવ હતા.

ભક્ત દાસ્યભાવથી શરૂઆત કરે છે. જેમકે, હનુમાન. આ તો ભક્તિરૂપી સીડીનું પહેલું પગથિયું છે. આ પછી સખાભાવ કેળવાય છે. જેમ કે અર્જુન. હવે ભક્તને ભગવાનનો ભય જતો રહે છે. આ પછી પુત્ર ભાવ સ્થિર થાય છે. ભક્ત શ્રીકૃષ્ણને પોતાનો પુત્ર માને છે. હવે ઉચ્ચતમ ભાવ માધુર્ય ભાવ સ્ફૂરે છે, તેમાં પ્રિય અને પ્રિયતમ એક બની જાય છે. આ છે ભક્તિસીડીનું ઉપરનું પગથિયું.

શ્રી વલ્લભાચાર્ય અને તેમના અનુયાયીઓ પુત્રભાવને માને છે.

માધુર્યભાવમાં જો ભક્ત સાવધાન ન રહે તો નીચે પડવાની શક્યતા રહે છે. તે મોહરૂપી નદીમાં તણાઈ જાય છે. તે તો ઉત્તેજનાને ભક્તિ માની લે છે. માનસિક ઉત્તેજના એ ભક્તિ નથી. આ ભાવ કેળવનારે ઉત્તમ પ્રકારની શારીરિક અને માનસિક પવિત્રતા કેળવવી જોઈએ. આ ભાવ તો માનસિક ભાવ છે. સ્ત્રીનાં કપડાં પહેરવાં અને તે પ્રમાણે વર્તવું, એને તો ઢોંગ કહેવાય. આ ભાવ કેળવવા માટે આવા વર્તનની આવશ્યકતા હોતી નથી.

## સૂત્ર - ૮૩.

**इत्येव वदन्ति जनजल्पनिर्भया: एकमता: कुमारव्यासशुकशाण्डिल्यगर्ग-विष्णुकौंडिन्यशेषोद्धवारुणिबलिहनुमद् विभीषणादयो भकत्याचार्या: ॥**

**અર્થ :- લોકોની નિંદા સ્તુતિનો ભય સેવ્યા વિના ભક્તિતત્ત્વના આચાર્યગણ જેવા કે - સનતકુમાર, વેદવ્યાસ, શુકદેવજી, શાણ્ડિલ્ય, ગર્ગ, વિષ્ણુ, કૌંડિન્ય, શેષ, ઉદ્ધવ, આરૂણિ, બલિ, હનુમાન, વિભીષણ વગેરે એકમતથી કહે છે કે (ભક્તિ જ સર્વશ્રેષ્ઠ છે).**

**વિવરણ:-** ઉપર જણાવેલ ભક્તો નારદજીના જેવા જ વિચારો ધરાવે છે. તેઓ લોકોની સ્તુતિ-નિંદાની પરવા કરતા નથી. કારણ કે તેઓને આંતરિક અનુભવ થઈ ચૂક્યો છે.

સનતકુમાર તો નારદજીના ગુરુ હતા. તેઓ 'હરિ શરણ' નો સતત જપ કરતા હતા. એ ભક્ત શિરોમણિ છે. તેને ભક્તિના આદ્યસ્થાપક કહી શકાય. શાંડિલ્ય મુનિએ પોતાનું ભક્તિસૂત્ર રચ્યું છે. તે ભક્તિના આચાર્ય છે.

ગર્ગ ઋષિને ૬૪ વિદ્યાનું જ્ઞાન હતું. તે શિવ-ભક્ત હતા. ભગવાન શ્રીકૃષ્ણની નામકરણ વિધિ તેમણે કરી હતી. તેઓ જાણતા હતા કે શ્રીકૃષ્ણ તો પરબ્રહ્મ પોતે જ છે. તેમના વિચારો ગર્ગ સંહિતામાં આપેલા છે.

ઉદ્ધવ શ્રીકૃષ્ણના મિત્ર હતા. બલિને આત્મસમર્પણનું રૂપ કહી શકાય. ભગવાન તેના દરવાન બન્યા હતા. હનુમાન તો મહાન્ ભક્ત હતા. હનુમાન તો મહાન ભક્ત હતા. એમનો દાસ્યભાવ હતો.

મહર્ષિ વિષ્ણુએ વિષ્ણુસ્મૃતિ રચી છે. તેઓ સતત ધ્યાનમાં રહેતા.

આ બતાવે છે કે, ભક્તિ તો ઈશ્વરપ્રાપ્તિનો વ્યવહારુ માર્ગ છે. ઉપરના બધા ભક્તો આ સાબિત કરે છે. આવા ઉન્નત ભક્તોના જીવન પરથી આપણને ઉત્તમ બોધપાઠ મળે છે.

## સૂત્ર - ૮૪.

**य इदं नारदप्रोक्तं शिवानुशासनं विश्वसिति श्रद्धते।**
**स भक्तिमान्भवति स प्रेष्ट लभते स प्रेष्ट लभते इति ॥**

**અર્થ :- જેને આ નારદજીએ કહેલ કલ્યાણકારી જ્ઞાનમાં વિશ્વાસ અને શ્રદ્ધા હોય છે તે પ્રેમરૂપ ભક્તિ મેળવે છે, અને તે પ્રિયતમને પામે છે.**

**વિવરણ :-** આ ફળશ્રુતિ છે. આનું ફળ છે પ્રભુ પ્રાપ્તિ. 'ઈતિ' આ નિબંધનો અંત સૂચવે છે. શ્રી નારદજી કહે છે કે ભગવાન શંકરે આપેલ અને પોતે એનું વિસ્તૃત વર્ણન કર્યું છે તે ભક્તિજ્ઞાન જેઓ સ્વીકારે છે અને અનુસરે છે તેને ઈશ્વર સાક્ષાત્કાર અવશ્ય પ્રાપ્ત થાય છે.

ઉપસંહારક ઉપક્રમને યોગ્ય છે. અહીં ૨-૩-૪-૫-૬ સૂત્રોની પુનરુક્તિ છે.

**પરમ કૃપાળુ પરમાત્માને પ્રણામ હો !**
**મહર્ષિ નારદજીને નમસ્કાર હો !**
**સર્વ સંતમહાત્માઓ, ભક્તોને વંદન હો !**
**ૐ તત્ સત્**
**ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ**

● □ ●

SHREE

Raj Saubhag